૨૦૩ વર્ષ

દૈનિક
# મુંબઈ સમાચાર

સૌરાષ્ટ્ર આવૃત્તિ

R.N.I. No. GUJ GUJ /2013/58486 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૩ ■ Volume 67 ■ Issue 230 ■ વિક્રમ સંવત ૨૦૮૦
■ ભાદ્રપદ વદ-૧૦ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 27 September 2024, Friday ■ REGD.No. MCS/058/2018-20

શુક્રવાર, ૨૭ સપ્ટેમ્બર ૨૦૨૪ (૧૨ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦ મેટિની પૂર્તિ ૭ ૮ ૯ LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## મહારાષ્ટ્ર-ગુજરાત સહિત સાત રાજ્યને વરસાદનું રેડ એલર્ટ

નવી દિલ્હી : ભારતીય હવામાન ખાતાએ આગાહી કરી છે કે ગોવા, મધ્ય મહારાષ્ટ્ર અને ગુજરાતના વિવિધ વિસ્તારોમાં ભારે વરસાદ પડશે. હવામાન ખાતાએ એવો પણ વરતારો આપ્યો છે કે સિક્કિમ અને હિમાલયના ઉપરના વિસ્તારમાં અને પશ્ચિમ બંગાળમાં વરસાદ પડશે. આગામી બે દિવસ સુધી પૂર્વ, પૂર્વોત્તર અને મધ્ય ભારતમાં વરસાદની હાજરી બરકરાર રહેશે.

આઈએમડીએ મધ્ય મહારાષ્ટ્ર, ગોવા, કોંકણ, ગુજરાત ક્ષેત્ર, ઉપ-હિમાલયી, પશ્ચિમ બંગાળ અને સિક્કિમ માટે રેડ એલર્ટ જાહેર કર્યું છે. ગોવા, મધ્ય મહારાષ્ટ્ર, કોંકણ અને પૂરા ગુજરાત ક્ષેત્રના અમુક વિસ્તારોમાં બહુ જોરદાર વરસાદ પડવાની આગાહી કરી છે. ૨૭ સપ્ટેમ્બરે કચ્છ અને સૌરાષ્ટ્રમાં ભારે વરસાદ પડવાની સંભાવના છે.

મોસમ વિભાગે જાણકારી આપી છે કે ૨૭ સપ્ટેમ્બરે પૂર્વ મધ્ય પ્રદેશ અને પશ્ચિમ મધ્ય પ્રદેશના અમુક વિસ્તારોમાં જોરદાર વરસાદ પડવાની સંભાવના છે.

હવામાન ખાતાએ ચેતવણી આપી છે કે ૨૭ સપ્ટેમ્બર સુધી ઉત્તરાખંડના અમુક વિસ્તારોમાં ધોધમાર વરસાદ પડી શકે. પૂર્વ ઉત્તર પ્રદેશમાં ૨૮ સપ્ટેમ્બર સુધી ભારે વરસાદ પડી શકે. પશ્ચિમી ઉત્તર પ્રદેશમાં ૨૭ સપ્ટેમ્બરે ભારે વરસાદ પડી શકે.

દક્ષિણ ભારતમાં ૨૯ અને ૩૦ સપ્ટેમ્બરે ખાસ કરીને માહે અને કેરળમાં થોડા વિસ્તારોમાં ભારે વરસાદ પડવાનું અનુમાન છે. એ જ પ્રમાણે કર્ણાટક અને તેલંગણામાં પણ જોરદાર વરસાદ પડી શકે.

બંગાળની ખાડીમાં અગ્નિ દિશામાં એક પ્રતિચક્રવાત સક્રિય પરિસંચરણ બની રહ્યું છે જે ચોમાસુ સમાપ્ત થવાનો સંકેત આપે છે. ■



**ઝલકઃ** ચમોલી જિલ્લામાં ગુરુવારે સવારે વરસી રહેલાં હળવાં વરસાદ વચ્ચે બદરીનાથ ધામ મંદિરની એક નયનરમ્ય ઝલક જોવા મળી હતી. (એજન્સી)

## ગુજરાતમાં નવરાત્રી પહેલા મેઘના મંડાણઃ ૧૮૧ તાલુકા પલળ્યાંઃ ઉમરપાડામાં સાડા ૬ ઈંચ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં શ્રાદ્ધ પક્ષ દરમિયાન જ છેલ્લા બે દિવસથી મેઘરાજાએ આખરી રાઉન્ડમાં મંડાણ કર્યું છે. રાજ્યમાં ગુરુવારે સવારે પૂરા થતા છેલ્લા ૨૪ કલાકમાં ૧૮૧ તાલુકામાં મેઘમહેર થઈ છે. ઉમરપાડામાં સાડા ૬ ઈંચથી વધુ વરસાદ નોંધાયો હતો જ્યારે ગુરુવારે સવારથી આખા દિવસ દરમિયાન ભાવનગર જિલ્લામાં ગઢડામાં પાંચ ઇંચ પાણી વરસ્યું હતું. આ ઉપરાંત ભાવનગર, કોડીનાર, જૂનાગઢ, સિહોર અને ઉમરાળામાં બે થી અઢી ઇંચ જેટલો વરસાદ નોંધાયો હતો.

ગુજરાતમાં ગુરુવારે દિવસ દરમિયાન નવસારી, વલસાડ, દાહોદ, આણંદ, ભરૂચ, અરવલ્લી, જૂનાગઢ, અમરેલી, અમદાવાદ, બોટાદ, ગીર સોમનાથ, પાટણ, સુરત સહિતના જિલ્લાઓના ૧૩૫ તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ નોંધાયો હતો જ્યારે રાજ્યમાં ગુરુવારે સવારે પુરા થતા છેલ્લા ૨૪ કલાકમાં ઉમરપાડામાં સાડા ૬ ઈંચથી વધુ, લીલીયા, સુરત શહેર, વડોદરા અને નવસારીમાં ૩ ઈંચથી વધુ, જેતપુર પાવી, છોટા ઉદેપુર, કડી, ક્વાંટ, પ્રાંતિજ, તિલકવાડા, બોડેલી, વાલિયા, ગણદેવી, માંડવી, વાગરા એને સિહોરમાં ૨ ઈંચથી વધુ વરસાદ નોંધાયો હતો.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર વલસાડમાં અતિથી અતિભારે વરસાદની શક્યતા છે. ભાવનગર, નવસારી, ડાંગમાં ભારેથી અતિભારે વરસાદ થઇ શકે છે. જ્યારે અમદાવાદ, અમરેલી, આણંદ, વડોદરા, ભરૂચ, છોટા ઉદેપુર, સુરત, તાપી, નર્મદામાં ભારે વરસાદની શક્યતા છે. કચ્છ, મોરબી, જામનગર, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, જૂનાગઢ, રાજકોટ, ગીર સોમનાથ, બોટાદ, સુરેન્દ્રનગર, ગાંધીનગર, મહેસાણા, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, ખેડા, પંચમહાલ, દાહોદ, છોટા ઉદેપુરમાં છૂટો છવાયો વરસાદ થઇ શકે છે. ■

## કૉંગ્રેસે ૧૦ વર્ષ પોતાનો સમય ઝઘડામાં વિતાવ્યોઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદી

ચંડીગઢઃ કૉંગ્રેસ તેનો મોટાભાગનો સમય ઝઘડામાં વિતાવે છે અને હરિયાણામાં દરેક બાળક તેનાથી વાકેફ છે, એમ જણાવતાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે ભારપૂર્વક કહ્યું હતું કે લોકોએ ભાજપને રાજ્યની સેવા કરવા માટે વધુ એક તક આપવાનું નક્કી કરી જ નાખ્યું છે.

નમો એપના માધ્યમથી હરિયાણામાં ભાજપના કાર્યકરો સાથે વાર્તાલાપ કરતાં તેમણે આગામી રાજ્યની ચૂંટણીઓ માટે બૂથ સ્તરે ફિલ્ડવર્કની ચર્ચા કરી અને તેમને ચૂંટણી જીતવા માટે પાર્ટી માટે વ્યૂહરચના ઘડવા પ્રોત્સાહિત કર્યા હતા.

કૉંગ્રેસ છેલ્લાં ૧૦ વર્ષોમાં વિપક્ષ તરીકે નિષ્ફળ ગઈ હોવાનો આક્ષેપ કરતા નરેન્દ્ર મોદીએ એવો દાવો કર્યો હતો કે, જૂની પાર્ટીનો મહત્તમ સમય અંદરોઅંદર ઝઘડામાં અને એકબીજા સાથે સ્પર્ધા કરવામાં જાય છે.

વડા પ્રધાને એમ પણ કહ્યું હતું કે હરિયાણામાં દરેક બાળક (કૉંગ્રેસ) પાર્ટીના આંતરિક ડખાઓથી વાકેફ છે.

કૉંગ્રેસ પર પ્રહાર કરતાં તેમણે કહ્યું હતું કે, ચૂંટણીમાં અમારી સામે લડનારાઓનો સંપૂર્ણ આધાર જુઠ્ઠાણાં પર છે. તેઓ વારંવાર જુઠ્ઠું બોલે છે, તેમની વાતોમાં ધડમાથું હોતું નથી અને તેઓ વાતાવરણને બગાડે છે.

તેમણે એમ પણ કહ્યું હતું કે, આ દિવસોમાં કૉંગ્રેસના લાઉડસ્પીકર જે પહેલા મોટા દાવાઓ કરતા હતા તે નબળા પડી ગયા છે. કેટલાક કહે છે કે કૉંગ્રેસ દરરોજ નબળી પડી રહી છે. છેલ્લાં ૧૦ વર્ષોમાં કૉંગ્રેસ વિપક્ષ તરીકે પણ નિષ્ફળ રહી છે. પાર્ટી ૧૦ વર્ષ સુધી લોકોના મુદ્દાઓથી દૂર રહી... આવા લોકો ક્યારેય હરિયાણાના લોકોનો વિશ્વાસ જીતી શકતા નથી, એમ તેમણે કહ્યું હતું.

મોદીએ કહ્યું હતું કે કૉંગ્રેસે હિમાચલ પ્રદેશમાં મોટાં વચનો આપ્યાં હતાં, પરંતુ રાજ્યમાં સત્તામાં આવ્યા બાદ વિકાસ અટકી ગયો હતો અને તેઓ પગાર ચૂકવવામાં અસમર્થ બની ગયા હતા. વડા પ્રધાને

(જુઓ પાનું ૨) ▸▸

લેબેનોનમાં યુદ્ધનો ભય

## ભારતીય નાગરિકોને દેશ છોડવાની એડવાઇઝરી

જેરૂસલેમઃ બૈરુતમાં ભારતીય દૂતાવાસે ભારતીયોને વધતી જતી હિંસાને પગલે લેબેનોનની મુસાફરી ટાળવા વિનંતી કરી છે અને ત્યાં હાજર લોકોને ખૂબ જ સાવચેતી દાખવવા અને વહેલામાં વહેલી તકે દેશ છોડી દેવાની 'ભારપૂર્વક સલાહ' આપી છે.

યુએન ઓફિસ ફોર ધ કોઓર્ડિનેશન ઓફ હ્યુમેનિટેરિયન અફેર્સે બુધવારે જણાવ્યું કે લગભગ એક વર્ષ પહેલા હિઝબુલ્લાહ દ્વારા ઉત્તર ઇઝરાયેલમાં રોકેટ છોડવાનું શરૂ થયા બાદથી લેબનોનમાં ૨૦૦,૦૦ લોકો વિસ્થાપિત થયા છે, ત્યારબાદ ઇઝરાયલે જવાબી કાર્યવાહી કરી હતી. લેબનોનના આરોગ્ય પ્રધાનના જણાવ્યા અનુસાર બુધવારે ઇઝરાયલના હુમલામાં ૫૧ લોકો માર્યા ગયા અને ૨૨૩ ઘાયલ થયા હતા.

બુધવારે એક્સ પર પોસ્ટ કરવામાં આવેલી એડવાઇઝરીમાં ભારતીય દૂતાવાસે કહ્યું છે કે પહેલી ઓગસ્ટ ૨૦૨૪ના જારી કરવામાં આવેલી એડવાઇઝરી અનુસાર અને ક્ષેત્રમાં હાલના ઘટનાક્રમો અને તંગદિલીને ધ્યાને રાખીને ભારતીય નાગરિકોને આગામી સૂચના સુધી લેબેનોનની યાત્રા ન કરવાનું ભારપૂર્વક કહેવામાં આવ્યું છે. તેમાં કહેવાયું છે કે લેબેનોનમાં પહેલાથી જ હાજર તમામ ભારતીય નાગરિકોને પણ લેબેનોન છોડવાની સખત સલાહ આપવામાં આવે છે. જે લોકો કોઇપણ કારણોસર લેબેનોનમાં છે તેમને અત્યંત સાવધાની રાખવાની, હિલચાલ મર્યાદિત રાખવાની અને બૈરુતમાં ભારતીય દૂતાવાસ સાથે ઇમેઇલ અથવા ઇમરજન્સી ફોન નંબર દ્વારા સંપર્કમાં રહેવાની સલાહ આપવામાં આવે છે. ■



**સંબોધનઃ** સિયાચીન બેઝ કૅમ્પની મુલાકાત દરમિયાન રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ સેનાના જવાનોને સંબોધન કર્યું હતું. (એજન્સી)

## 'હિંદુઓ પાછા જાઓ...' અમેરિકામાં હિંદુ મંદિરની દીવાલ પર નફરત ઓકતા સૂત્રો

વોશિંગ્ટનઃ અમેરિકાના કેલિફોર્નિયાના સેક્રામેન્ટોમાં આવેલા ઇઅઝ હિંદુ મંદિરને અસામાજિક તત્ત્વો દ્વારા નિશાન બનાવવામાં આવ્યું હતું. મંદિરની દીવાલ પર 'હિંદુઓ પાછા જાઓ'ના સૂત્રો લખવામાં આવ્યા હતા. છેલ્લા ૧૦ દિવસમાં હિંદુ મંદિરને નિશાન બનાવવાનો આ બીજો મામલો છે.

બીજી તરફ મંદિર પ્રશાસનનું કહેવું છે કે અમે હિંદુઓ પ્રત્યેની આ નફરત સામે એકજૂટ છીએ. ૧૦ દિવસ પહેલા જ ન્યૂયોર્કમાં પણ એક હિંદુ મંદિરને નિશાન બનાવવામાં આવ્યું હતું. આ ઘટનાને લઇને અમેરિકન હિંદુઓમાં રોષ છે. મંદિર પ્રશાસને કહ્યું કે તેઓ આ ઘટના અંગે કાયદા અમલીકરણ અધિકારીઓ સાથે મળીને કામ કરી રહ્યા છે.

અમેરિકામાં હિંદુ સમુદાય વિરુદ્ધ નફરત ઝડપથી વધી રહી છે. જેને લઇને હવે હિંદુ સમુદાયમાં રોષ પ્રવર્તી રહ્યો છે. કેલિફોર્નિયાના યુએસ હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવના સભ્ય અમરીશ બાબુલાલે આ ઘટનાને વખોડી કાઢી હતી. તેમણે કહ્યું કે સેક્રામેન્ટો કાઉન્ટીમાં ધાર્મિક કટ્ટરતા અને નફરત માટે જગ્યા નથી. બાબુલાલે તમામને નફરત વિરુદ્ધ ઊભા રહેવાની અપીલ કરી હતી.

કૉંગ્રેસના સભ્ય રો ખન્નાએ પણ ઘટનાને અસંસ્કારી અને ખોટી ગણાવી હતી. તેમણે ન્યાય વિભાગને હિંદુઓ વિરુદ્ધના આ નફરતના કેસોની તપાસ કરવાની માગ કરી હતી. ભારતીય-અમેરિકન ઉદ્યોગસાહસિક અજય જૈન ભુટોરિયાએ એફબીઆઇને તપાસ કરવાની અપીલ કરી હતી. તેમણે કહ્યું કે દોષિતો વિરુદ્ધ કાર્યવાહી જરૂરથી થવી જોઇએ. જૈને મંદિરોની સુરક્ષા વધારવાની પણ અપીલ કરી હતી. ■

## અમેરિકા અને ફ્રાન્સની યુદ્ધવિરામની અપીલને ઈઝરાયલે નકારી કાઢી

ન્યૂ યૉર્કઃ ઈઝરાયલ અને હિઝબુલ્લાહ વચ્ચેના યુદ્ધને રોકવા માટે અમેરિકા અને ફ્રાન્સે તાત્કાલિક અસરથી અમલી બને તે રીતે ૨૧ દિવસના યુદ્ધવિરામની અપીલ કરી હતી. જોકે ઈઝરાયલે અમેરિકા અને ફ્રાન્સના આ પ્રસ્તાવને નકારી કાઢ્યો હતો.

અમેરિકાના આ પ્રસ્તાવને ઑસ્ટ્રેલિયા, કેનેડા, સઉદી અરેબિયા, યુએઈ, કતાર સહિત યુરોપિયન યુનિયનના અનેક દેશોનો પણ ટેકો છે. હિઝબુલ્લાહને કચડી નાખવા માગતું ઈઝરાયલ સતત હુમલા કરી લૅબૅનૉનમાં વિનાશ વેરી રહ્યું છે.

હિઝબુલ્લાહને કચડી નાખવાની એક પણ તક ઈઝરાયલ જતી કરવા માગતું નથી અને આ કારણે જ ઈઝરાયલ લૅબૅનૉનમાં મોટા હુમલા કરવાની તૈયારી કરી રહ્યું છે.

છેલ્લાં ત્રણ દિવસમાં ઈઝરાયલે હિઝબુલ્લાહના ૨,૦૦૦ કરતા પણ વધુ સ્થાનોને નિશાન બનાવી તેને નષ્ટ કર્યા છે.

ઈઝરાયલ યુદ્ધવિરામની તરફેણમાં ન હોવાને કારણે આ વિનાશ અટકે એવી કોઈ શક્યતા જણાતી નથી. ઈઝરાયલના પ્રધાને યુદ્ધવિરામના પ્રસ્તાવને નકારી કાઢી હિઝબુલ્લાહને કચડી નાખવાની હાકલ કરી છે.

બુધવારે ઈઝરાયલે કરેલા હુમલામાં લૅબૅનૉનમાં ૭૨ કરતાં પણ વધુનાં મોત થયાં હતાં. એક તરફ ૨૩ સપ્ટેમ્બરથી ઈઝરાયલ દ્વારા લૅબૅનૉન પર સતત કરવામાં આવી રહેલા હુમલામાં અત્યાર સુધીમાં ૬૨૦ કરતાં પણ વધુનાં મોત થયાં છે તો બીજી તરફ હિઝબુલ્લાહે ઉત્તર ઈઝરાયલના હાઈફાસ્થિત સૈન્યમથકોને નિશાન બનાવ્યા હોવાનો દાવો કર્યો છે. જોકે ઈઝરાયલે હિઝબુલ્લાહના આ દાવાને સમર્થન આપ્યું નથી. અગાઉ ઈઝરાયલ ડિફેન્સ ફૉર્સ (આઈડીએફ)એ કહ્યું હતું કે હિઝબુલ લાહ દ્વારા ૪૫ રૉકેટ છોડવામાં આવ્યા હતા. (એજન્સી) ■

## જમ્મુ-કાશ્મીરની ચૂંટણીના બીજા તબક્કામાં ૨૬માંથી ૨૦ વિધાનસભા ક્ષેત્રોમાં ૨૦૧૪ની સરખામણીમાં મતદાનની ટકાવારી ઘટી

સુરેશ એસ. ડુગ્ગર

જમ્મુ : જમ્મુ અને કાશ્મીર વિધાનસભાની ચૂંટણીના બીજા તબક્કામાં ૨૬ મતદારક્ષેત્રમાંથી ૨૦ મતદારક્ષેત્રમાં ૨૦૧૪ કરતાં પણ ઓછું મતદાન ચિંતાનો વિષય બન્યો છે. ચૂંટણી પંચના અધિકારીઓએ સ્વીકાર્યું છે કે બુધવારે જે ૨૬ બેઠકમાં મતદાન થયું એમાંથી ૨૦ બેઠકમાં ૨૦૧૪ની ચૂંટણી કરતાં પણ ઓછું મતદાન થયું છે.

પંચના આંકડાઓથી સ્પષ્ટ થાય છે કે જ્યાં મતદાન થયું છે એ છ જિલ્લામાં ૨૦૧૪ની ચૂંટણીમાં કુલ મતદાન ૬૦ ટકાથી વધારે થયું હતું, જ્યારે આ વખતે અંદાજે ૫૬.૦૫ ટકા મતદાન થયું છે, એવી માહિતી જમ્મુ-કાશ્મીરના મુખ્ય અધિકારી પી. કે. પોલે આપી હતી.

અહીં ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૧૪ની ચૂંટણીમાં શ્રીનગર, ગંદરબાલ, બડગામ, રિયાસી, રાજૌરી અને પૂંછ જિલ્લામાં ૨૫ બેઠક હતી. જોકે ૨૦૨૨માં નવા સીમાંકન બાદ આ જિલ્લામાં એક બેઠક વધીને કુલ ૨૬ થઈ હતી. શ્રીનગર જિલ્લાના પાંચ મતદારક્ષેત્રમાં ૨૦૧૪ની તુલનામાં અધિક મતદાન થયું. બાકીના પાંચ મતદારક્ષેત્રમાં ઓછું મતદાન થયું હતું.

મધ્ય કાશ્મીરમાં બડગામ (૨૦૧૪માં ૬૬.૩૨ ટકા) અને ચરાર-એ-શરીફ (૨૦૧૪માં ૮૨.૪૪ ટકા)માં ૧૫ ટકાનો સૌથી મોટો ઘટાડો જોવા મળ્યો છે. ત્યાર બાદ બુધલ (૨૦૧૪માં ૮૨.૫૦ ટકા) મતદારક્ષેત્રમાં ૧૪ ટકાનો ઘટાડો નોંધાયો છે.

આ વર્ષે રિયાસી જિલ્લાના શ્રી માતા વૈષ્ણો દેવી ક્ષેત્રમાં ૭૯.૫ ટકા એટલે કે સૌથી વધારે મતદાન થયું. જોકે આ મતદાન પણ ૨૦૧૪માં થયેલા ૮૨.૬૮ ટકાથી ઓછું છે. ત્યારે આ મતદારક્ષેત્ર ગુલ અર્નાસના નામે જાણીતું હતું. હબ્બાકદળ મતદારક્ષેત્રમાં મોટી સંખ્યામાં પ્રવાસી

(જુઓ પાનું ૨) ▸▸

## બિહારમાં 'જીવિતપુત્રિકા'ની ઉજવણીમાં નદીમાં ડૂબતાં ૩૭ બાળક સહિત ૪૩નાં મોત

નવી દિલ્હીઃ બિહારમાં 'જીવિતપુત્રિકા' તહેવારની ઉજવણી દરમિયાન રાજ્યમાં બનેલી અલગ અલગ ઘટનાઓમાં નદીમાં પવિત્ર સ્નાન કરવા ગયેલાઓમાંથી ૩૭ બાળક સહિત ૪૩ જણનાં મોત થયાં હોવા ઉપરાંત ત્રણ જણ ગુમ થયાં હોવાનું રાજ્ય સરકારે ગુરુવારે કહ્યું હતું.

બુધવારે કરવામાં આવેલી આ તહેવારની ઉજવણી દરમિયાન રાજ્યના પંદર જિલ્લામાં આ અલગ અલગ ઘટના બની હતી.

આ તહેવારની ઉજવણીના ભાગરૂપ મહિલાઓ પોતાનાં બાળકોના લાંબા તેમ જ તંદુરસ્ત આયુષ્ય માટે ઉપવાસ કરે છે અને માતા અને પુત્ર બંને નદીમાં પવિત્ર સ્નાન કરે છે.

અત્યાર સુધીમાં ૪૩ મૃતદેહ શોધી કાઢવામાં આવ્યા છે અને વધુ તપાસ ચાલી રહી હોવાનું ડિઝાસ્ટર મેનેજમેન્ટ ડિપાર્ટમેન્ટ દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું. મુખ્ય પ્રધાન નીતીશકુમારે મૃતકના પરિવારજનોને વળતર પેટે ચાર લાખ રૂપિયા આપવાની જાહેરાત કરી હતી.

આ પ્રક્રિયા ચાલુ થઈ ગઈ છે અને અત્યાર સુધીમાં આઠ પરિવારને આ રકમ આપી દેવામાં આવી છે, એમ બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું.

પૂર્વ અને પશ્ચિમ ચંપારણ, નાલંદા, ઔરંગાબાદ, કૈમુર, બક્સર, સિવાન, રોહતાસ, સરન, પટણા, વૈશાલી, મુઝફ્ફરપુર, સમસ્તિપુર, ગોપાલગંજ અને અરવાલ જિલ્લામાં નદીમાં ડૂબી જવાના બનાવ નોંધાયા હતા. (એજન્સી) ■

**એકસ્ટ્રા અફેર**

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# કાશ્મીરને લગતી કલમ ૩૭૦ કદી પાછી ના આવે

**જમ્મુ** અને કાશ્મીરમાં વિધાનસભાની ચૂંટણી માટેના બીજા તબક્કાના મતદાન પહેલાં જ શેખ અબ્દુલ રાશિદ ઉર્ફે એન્જિનિયર રાશિદે જમ્મુ અને કાશ્મીરને વિશેષ દરજ્જો આપતી કલમ ૩૭૦નો મુદ્દો ઉપાડ્યો છે. રાશિદ એન્જિનિયરે એલાન કર્યું છે કે, જમ્મુ અને કાશ્મીરને વિશેષ દરજ્જો આપતી કલમ ૩૭૦ પાછી લાવવા માટેનો કોઇની પાસે રોડ મેપ હોય તો પોતે તેની સાથે હાથ મિલાવવા માટે તૈયાર છે. રાશિદે એલાન પણ કર્યું છે કે, લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી વચન આપે કે, કૉંગ્રેસ ભલે ૫૦ વર્ષ બાદ સત્તામાં આવે પણ જ્યારે પણ સત્તામાં આવશે ત્યારે કલમ ૩૭૦ને પુનઃસ્થાપિત કરવા માટે બિલ લાવશે તો હું તેમનું સમર્થન કરવા તૈયાર છું.

જમ્મુ-કાશ્મીરમાં પહેલા તબક્કાનું મતદાન થઈ ગયું પછી બીજા તબક્કાનું મતદાન ૨૫ સપ્ટેમ્બરે યોજાવાનું હતું એ પહેલાં જ રાશિદે ૩૭૦મી કલમનો મુદ્દો ઉઠાવીને રાજકીય ઉત્તેજના પેદા કરી દીધી. જમ્મુ અને કાશ્મીરમાં કાશ્મીર ખીણમાં ૪૭ અને જમ્મુમાં ૪૩ બેઠકો છે. જમ્મુની તમામ ૪૩ બેઠકો પર મતદાન બીજા અને ત્રીજા તબક્કામાં છે અને એ પહેલાં જ રાશિદે આ મુદ્દો ઉપાડ્યો એ મહત્ત્વનું છે.

જમ્મુ-કાશ્મીર વિધાનસભા ચૂંટણીમાં સૌથી વધુ ચર્ચિત નેતા એવા એન્જિનિયર રાશિદે લોકસભા ચૂંટણીમાં બારામુલ્લા બેઠક પરથી ભૂતપૂર્વ મુખ્ય મંત્રી ઉમર અબ્દુલ્લાને હરાવ્યા હતા. રાશિદે જેલમાં રહીને આ ચૂંટણી જીતી હતી. રાશિદની પાર્ટીનું નામ અવામી ઇત્તેહાદ પાર્ટી (એઆઇપી) છે અને વિધાનસભા ચૂંટણી માટે એઆઈપીએ પ્રતિબંધિત સંગઠન જમાત-એ-ઈસ્લામી સાથે ગઠબંધન કર્યું છે.

રાશિદ એન્જિનિયરે પહેલા તબક્કાના મતદાન પછી જ આ મુદ્દો કેમ ઉઠાવ્યો એ સમજવા જેવું છે. જમ્મુ કાશ્મીર વિધાનસભાની ચૂંટણીમાં રાશિદ એન્જિનિયરના વિરોધીઓ તેમને ભાજપના એજન્ટ અને દિલ્હીનો માણસ ગણાવી રહ્યા છે. રાશિદ એન્જીનિયર પાંચ વર્ષથી જેલમાં હતા ને ભાજપે વિધાનસભાની ચૂંટણીમાં મતનું વિભાજન કરવા માટે છોડ્યા છે એવા આક્ષેપ પણ થઈ રહ્યા છે ને રાશિદ એન્જિનિયર એ રીતે જ વર્તી રહ્યા છે. એ બીજા અને ત્રીજા તબક્કાની ચૂંટણીમાં ભાજપને ફાયદો ને કૉંગ્રેસને નુકસાન કરાવવા માટે વર્તી રહ્યા છે.

કાશ્મીર ખીણમાં એક વર્ગ જમ્મુ અને કાશ્મીરને વિશેષ દરજ્જો આપતી કલમ ૩૭૦ પાછી લાવવાની તરફેણમાં છે કેમ કે કશ્મીર ખીણમાં મુસ્લિમોની બહુમતી છે. નેશનલ કોન્ફરન્સ અને પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટી સહિતના પક્ષોનો અહીં પ્રભાવ છે કે જે જમ્મુ અને કાશ્મીરને વિશેષ દરજ્જો આપતી કલમ ૩૭૦ પાછી લાવવાની તરફેણમાં છે. જમ્મુમાં બહુમતી વર્ગ જમ્મુ અને કાશ્મીરને વિશેષ દરજ્જો આપતી કલમ ૩૭૦ની તરફેણમા નથી કેમ કે જમ્મુમાં હિંદુ અને શીખોની બહુમતી છે.

આ ચૂંટણીમાં અબ્દુલ્લા પરિવારની નેશનલ કોન્ફરન્સ અને કૉંગ્રેસ જોડાણ કરીને લડી રહ્યાં છે. આ પૈકી નેશનલ કોન્ફરન્સને ૫૮ જ્યારે કૉંગ્રેસને ૩૮ બેઠકો અપાઈ છે. સીપીએમ અને પેન્થર્સ પાર્ટી પણ આ જોડાણમાં ભાગીદાર છે કે જે એક-એક બેઠક પર લડી રહ્યાં છે. આ જોડાણે ૯૦ બેઠકો પૈકી ૮૪ બેઠકો પર એક જ ઉમેદવાર ઊભો રાખ્યો છે જ્યારે ૬ બેઠકો પર ફ્રેન્ડલી ફાઈટ છે. મતબેંકનાં સમીકરણોને ધ્યાનમાં રાખીને આ બેઠકો પર બહુપાંખિયો જંગ લડવાનું આ જોડાણે નક્કી કર્યું છે. બેઠકોની વહેંચણીમાં કૉંગ્રેસને જમ્મુમાં વધારે બેઠકો અને નેશનલ કોન્ફરન્સને કાશ્મીર ખીણમાં વધારે બેઠકો ફાળવાઈ છે.

ભાજપ ૬૨ બેઠકો પર ચૂંટણી લડી રહ્યો છે. જમ્મુની તમામ બેઠકો પર ભાજપે ઝંપલાવ્યું છે અને ભાજપનો અસલી મદાર હિંદુ અને શીખ મતદારો પર છે. જમ્મુમાં કૉંગ્રેસ સામે તેની સીધી ટક્કર છે તેથી કૉંગ્રેસને સીધું નુકસાન કરાય એવા તમામ પેંતરા ભાજપ અજમાવી રહ્યો છે. આ પેંતરા પૈકીનો એક પેંતરો કૉંગ્રેસ જમ્મુ અને કાશ્મીરને વિશેષ દરજ્જો આપતી કલમ ૩૭૦ પાછી લાવવા માગે છે એવો પ્રચાર છે અને રાશિદ એન્જિનિયર એ જ કામ કરી રહ્યા છે. રાશિદ એન્જિનિયરે એ કામ કરવું પડે છે કેમ કે કૉંગ્રેસે શાણપણ વાપરીને પોતાના ચૂંટણી ઢંઢેરામાં જમ્મુ અને કાશ્મીરને વિશેષ દરજ્જો આપતી કલમ ૩૭૦ પાછી લાવવાની વાત કરી નથી.

રાશિદ એન્જિનિયર કૉંગ્રેસ વિરુદ્ધ બીજાં પણ નિવેદનો ફટકારી રહ્યા છે ને ભાજપની તરફદારી રહ્યા છે. એન્જિનિયરના કહેવા પ્રમાણે, નેશનલ કોન્ફરન્સ અને કૉંગ્રેસનું ગઠબંધન અપવિત્ર ગઠબંધન છે તેથી લોકો તેને નકારી કાઢશે. રાશિદના કહેવા પ્રમાણે, જમ્મુ અને કાશ્મીરનાં લોકો રાહુલ ગાંધીનું સમર્થન નહીં કરે કેમ કે કૉંગ્રેસે કાશ્મીરીઓને નીચા દેખાડ્યા છે અને કાશ્મીરનું અસલી નુકસાન કૉંગ્રેસે કર્યું છે. રાશિદના કહેવા પ્રમાણે તો કલમ ૩૭૦ની નાબૂદ એક રાજકીય યુદ્ધ હતું અને આ યુદ્ધ રાજકીય રીતે લડવું જોઈએ પણ કૉંગ્રેસ સહિતના પક્ષો સુપ્રીમ કોર્ટમાં ગયા જ્યારે આ મામલે સુપ્રીમ કોર્ટમાં જવાની જરૂર ન હતી. રાશિદે મોદીનાં વખાણ કરતાં એમ પણ કહ્યું કે, આર્ટિકલ ૩૭૦ માત્ર એક હાડપિંજર હતું અને મોદીએ તેને દફનાવી દીધું છે.

રાશિદ એન્જિનિયરની વાતો ચોક્કસ એજન્ડા સાથેની છે એ સ્પષ્ટ છે પણ તેના કરતાં વધારે સ્પષ્ટ વાત એ છે કે, જમ્મુ અને કાશ્મીરને વિશેષ દરજ્જો આપતી કલમ ૩૭૦ હવે કોઈ પણ સંજોગોમાં પાછી લાવી શકાય તેમ નથી. જમ્મુ અને કાશ્મીરને વિશેષ દરજ્જો આપતી કલમ ૩૭૦ની નાબૂદી પર સંસદે મંજૂરીની મહોર મારી દીધી પછી સુપ્રીમ કોર્ટે પણ તેના પર મંજૂરીની મહોર મારી દીધી છે. હવે કોઈ ઉપરથી નીચે થઈ જાય તો પણ કલમ ૩૭૦ પાછી આવવાની નથી. આ વાત કૉંગ્રેસ પણ સ્વીકારી ચૂકી છે પણ ભાજપને એ વાત પચતી નથી. કૉંગ્રેસને દેશવાસીઓની નજરમાં વિલન ચિતરવાનો મુદ્દો તેના હાથમાંથી સરકી રહ્યો છે.

કાશ્મીરના પ્રાદેશિક પક્ષો પણ આ વાત સ્વીકારી ચૂક્યા છે પણ તેમનાથી આ મુદ્દો છોડાય તેમ નથી. એ લોકો કલમ ૩૭૦ પાછી લાવવાની વાતો કરે તેનાથી બહુ ફરક પડતો નથી કેમ કે કાશ્મીરમાં તેમની સત્તા આવશે તો લોકો કલમ ૩૭૦ પાછી લાવી શકવાના નથી. એ લોકો એવી માગણી કરે તેમાં કશું ખોટું પણ નથી. ભારતના બંધારણના દાયરામાં રહીને કરાતી કોઈ પણ માગણી કરવાનો તેમને અધિકાર છે પણ કલમ ૩૭૦ પાછી લાવવાનું સંસદના હાથમાં છે ને આ દેશની સંસદમાં કદી ૩૭૦ પાછી લાવવાની તરફેણ કરનારા સાંસદોની બહુમતી થવાની નથી.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

(ઉત્તરાયણ સૌર શરદઋતુ), શુક્રવાર, તા. ૨૭-૯-૨૦૨૪

- ભારતીય દિનાંક ૫, માહે આશ્વિન, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૦, શા. શકે ૧૯૪૬, ભાદ્રપદ વદ-૧૦
- જૈન વીર સંવત ૨૫૫૦, માહે ભાદ્રપદ, તિથિ વદ-૧૦
- પારસી શહેનશાહી રોજ ૧૪મો ગોશ, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૧૪મો ગોશ, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૧૦મો આવાં, માહે ૭મો મેહેર, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૨૩મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૨૪મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૬
- નક્ષત્ર પુષ્ય મધ્યરાત્રિ પછી ક. ૨૫-૨૦ સુધી, પછી આશ્લેષા.
- ચંદ્ર કર્કમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કર્ક (ડ, હ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ.૨૯ અમદાવાદ ક. ૦૬ મિ. ૩૦, સ્ટા.ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૨૯, અમદાવાદ ક. ૧૮ મિ. ૩૧, સ્ટા. ટા.
- -: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતી : સવારે ક. ૦૮-૦૫૯, રાત્રે ક. ૨૧-૦૮
- ઓટઃ બપોરે ક. ૧૫-૨૧, મધ્યરાત્રિ પછી ક. ૦૨-૫૫ (તા. ૨૮)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૦, 'રાક્ષસ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, ભાદ્રપદ કૃષ્ણ - દસમી. એકાદશીનું શ્રાદ્ધ, વિષ્ટિ ક. ૧૩-૨૦ સુધી. સૂર્ય મહાનક્ષત્ર હસ્ત, વાહન મોર.
- મુહૂર્ત વિશેષઃ સુવર્ણ ખરીદી, શનિ દેવતાનું પૂજન, પીપળાનું પૂજન, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, નિત્ય થતાં ખેતીવાડી, પશુ લે-વેંચ, દુકાન-વેપારના કામકાજ, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા.
- શ્રાદ્ધ પર્વઃ એકાદશી તિથિએ એ દિવંગતનું શ્રાદ્ધ આજ રોજ કરવું. એકાદશી શ્રાદ્ધ મોક્ષ અપાવે છે. સુખ સંપત્તિ શાંતિ આપે છે. સમગ્ર વર્ષમાં ૧૭૦ દિવસ શ્રાદ્ધ અને વિધવિધ પ્રકારે કરવાનો ઉલ્લેખ છે એટલે કે શ્રાદ્ધ ફક્ત એક જ દિવસ, ભાદ્રપદના શ્રાદ્ધપક્ષમાં ન કરતાં બ્રાહ્મણ દ્વારા તીર્થયાત્રામાં, દિવંગતની તિથિ, અમાસ, સંક્રાંતિ, ગ્રહણ, શિવરાત્રિ, પ્રદોષ, પાંચમ, બુધવાર આદિ અનેક તિથિ પર્વ યોગોમાં વિધિપૂર્વક શ્રાદ્ધ કરવું. શ્રાદ્ધ ઉપરાંત જરૂરતમંદોને દાન કરવું, વિદ્યાર્થીઓને, પશુ-પંખી-ગાય, જીવસૃષ્ટિ, અશક્તોને માટે મદદરૂપ થવું, બ્રાહ્મણોને પોતાની આજીવિકા જળવાઈ રહે તે માટે ઉપયોગી થવું.
- આચમનઃ ચંદ્ર-શુક્ર ચતુષ્કોણ લોકોમાં જાહેરજીવનમાં સફળતાનો અભાવ, ચંદ્ર-રાહુ ત્રિકોણ કર્મઠ સ્વભાવ.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-શુક્ર ચતુષ્કોણ, ચંદ્ર-રાહુ ત્રિકોણ, સૂર્ય હસ્ત પ્રવેશ.
- ગ્રહગોચરઃ સૂર્ય-કન્યા, મંગળ-મિથુન, માર્ગી બુધ-કન્યા, ગુરુ-વૃષભ, શુક્ર-કન્યા, વક્રી શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, વક્રી હર્ષલ- વૃષભ, વક્રી નેપ્ચ્યૂન-મીન, વક્રી પ્લુટો-મકર.

## ઝારખંડમાં માલગાડી પાટા પરથી ખડી પડતા ૧૫ ટ્રેન ડાયવર્ટ કરાઇ

રાંચીઃ ઝારખંડના બોકારોમાં તુપકાડીહ સ્ટેશન નજીક માલગાડીના બે ડબ્બા પાટા પરથી ખડી પડતા ટ્રેન વ્યવહાર ખોરવાયો હતો. જેના લીધે ૧૫ ટ્રેનોને ડાયવર્ટ કરવામાં આવી હતી. આ જાણકારી ગુરુવારે એક અધિકારીએ આપી હતી.

દક્ષિણ પૂર્વ રેલવેના આદ્રા ડિવિઝનના ડિવિઝનલ રેલવે મેનેજર(ડીઆરએમ) સુમિત નરુલાના જણાવ્યા અનુસાર બોકારો જિલ્લાના તુપકાડીહ સ્ટેશન પાસે ગઇ કાલે રાત્રે લગભગ ૯ વાગ્યે સ્ટીલ લઇ જતી માલગાડીના બે ડબ્બા પાટા પરથી ઉતરી ગયા હતા. જેથી ૧૪ એક્સપ્રેસ ટ્રેન સહિત ૧૫ ટ્રેન ડાયવર્ટ કરવામાં આવી હતી. માલગાડી બોકારો સ્ટીલ પ્લાન્ટમાંથી સ્ટીલનો માલ લઇને જઇ રહી હતી અને તુપકાડીહ તથા બોકારો સ્ટેશનો વચ્ચેની મુખ્ય લાઇન પર પલટી ગઇ હતી. આ ઘટના તુપકાડીહ સ્ટેશનના નોર્થ કેબિન યાર્ડ પાસે બની હતી અને તેનાથી બોકારો-ગોમો સેક્શન પર ટ્રેનોની અવરજવરને અસર થઇ હતી.

નરુલાએ વધુમાં જણાવ્યું કે પ્રભાવિત લાઇનોમાંથી એકનું સમારકામ કરવામાં આવ્યું છે જ્યારે સુચારુ ટ્રેનવ્યવહાર સુનિશ્ચિત કરવા માટે બીજી લાઇનને પુનઃસ્થાપિત કરવાનું કામ ચાલી રહ્યું છે. દરમિયાન દક્ષિણ પૂર્વ રેલવેએ એક બુલેટિનમાં જણાવ્યું કે ટ્રેન ટીકેબી યાર્ડમાં પોઇન્ટ નંબર ૧૦૨ પર પાટા પરથી ઉતરી ગઇ હતી, જેના કારણે અપ અને ડાઉન બંને લાઇનો બ્લોક થઇ ગઇ હતી. રેલવેએ પાટા પરથી ઉતરી જવાની ઘટનાની તપાસના આદેશ આપ્યા છે.



**કાંદાની ખરીદીઃ** જયપુરમાં ગુરુવારે લોકોએ નેશનલ કોઓપરેટિવ ફેડરેશન ઑફ ઈન્ડિયા (એનસીસીએફ) દ્વારા રૂ. ૩૫ પ્રતિકિલોના રાહતના દરે વેચાણાર્થે મુકાયેલા કાંદા ખરીદવા પડાપડી કરી હતી. (એજન્સી)

## સીબીડીટીએ નવી વ્યવસ્થા પર લીધો નિર્ણય, સભ્યોની જવાબદારીમાં કરાયો ફેરફાર

નવી દિલ્હી : દેશમાં આવકવેરા વિભાગના કામ પર દેખરેખ રાખનારી ઓથોરિટી સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સિસ (સીબીડીટી)એ પોતાના સભ્યો વચ્ચે જવાબદારીઓમાં ફેરબદલ કર્યો છે. નવી વ્યવસ્થા હેઠળ તપાસ વિભાગ હવે ચેરમેનને રિપોર્ટ કરશે.

૨૪ સપ્ટેમ્બરના રોજ એક સત્તાવાર આદેશમાં જણાવવામાં આવ્યું હતું કે સીબીડીટીના ચેરમેન રવિ અગ્રવાલ બોર્ડના કામ ઉપરાંત તપાસ, ઇન્ટેલિજન્સ અને ક્રિમિનલ ઇન્વેસ્ટિગેશનના સંકલન અને એકંદર દેખરેખના પ્રભારી હશે. અગ્રવાલ ૧૯૮૮ બેચના ભારતીય રેવન્યુ સર્વિસ અધિકારી છે. એક વરિષ્ઠ અધિકારીએ પીટીઆઇને જણાવ્યું હતું કે અગાઉ સીબીડીટીમાં સભ્ય (તપાસ)ની એક સ્વતંત્ર પોસ્ટ હતી પરંતુ બોર્ડની કામગીરીના પુનર્ગઠનના ભાગરૂપે ગયા વર્ષે તેને નાબૂદ કરવામાં આવી હતી. ચેરમેનને તપાસની કામગીરી પર દેખરેખ રાખવા માટે અધિકૃત કરવામાં આવ્યા હતા.

તેમણે કહ્યું કે ત્યારબાદ કેટલાક અન્ય સભ્યોની જવાબદારીઓનું પણ પુનર્ગઠન કરવામાં આવ્યું હતું. આદેશ અનુસાર, ૧૯૮૭ બેચના આઇઆરએસ અધિકારી હરિન્દર બીર સિંહ ગિલ સભ્ય (કરદાતા સેવાઓ અને આવક) રહેશે. તેમની પાસે સભ્ય (સિસ્ટમ અને ફેસલેસ સેવાઓ)નો વધારાનો હવાલો પણ હશે.

ઈન્કમ ટેક્સના વધારાની જવાબદારી સિવાય સંજય કુમાર સભ્ય (ઓડિટ અને ન્યાયિક)નો હવાલો પણ સંભાળશે. તેઓ ૧૯૮૮ બેચના અધિકારી છે. પ્રબોધ શેઠ સભ્ય (વહીવટ) હશે. તેઓ ૧૯૮૯ બેચના અધિકારી છે. તેમની બેચના રમેશ નારાયણ પર્વત સભ્ય (વિધાન) સભ્ય હશે.

## હિમાચલ પ્રદેશમાં વાદળ ફાટવાથી એકનું મોત, ભારે વરસાદને લઈને ચેતવણી જાહેર

શિમલાઃ હિમાચલ પ્રદેશના સિરમૌર જિલ્લામાં વાદળ ફાટવાથી વરસેલા ભારે વરસાદને કારણે એક વ્યક્તિનું મોત નીપજ્યું હતું, જ્યારે ખરાબ હવામાનને કારણે જિલ્લામાં નેશનલ હાઇવે સહિત સહિત ૨૬ રસ્તાઓ બંધ થઈ ગયા હતા. અધિકારીઓએ ગુરુવારે આ માહિતી આપી હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે બુધવારે સાંજે રાજ્યના ઘણા ભાગોમાં ભારે વરસાદને કારણે લગભગ ૫૦ રસ્તાઓ બંધ થઈ ગયા હતા, જેનાથી રાજ્યમાં બંધ થયેલા રસ્તાઓની કુલ સંખ્યા ૭૧ થઈ ગઈ હતી. તેમાં નેશનલ હાઈવે ૭૦૭નો પણ સમાવેશ થાય છે.

સિરમૌરના ડેપ્યુટી કમિશનર સુમિત ખિમટાએ ગુરુવારે પીટીઆઈને જણાવ્યું હતું કે પરલોની ગામમાં વાદળ ફાટવાને કારણે એક વ્યક્તિનું મૃત્યુ થયું હતું. કાટમાળ નીચે દટાયેલા મૃતકની ઓળખ રંગી તરીકે થઈ છે. અધિકારીએ કહ્યું કે કેટલાક રસ્તાઓ બંધ છે અને યમુના નદીનું જળસ્તર પણ વધી ગયું છે. તેમણે કહ્યું કે જિલ્લાના પાંવટા સાહિબ અને શલાઈ વિસ્તારોમાં શૈક્ષણિક સંસ્થાઓ એક દિવસ માટે બંધ રાખવામાં આવી છે.

હવામાન વિભાગના અધિકારીઓના જણાવ્યા અનુસાર, સિરમૌર જિલ્લામાં ધૌલાકુઆંમાં રાજ્યનો સૌથી વધુ વરસાદ વરસ્યો હતો. અહી ૨૭૫ મિ.મી વરસાદ નોંધાયો હતો. આ પછી પાંવટા સાહિબમાં ૧૬૫.૬ મિ.મી, નાહનમાં ૯૪.૪ મિ.મી, ધર્મશાલામાં ૫૪ મિ.મી, જુબ્બરહટ્ટીમાં ૪૩.૨ મિ.મી, મંડીમાં ૪૨.૨ મિ.મી, પાલમપુરમાં ૩૯ મિ.મી, કાંગડામાં ૩૮.૩ મિ.મી અને કાંગડામાં ૩૮.૩ મિ.મી વરસાદ નોંધાયો હતો.

સ્ટેટ ઇમરજન્સી ઑપરેશન સેન્ટર મુજબ, સિરમૌરમાં સૌથી વધુ ૨૬ રસ્તાઓ બંધ છે, ત્યારબાદ મંડીમાં ૨૪, કાંગડામાં દસ, શિમલામાં નવ અને કુલ્લુ જિલ્લામાં બે, જ્યારે ૪૬૯ વીજ પુરવઠા યોજનાઓને અસર થઈ છે.

સ્થાનિક હવામાન કચેરીએ ગુરુવારે રાજ્યના વિવિધ ભાગોમાં ભારે વરસાદની ચેતવણી જાહેર કરી હતી. શુક્રવાર સુધી શિમલા, સિરમૌર કાંગડા, ચંબા, સોલન, કુલ્લુ અને મંડી સહિત ૧૨ જિલ્લાઓમાંથી સાત ભાગોમાં હળવાથી મધ્યમ પૂરના જોખમની ચેતવણી આપી હતી.

## નાગાલૅન્ડ અને અરુણાચલના વિસ્તારમાં 'આફસ્પા' વધુ છ મહિના માટે લંબાવાયો

નવી દિલ્હીઃ ઈશાનના બે રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિની સમીક્ષા કર્યા બાદ સુરક્ષા દળની સગવડ માટે આર્મ્ડ ફૉર્સિસ સ્પેશિયલ પાવર ઍક્ટ (આફસ્પા) અંતર્ગત અશાંત કે અસ્થિર જાહેર કરવામાં આવેલા નાગાલેન્ડના આઠ, અરુણાચલ પ્રદેશના ત્રણ જિલ્લા તેમ જ અન્ય વિસ્તારમાં વધુ છ મહિના માટે લંબાવવામાં આવ્યો છે.

સશસ્ત્ર દળની કાર્યવાહીને વેગ આપવા અમુક વિસ્તારને 'આફસ્પા' હેઠળ અશાંત કે અસ્થિર જાહેર કરવામાં આવે છે.

'આફસ્પા' સશસ્ત્ર દળને જરૂરી જણાય તો તેમને આવા વિસ્તારમાં સર્ચ ઑપરેશન, ધરપકડ અને કાયદો અને વ્યવસ્થાની સ્થિતિની જાળવણી માટે ગોળીબાર કરવાની સત્તા આપે છે.

કેન્દ્રના ગૃહ ખાતા દ્વારા બહાર પાડવામાં આવેલા જાહેરનામામાં જણાવ્યા અનુસાર 'આફસ્પા' ૧૯૫૮ની કલમ ત્રણ અંતર્ગત સુરક્ષા દળને આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરવા નાગાલેન્ડના આઠ જિલ્લા ઉપરાંત અન્ય પાંચ જિલ્લાના ૨૧ પોલીસ સ્ટેશનના વિસ્તારને અશાંત અને અસ્થિર જાહેર કરવામાં આવ્યા છે અને પહેલી ઑક્ટોબર ૨૦૨૪થી આ વિસ્તારમાં આફસ્પાનો અમલ વધુ છ મહિના માટે લંબાવવામાં આવ્યો છે એણ જણાવતાં ગૃહ ખાતાએ કહ્યું હતું કે નાગાલૅન્ડમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિની વધુ સમીક્ષા હાથ ધરવામાં આવી છે.

## પહેલા પાનાનું ચાલુ

### કૉંગ્રેસે ૧૦ વર્ષ

ભાજપના કાર્યકરોને કહ્યું હતું કે, હરિયાણામાં કૉંગ્રેસના શાસન દરમિયાન દલિતો પર અત્યાચારો થયા હતા. હરિયાણામાં કૉંગ્રેસના શાસન દરમિયાન ખેડૂતોને પાકના નુકસાન માટે ૨ રૂપિયાના વળતરના ચેક મળ્યા હતા. ભૂતકાળમાં હરિયાણામાં ભાજપના કાર્યકર તરીકે સેવા આપી હોવાનું યાદ કરતાં મોદીએ કહ્યું હતું કે, મારું સંપૂર્ણપણે માનવું છે કે હરિયાણાના લોકોએ ભાજપને સેવા કરવાની વધુ એક તક આપવાનું નક્કી કર્યું છે. તેઓ ખુશ છે કે ૧૦ વર્ષથી રાજ્યમાં ભ્રષ્ટાચાર વિના સરકાર ચાલી રહી છે. હરિયાણામાં આવું પહેલીવાર બન્યું છે. યુવાનોને 'પર્ચી અને ખર્ચી' (લાગવગ અને લાંચ) વગર નોકરીઓ મળી છે. તેથી, હરિયાણાના લોકો અમારી સાથે છે, તેમના આશીર્વાદ અમારી સાથે છે અને વિજય નિશ્ચિત છે, એમ તેમણે કહ્યું હતું. (પીટીઆઈ)

### જમ્મુ-કાશ્મીરની ચૂંટણીના

મતદાતા છે ત્યાં સૌથી ઓછું ૧૮.૩૯ ટકા મતદાન થયું. ૧૦ વર્ષ પહેલાં અહીં ૨૧.૩૧ ટકા મતદાન થયું હતું.

પોલ પ્રમાણે જમ્મુની બેઠકોમાં મતદાન આ પ્રમાણે રહ્યુંઃ ગુલાબગઢ (૭૩.૪૯), સુરનકોટ (૭૫.૧૧), રિયાસી (૭૧.૦૦), નૌશેરા (૭૨.૦૦), કાલાકોટ-સુંદરબની (૬૮.૭૧), પુંછ-હવેલી (૭૪.૯૨), રાજૌરી (૭૦.૬૪), બુધલ (૬૮.૫૮), થન્નામંડી (૬૯.૬૬) અને મેંઢર (૭૧.૦૮).

કાશ્મીર ખીણની બેઠકો પર મતદાનની ટકાવારી આ પ્રમાણે રહીઃ ખાનસાહિબ (૭૧.૬૬), કંગન (૭૧.૮૯), ચરાર-એ-શરીફ (૬૭.૪૪), ચદૂરા (૫૫.૨૫), ગાંદરબલ (૫૬.૯૭), બીરવાહ (૬૩.૩૧), બડગામ (૫૧.૧૩), હજરતબલ (૩૦.૬૯), ખાનયાર (૨૬.૦૭), હબ્બાકદળ (૧૮.૩૯), લાલ ચોક (૩૨.૧૧), ચન્નાપોરા (૨૯.૩૫), જદીબલ (૩૦.૭૩), સેન્ટ્રલ શાલ્ટેંગ (૩૧.૦૭) અને ઈદગાહ (૩૬.૯૩)

**ટકાવારીમાં જંગી ઘટાડોઃ બડગામ :** ૨૦૧૪માં ૬૬.૩૨ ટકા અને ૨૦૨૪માં ૫૧.૧૩ ટકા, **ચરાર-એ-શરીફ :** ૨૦૧૪માં ૮૨.૪૪ ટકા અને ૨૦૨૪માં ૬૭.૪૪ ટકા, **બુદ્ધલ :** ૨૦૧૪માં ૮૨.૫૦ ટકા અને ૨૦૨૪માં ૬૮.૫૮ ટકા, **હબ્બાકદળ :** ૨૦૧૪માં ૨૧.૩૧ ટકા અને ૨૦૨૪માં ૧૮.૩૯ ટકા.

## મોદીએ રોજગાર પ્રણાલીને 'વ્યવસ્થિત રીતે' ખતમ કરીઃ રાહુલ ગાંધી

ચંડીગઢઃ કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ ગુરુવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને હરિયાણાની ભાજપ સરકાર પર દેશમાં 'વ્યવસ્થિત રીતે રોજગાર પ્રણાલીનો અંત' લાવવાનો ગંભીર આરોપ લગાવ્યો હતો.

કરનાલ નજીક અસાંધ ખાતે રેલીને સંબોધતાં લોકસભામાં વિપક્ષી નેતાએ તેમની તાજેતરની યુ.એસ.ની મુલાકાતનો ઉલ્લેખ કર્યો હતો અને કહ્યું હતું કે ત્યાં તેઓ હરિયાણાના ઇમિગ્રન્ટ્સને મળ્યા હતા જેઓ સારા ભવિષ્યની શોધમાં ત્યાં ગયા હતા કારણ કે તેઓ ભારતમાં નોકરી મેળવી શકતા નહોતા. તેમણે કહ્યું હતું કે મેં તેમની સફરને સમજી હતી કે તેઓ કેવી રીતે એક ઘરમાં ભરેલા ૨૦ અન્ય લોકો સાથે રહેવા માટે યુ. એસ. પહોંચ્યા હતા. તેઓએ સાથી ભારતીયોને રસ્તામાં મરતા જોયા છે. તેઓએ પહેલા તેમની જમીન વેચી અથવા ઊંચા વ્યાજે લોન લીધી, પરંતુ તેમનો વ્યવસાય શરૂ કરવા માટે રૂ. ૫૦ લાખનો ખર્ચ કરી શક્યા નહીં કારણ કે નફાની કોઈ ગેરંટી નથી, એમ તેમણે કહ્યું હતું.

રાહુલ ગાંધીએ એવો દાવો કર્યો હતો કે આ મોદી સરકાર અને રાજ્ય સરકારને કારણે આવું થઈ રહ્યું છે જેમણે રોજગારીને વ્યવસ્થિત રીતે નુકસાન પહોંચાડ્યું છે. મોદી તમારી પાસે જે (ખેતી) છે તે છીનવી લેવા માટે કાળા કાયદા લાવે છે. હું જમ્મુ અને કાશ્મીરમાં ગયો, હિમાચલ પ્રદેશમાં ગયો સફરજનના બિઝનેસ અદાણીને વેચી દેવામાં આવ્યા છે. તેમની કરોડોની લોન માફ કરવામાં આવી છે, પરંતુ તમારી લોન માફ થતી નથી.

## વાયવ્ય પાકિસ્તાનમાં બે જનજાતિની લડાઈમાં ૩૬નાં મોત

પેશાવર : અશાંત વાયવ્ય પાકિસ્તાનના કુરામ જિલ્લામાં જમીનના ટુકડા અંગે બે જનજાતિ વચ્ચે છ દિવસથી ચાલતી લડાઈમાં ઓછામાં ઓછા ૩૬ લોકો મરણ પામ્યાં છે અને બીજા ૮૦ ઘાયલ થયા છે, એવી માહિતી પોલીસે ગુરુવારે આપી છે. પોલીસના જણાવ્યા અનુસાર અફઘાનિસ્તાનની સરહદને અડીને આવેલા જિલ્લામાં સરકાર અને જનજાતિના નેતાના પરિસ્થિતિ શાંત પાડવાના પ્રયાસો છતાં જમીનવિવાદમાં બે જનજાતિ વચ્ચે લડાઈ ચાલુ રહી હતી.

પોલીસે કહ્યું હતું કે છેલ્લા છ દિવસથી ચાલતી અથડામણમાં ૩૬ લોકો માર્યા ગયા છે અને બીજા ૮૦ ઘાયલ થયા છે.

જોકે સ્થાનિક લોકો મરણાંક આનાથી વધારે હોવાનો દાવો કરે છે. લડાઈ બલિશખેલ, સદ્દા, ખાર કાલાય, પીવર અને મકબલમાં પ્રસરી હતી જે અફઘાનિસ્તાનના ખોસ્ત, પાકતિયા, લોગર અને નાનગરહર પ્રાંતોની સાથે સરહદ ધરાવે છે. અફઘાનિસ્તાનના આ પ્રાંતો આઈએસઆઈએસ અને પાકિસ્તાન તાલિબાનના મજબૂત ગઢ છે. જુલાઈમાં બોશેરા અને માલીખીલ જનજાતિ વચ્ચે એક અઠવાડિયા લડાઈ ચાલતા ઓછામાં ઓછા ૫૦ જણ મરણ પામ્યાં હતાં અને ૨૨૫ ઘાયલ થયા હતા.

અથડામણને બંધ કરાવવા બન્ને આદિવાસી જૂથનો સમાવેશ થાય છે એ જિર્ગા (ટ્રાયબલ કાઉન્સિલ)ની બેઠક બોલાવવામાં આવી હતી. આમાં બન્ને જૂથના નેતાઓ ડેપ્યુટી જનરલ ઑફ પોલીસ અને કમિશનરને મળ્યા હતા, પરંતુ કોઈ ફાયદો થયો નહોતો. છઠ્ઠા દિવસે અપર, લોવર અને સેન્ટ્રલ તાલુકામાં સામસામો ગોળીબાર થયો હતો. આમાં છ જણનાં મરણ થયાં હતાં અને દસને ઈજા થઈ હતી. (એજન્સી)

# ગુજરાતમાં ગત વર્ષ ૨૦૨૩-૨૪માં ૧૮ કરોડથી વધુ પ્રવાસીઓ મહેમાન બન્યા

### પ્રવાસીઓની સંખ્યામાં ૨૪ ટકાનો વધારો

અમદાવાદ: દેશ-વિદેશના પ્રવાસીઓ માટે ગુજરાત હંમેશા પસંદગીનું રાજ્ય બન્યું છે. રાજ્યમાં ગત વર્ષ ૨૦૨૩-૨૪માં કુલ ૧૮.૫૯ કરોડથી વધુ પ્રવાસીઓ ગુજરાતના મહેમાન બન્યા છે. રાજ્યના પ્રવાસન પ્રધાન મુળુભાઈ બેરાએ જણાવ્યું હતું કે, સુરક્ષા અને શાંતિ માટે ઓળખાતા ગુજરાતની વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન કુલ ૧૮.૫૯ કરોડથી વધુ પ્રવાસીઓએ મુલાકાત લીધી હતી. આમાં ૧૭.૫૦ કરોડ સ્થાનિક પ્રવાસીઓ તેમજ ૨૩.૪૩ લાખ વિદેશી પ્રવાસીઓનો સમાવેશ થાય છે. જેમાં ૧૧.૩૮ કરોડથી વધુ પ્રવાસીઓએ એક દિવસ માટે જ્યારે ૭.૨૧ કરોડથી વધુ પ્રવાસીઓએ રાત્રિરોકાણ કર્યું હતું. જે ગત વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન પ્રવાસીઓની સંખ્યા ૧૪.૯૮ કરોડ હતી એટલે કે, ગયા વર્ષની સરખામણીએ વર્ષ ૨૦૨૩-૨૪માં ગુજરાતમાં આવતા પ્રવાસીઓની સંખ્યામાં ૨૪.૦૭ ટકાનો નોંધપાત્ર વધારો થયો છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ધાર્મિક પ્રવાસન ક્ષેત્રે ગુજરાત અગ્રેસર રહ્યું છે ત્યારે દેશભરમાંથી સૌથી વધુ ૧.૬૫ કરોડ માઈ ભક્તોએ અંબાજી ખાતે માં અંબાના દર્શનનો લાભ લીધો છે. જ્યારે દેશના પ્રથમ જ્યોતિર્લિંગ એવા સોમનાથ મંદિર ખાતે ૯૭.૯૩ લાખ, દ્વારકા ખાતે ૮૩.૫૪ લાખ, મહાકાળી મંદિર પાવાગઢ ખાતે ૭૬.૬૬ લાખ તેમજ ડાકોર ખાતે ૩૪.૨૨ લાખ એમ કુલ મળીને ૪૫૭.૩૫ લાખ પ્રવાસીઓએ દર્શનનો લાભ લીધો છે. જ્યારે બિઝનેસના હેતુથી સૌથી વધુ અમદાવાદમાં ૨.૨૬ કરોડથી વધુ જ્યારે સુરતમાં ૬૨.૩૧ લાખ, વડોદરામાં ૩૪.૧૫ લાખ, રાજકોટમાં ૧૮.૫૯ લાખ અને ભરૂચમાં ૧૭.૭૨ લાખ એમ કુલ ૩૫૮.૭૭ લાખ પ્રવાસીઓએ મુલાકાત કરી હતી.

લીઝર એટલે કે વ્યસ્ત જીવનમાંથી આનંદ માણવા અમદાવાદના કાંકરિયા લેક ફ્રન્ટ પર ૭૯.૬૭ લાખ, સાબરમતી રિવરફ્રન્ટની ૪૪.૭૬ લાખ, સ્ટેચ્યૂ ઓફ યુનિટી ખાતે ૪૩.૫૨ લાખ ,સાયન્સ સિટીની ૧૩.૬૦ લાખ તેમજ ગુજરાતના એક માત્ર હિલ સ્ટેશન એવા સાપુતારાની ૧૧.૩૯ લાખ એમ મળીને કુલ ૧૯૨.૯૬ લાખ પ્રવાસીઓએ મુલાકાત લીધી હતી. આજ રીતે હેરીટેજ એટલે કે, સાંસ્કૃતિક અને ઐતિહાસિક વારસામાં ગુજરાત મહત્વનું સ્થાન ધરાવે છે. જેના ભાગરૂપે ઐતિહાસિક શહેર વડનગરની ૬.૯૩ લાખ, પોરબંદર ખાતે આવેલા મહાત્મા ગાંધીજીના જન્મ સ્થળ એવા કીર્તિ મંદિરની ૪.૦૬ લાખ, ગાંધીનગર ખાતે સ્થિત અડાલજ વાવની ૩.૮૬ લાખ, યુનેસ્કોની યાદીમાં વૈશ્વિક વારસામાં સ્થાન પામેલ પાટણમાં રાણી કી વાવની ૩.૮૩ લાખ, તેમ જ એકમાત્ર સૂર્ય મંદિર મોઢેરાની ૩.૮૧ લાખ એમ મળીને કુલ ૨૨.૪૯ લાખ પ્રવાસીઓએ ગુજરાતની મુલાકાત લીધી હતી જે ગુજરાત અને ગુજરાતીઓ માટે ગૌરવ સમાન છે એવું તેમણે ઉમેર્યું હતું. પ્રવાસન પ્રધાને વધુ વિગતો આપતા કહ્યું હતું કે, ભારતભરમાંથી મુખ્યત્વે ધાર્મિક, બિઝનેસ, હેરિટેજ અને લીઝર એટલે કે પોતાના વ્યસ્ત જીવનમાંથી આનંદ માણવા, અને એમ ચાર ક્ષેત્રે રસ ધરાવતા પ્રવાસીઓ ગુજરાતની મુલાકાતે આવે છે.

# ગુજરાતના માથે હજુ ત્રણ દિવસ વરસાદનો ભારઃ ભારે વરસાદની આગાહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં અગામી ત્રણ દિવસ વરસાદી આગાહી કરવામાં આવી છે. વલસાડ અને દમણમાં ભારે વરસાદને લઈ રેડ એલર્ટ આપવામાં આવ્યું છે, દાદારાનગર હવેલીમાં પણ ભારે વરસાદની આગાહી કરાઈ છે, અગામી ત્રણ દિવસ સુધી વરસાદની સિસ્ટમ સક્રિય છે જેના કારણે આગાહી કરવામાં આવી છે. રાજસ્થાન અને મધ્ય પ્રદેશમાં આ વરસાદી સિસ્ટમ સક્રિય છે જેના કારણે ગુજરાતમાં વરસાદ આવી શકે છે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે ગુરુવારે વલસાડ, દમણ, દાદરાનગર હવેલીમાં અતિ ભારે વરસાદનું રેડ એલર્ટ અપાયું છે. સુરત, તાપી, નવસારી, ડાંગ, અમરેલીમાં ઓરેન્જ એલર્ટ અપાયું છે. ગીર સોમનાથ, ભાવનગર, અમદાવાદ, આણંદ, ભરૂચ, વડોદરા, નર્મદા, છોટાઉદેપુરમાં યલો એલર્ટ આપવામાં આવ્યું છે. ગઈકાલ સાંજથી ગુજરાતના અલગ-અલગ જિલ્લાઓમાં વરસાદ મન મૂકીને વરસી રહ્યો છે, આ વખતે સિઝનનો ૪૮ ટકા વરસાદ વધુ નોંધાયો છે.

ગુજરાતમાં ગુરુવાર રાતથી જ વરસાદનું જોર વધવાની શરૂઆત થઈ જશે અને રાજ્યના ઘણા વિસ્તારોમાં ફરીથી વરસાદી માહોલ શરુ થાય તેવી શક્યતા દેખાઈ રહી છે. બંગાળની ખાડીમાં જે સાયક્લોનિક સર્ક્યુલેશન હતું તે મજબૂત બનીને હવે લો-પ્રેશર એરિયા બની ગયું છે અને તેની અસર ઘણાં રાજ્યોમાં વર્તાઈ રહી છે. ગુજરાતમાં પણ આગામી દિવસોમાં વરસાદના નવા રાઉન્ડની આગાહી કરવામાં આવી છે અને ઘણા વિસ્તારોમાં ભારે વરસાદ તથા કેટલાક વિસ્તારોમાં અતિભારે વરસાદ થવાની સંભાવના છે.

# વડોદરામાં આંધી સાથે વરસાદઃ બે લોકોનાં મોત, અનેક વૃક્ષો ધરાશાયી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં બુધવારે બપોરથી પલટાયેલા વાતાવરણને પગલે દક્ષિણ અને મધ્ય ગુજરાતથી શરૂ થયેલા વરસાદના આખરી રાઉન્ડમાં વડોદરા શહેર અને જિલ્લામાં મોડી રાત્રે જોરદાર પવન સાથે વરસાદ ખાબકતા ઠેર ઠેર વૃક્ષો ધરાશાયી થયાં હતાં તેમજ બે લોકોના મોત થયાં હતાં.

વડોદરા શહેરમાં ધોધમાર વરસાદથી ઠેર-ઠેર વૃક્ષો, હોર્ડિંગ્સ અને વીજ પોલ પણ ધરાશાયી થયાં હતાં. બીજી તરફ વડોદરા એરપોર્ટમાં ધોધ પડતો હોય તેવા દ્રશ્યો સર્જાયાં હતાં. ૧૧૦ કિમીની ઝડપે પવન ફૂંકાતા એક તાળનું વૃક્ષ ધરાશાઈ થયું હતું જેના વીડિયો પણ વાયરલ થયા હતા. જ્યુબિલીબાગ મેઈન રોડ પર વૃક્ષ ધરાશાઈ થતાં અનેક વાહનોને નુકસાન થયું છે. વિઝિબીલિટી ઘટતા વાહન વ્યવહાર ઓછો થયો અને એ જ સમયે વૃક્ષ ધરાશાઈ થયું, જેથી સદનસીબે મોટી દુર્ઘટના ટળી હતી. ગત રાત્રે બે કલાકમાં ત્રણ ઇંચ વરસાદ નોંધાયો હતો. કોઠી કચેરીની દીવાલ પણ થઈ ધરાશાયી થઈ હતી. જ્યારે શહેરમાં ૧૦ થી વધુ મોટાં હોર્ડિંગ્સ પણ ધરાશાયી થયાં હતાં. નાગરવાડા નજીક મહાકાય વૃક્ષ ૨૪ વર્ષીય યુવક પર પડતાં યુવકનું સારવાર દરમિયાન મોત નીપજ્યું. ૨૦૦થી વધુ વૃક્ષો ધરાશાયી થયા છે. વડોદરા ઇન્ટરનેશનલ એરપોર્ટ બને તે પહેલાં જ પોલ ખુલી પડી છે. ગત રોજ બે ઇંચ વરસાદમાં જ એરપોર્ટની છત પરથી પાણી ટપકવાનું શરૂ થયું હતું. ગત વરસાદમાં પણ ક્ષતિ સામે આવી છતાં સમારકામ ન થયું. જેથી ગઈકાલે એરપોર્ટમાં ધોધના દશ્યો જોઈ ઇન્ટરનેશનલ એરપોર્ટ નામ સામે સવાલ ઉઠ્યા છે. આ ઉપરાંત વડોદરા જિલ્લાના પાદરામાં વરસેલા વરસાદથી અનેક વૃક્ષો ધરાશાહી થયા છે. એક બાઇક ચાલક પર વૃક્ષ પડતા તેનું મોત નીપજ્યું હતું. તેમ જ વીજ પોલ પણ ધરાશાયી થતા રાત્રી દરમિયાન વીજ પુરવઠો પણ ખોરવાયો હતો.

# અમદાવાદમાં છ મહિનામાં લાપતા થયેલા ૯૬ બાળકને શોધી કાઢી બચાવાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરની મહિલા ક્રાઈમ બ્રાન્ચની વિશેષ ટીમ એન્ટી હ્યુમન ટ્રાફીકિંગ યુનિટ દ્વારા છેલ્લા ૬ માસમાં ૯૬ જેટલા બાળકોને રેસ્ક્યુ કરવામાં આવ્યા છે. અપહરણ અને ભિક્ષાવૃત્તિ કરતા બાળકો સહિત છેલ્લા એક વર્ષથી ઘરે પરત નહીં ફરેલા બાળકોનું પણ રેસ્ક્યુ કરીને તેમને નવજીવન આપવામાં આવ્યું છે.

ગુમ થતાં બાળકો અને ભિક્ષાવૃતિ કરતા બાળકોને રેસ્ક્યુ કરાયેલા બાળકોમાં ત્રણ બાળકીઓના અપહરણ અંગે હાઇ કોર્ટમાં હેબિયસ કોપર્સ પણ દાખલ થઈ હતી. રેસ્ક્યુ કરેલા ૯૬માંથી ૬૫ બાળકોને ભિક્ષાવૃત્તિમાંથી બહાર કાઢવામાં આવ્યા છે. જે બાળકોને શોધવા સ્થાનિક પોલીસે ત્રણ મહિના સુધી કામગીરી કરી પણ સફળતા નહીં મળતા મહિલા ક્રાઈમની એન્ટી બેગીંગ ટીમે ઓપરેશન હાથ ધર્યું હતું અને ગુમ ત્રણ બાળકીઓમાંથી એક બાળકી કૃષ્ણનગરમાંથી ગુમ થઈ હતી, જે ૧૨ વર્ષીય બાળકી ૧ વર્ષ ગુમ રહી હતી, જેને શોધી કાઢવામાં આવી છે. ૧૮ વર્ષથી નીચેની ૮ બાળાઓને પણ શોધી કાઢવામાં પોલીસને સફળતા મળી છે. અમદાવાદ સહિત રાજ્યમાં ભિક્ષાવૃત્તિ માટે બાળકોનો ઉપયોગ વધ્યો છે. વાલી કે અન્ય લોકો ભીખ માગવા માટે બાળકોનો ઉપયોગ કરતા હોય છે. જેના ૪૩ ગુનાઓ નોંધ્યા છે. બાળકોનો લેબર તરીકે ઉપયોગ કરતા હોય ત્યાં રેડ કરી ૨૮ બાળકોને મુક્ત કરવામાં આવ્યા છે. બાળકોનો ઉપયોગ કેરિયર તરીકે થતો હોય કે કેમ તે અંગે પણ ચેકીંગ કરવામાં આવ્યા છે અને ૩ કેસો નોંધવામાં આવ્યા છે. બીજી તરફ રાજ્યમાં નવરાત્રિનો તહેવાર દરમિયાન કોઈ પણ મહિલાને સુરક્ષાને લઈને ભય ના રહે તે માટે પણ મહિલા પોલીસની શી ટીમ દ્વારા રાજ્યમાં તમામ સ્થળોએ નજર રાખવામાં આવશે અને શંકાસ્પદ લાગતા અને રોમિયોગીરી કરતા લોકોને પકડીને તેમની પુછપરછ કરવામાં આવશે અને જરૂર જણાશે તો કાર્યવાહી પણ કરવામાં આવશે.

# સુરતમાં મકાનમાં આગ લાગતા છ દાઝ્યાઃ એકનું મોત

અમદાવાદઃ સુરતના સીમાડા વાલમ નગરમાં આવેલા મકાનના ત્રીજા માળે આગ લાગતા છ લોકો દાઝયા હતા જેમાં એકનું મોત થયું હતું જ્યારે પાંચ જણાની હાલત ગંભીર બતાવવામાં આવી રહી છે. આ ઘટનાની પ્રાથમિક માહિતી મુજબ વાલમનગરમાં ત્રણ માળના એક મકાનમાં સાડી પર સ્ટોન ચોંટાડવાનું કામ ચાલતું હતી. આ દરમ્યાન આગ લાગી હતી. આગ લાગતા ત્યાં અફરાતફરી મચી જવા પામી હતી. બીજી તરફ બનાવની જાણ થતા ફાયર વિભાગનો કાફલો પણ ઘટના સ્થળે પહોંચ્યો હતો. ત્યાં ધુમાડો પણ ખુબ પ્રમાણમાં જોવા મળ્યો હતો. ફાયર વિભાગે ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. આ ઘટનામાં ૬ જેટલા લોકો દાઝી ગયા હોવાનું જાણવા મળ્યું હતું. જેમાં એકનું મોત થયું છે. દાઝી ગયેલા લોકોને સારવાર અર્થે સ્મીમેર હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આ ઘટનનાને પગલે સ્થાનિક અધિકારીઓ તેમજ પોલીસ કાફલો તેમજ મેયર પણ હોસ્પિટલ પહોંચ્યા હતા. હોસ્પિપટલ પહોંચેલા રાજ્યના શિક્ષણ પ્રધાન પ્રફુલભાઈ પાનસેરીયાએ જણાવ્યું હતું કે, વાલમનગરની અંદર ગૃહઉધોગ તરીકે સાડીના રેણ વગેરેની કામગીરી આ વિસ્તારમાં ઘરઘરાઉ અને દુકાનો પર કે માળ પર અનેક લોકો કરી રહ્યા છે. દરમ્યાન ગુરુવારે સવારે આગ લાગી હતી. આગનું કારણ હાલ ચોક્કસ જાણવા મળ્યું નથી તેની તપાસ શરૂ છે. આ ઘટનામાં ૬ લોકો દાઝ્યા છે. જેઓને સ્મીમેર હોસ્પિટલમાં તમામ પ્રકારની સારવાર અને કોઈ પણ જાતની કચાશ ના રહે તે માટે ડોકટરોને સૂચના આપી છે. જયારે ફાયર અને પોલીસ આગળની કાર્યવાહી કરી રહી છે.

# નર્મદા ભાજપમાં સુગર ડેરીના પદાધિકારીની સરકારી નિયુક્તથી ભડકોઃ વસાવાનું રાજીનામું

અમદાવાદઃ ગુજરાતમાં છેલ્લા કેટલાક મહિનાઓથી સહકારી સંસ્થાઓની ચૂંટણીમાં ભાજપના મેન્ડેટ અને પસંદગી સામે ખુદ ભાજપમાં જ યાદવાસ્થળી સર્જાઇ છે. સૌરાષ્ટ્રમાં નાફેડ અને ઇફકોની ચૂંટણી ટાણે ભાજપના જ ધારાસભ્ય અને પૂર્વ પ્રધાન જયેશ રાદડિયાએ બળવાનો બૂંગિયો ફૂંક્યા બાદ મામલો વણસ્યો હતો પરંતુ આખરે આ વિવાદ શાંત પડાયા બાદ હવે નર્મદા જિલ્લામાં સહકારી સંસ્થામાં સ્થાનિક નેતાઓને વિશ્વાસમાં લીધા વગર જ ગાંધીનગરથી સીધી સરકારી ડીરેક્ટરની નિયુક્તિ થતા વિફરેલા ભાજપ અગ્રણી મહેશ વસાવાએ રાજીનામું આપી દીધુ છે બીજી બાજુ ભાજપના સાંસદ મનસુખ વસાવાએ પણ પોતાની નારાજગી વ્યક્ત કરતા ફરી એક વાર ભાજપનો આંતરિક કલહ બહાર આવ્યો છે.

ધારીખેડા સુગરના ડિરેક્ટર પદેથી સુનિલ પટેલને હટાવ્યા બાદ પ્રકાશ દેસાઈની નિમણૂક કરવામાં આવતા લોકસભાની ચૂંટણી પહેલા જ બીટીપી છોડીને ભાજપમાં જોડાયેલા માજી ધારાસભ્ય મહેશ વસાવાએ રાજીનામું આપી દીધું છે. તેમજ ગાંધીનગરથી આવેલા નિર્ણયને ભરૂચના ભાજપના સિનિયર સાંસદ મનસુખ વસાવાએ પણ ખોટો ગણાવ્યો છે. ભાજપના સિનિયર સાંસદ મનસુખ વસાવાએ જણાવ્યું હતું કે, સ્થાનિક કક્ષાએથી કોઈને વિશ્વાસમાં નથી લેવાયા. ચૂંટણીઓમાં પક્ષને નુકસાન થઈ શકે તેવી શક્યતા છે. આગામી દિવસોમાં સ્થાનિક સ્વરાજની સાથે સાથે સહકાર વિભાગની પણ ચૂંટણીઓ આવવાના છે ત્યારે અત્યારથી જ ભાજપમાં તેને લઈને અંદરો અંદરના ડખા સપાટી પર આવતા જાય છે અને આ ડખાને આગમાં ઘી આપવાનું કામ તાજેતરમાં બનેલી ઘટનાએ કર્યું છે. તાજેતરમાં જ ધારીખેડા સુગર ફેક્ટરીમાં કસ્ટોડિયલ ડિરેક્ટર બનેલા સુનિલ પટેલને હટાવ્યા હતા સાથે સાથે ઝઘડિયા વિસ્તારના બીટીપીમાંથી ભાજપમાં આવેલા પ્રકાશ દેસાઈને દૂધધારા ડેરીના ડિરેક્ટર બનાવ્યા હતા.આ બંને ઘટનાને લઈને એક સમયે બીટીપીના રાષ્ટ્રીય અધ્યક્ષ અને હાલમાં ભાજપમાં આવેલા મહેશ વસાવા નારાજગી વ્યક્ત કરી હતી. તેમજ આખરે ભરૂચ દુધારા ડેરીના ડિરેક્ટર પદેથી રાજીનામુ આપ્યું છે. મહેશ વસાવા ભૂતકાળમાં ડેરીના ડેપ્યુટી ચેરમેન પણ રહી ચૂક્યા છે.

# સબ સલામતના દાવા વચ્ચે ભેદી તાવની બીમારીથી અબડાસાના મોહાડીમાં તરુણનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ:કચ્છના સીમાવર્તી લખપત અને અબડાસા વિસ્તારમાં રહેનારા જત માલધારી સમાજમાં ફેલાયેલી કોઈ અજ્ઞાત બીમારીએ,અબડાસા તાલુકાના મોહાડી ગામમાં ૧૭ વર્ષિય અબુબકર મુસ્તુફા જત નામના કિશોરનો ભોગ લેતાં આરોગ્ય તંત્રએ તપાસ હાથ ધરી છે.

આ ભેદી રોગચાળાના કારણે લોકોના ટપોટપ મોત થવા લાગતાં રાજ્યમાંથી આરોગ્યની ટીમો કચ્છમાં દોડી આવી હતી અને પરિસ્થિતિ કાબૂમાં આવી ગઈ હોવાનું માની ટીમો પરત ચાલી ગઈ હતી, પરંતુ સરહદી વિસ્તારમાં આરોગ્યની સુવિધા આજે પણ સારી નથી, અને ભેદી તાવનો કહેર હજુ પણ યથાવત છે.

મોહાડી ગામના અબુબકર મુસ્તુફા નામના યુવાનને તાવ આવતા ભુજની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો જ્યાં બુધવારના સારવાર દરમિયાન મોત થતા ગામમાં ગમગીની ફેલાઈ હતી.હાલ સુધી ભારાવાંઢમાં છ મોત,વાલાવારીવાંઢમાં ૨ મોત અને હવે મોહાડી ગામમાં ૧ મોત થતા અબડાસા તાલુકામાં મોતનો આંક ૯ પર પહોંચ્યો છે. ભુજની જી.કે.જનરલ હોસ્પિટલમાં ૩૦ વર્ષની પરણિત મહિલા સારવાર તળે દાખલ છે. ગ્રામજનોના જણાવ્યા અનુસાર,આરોગ્ય વિભાગના અધિકારીઓ ગામોમાં આવ્યા હતા પણ તાવની બીમારી હજુ એ જ છે લોકોને ભુજ સુધી લઈ જવા પડે છે અને ભુજથી જીવિત પાછું આવતું નથી તેનો ડર પણ બરકરાર રહ્યો છે. આરોગ્ય વિભાગ દ્વારા સચોટ નિદાન કરવામાં આવે અને સાચા રિપોર્ટના કારણ જાહેર કરવામાં આવે તેવી માગ કરવામાં આવી રહી છે.

# સુરત નજીક આરોપીને લઇ જતી પોલીસ વાનને અકસ્માતઃ એક પોલીસ કર્મીનું મોત,ચાર ઘાયલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતથી આરોપી સાથે રાજકોટ જઇ રહેલા પોલીસના વાહનને સુરત નજીક અકસ્માત થતા એક પોલીસ કર્મીનું મોત થયું હતું જ્યારે બીજા ત્રણ પોલીસકર્મી અને આરોપી સહિત ચાર જણાને ઇજા થતા તમામને નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

મળતી માહિતી મુજબ સુરતથી રાજકોટ એલસીબીની ટીમ પેરોલ જમ્પ આરોપીને પકડીને રાજકોટ તરફ જઇ રહી હતી. આ દરમિયાન નાના બોરસરા ગામ પાસે પાછળથી આવતા ટ્રક ચાલકે પોલીસની કારને ટક્કર મારી હતી અને પોલીસની કાર સીધી આગળ જઈ રહેલા ટ્રકમાં અથડાઈ હતી. અકસ્માતની આ ઘટનામાં કારનો કચ્ચરઘાણ વળી ગયો હતો અને કારમાં સવાર પોલીસકર્મીઓ અને આરોપી દબાઈ ગયા હતા. બીજી તરફ અકસ્માતની આ ઘટનાને લઈને ત્યાં લોકો પણ એકઠા થઇ ગયા હતા અને લોકોએ કારમાં સવાર તમામ લોકોને બહાર કાઢ્યા હતા. આ ઘટનામાં દિગ્વિજયસિંહ રાઠોડ નામના પોલીસકર્મીનું મોત થયું હતું. જ્યારે ઘનશ્યામસિંહ જાડેજા (પોલીસકર્મી), દિવ્યેશ સુવા (પોલીસ કર્મી, અરવિંદસિંહ જાડેજા (પોલીસકર્મી) અને વિજય ઉર્ફે વાજો કાનજીભાઈ પરમાર (આરોપી) એમ ચાર લોકોને સારવાર અર્થે અંકલેશ્વરની જયાબા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. બનાવના પગલે પોલીસની ટીમે ઘટના સ્થળે પહોંચીને વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

# ભુજ-પાલનપુર ટ્રેન હવે કાયમ માટે બંધ

### ઓછા મુસાફરો મળતા હોવાનું કારણ આગળ ધરાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ પશ્ચિમ રેલવેએ ભુજ-અમદાવાદ વચ્ચે દેશની પ્રથમ નમો ભારત રેપીડ રેલ ભુજને ફાળવી અને હવે ભુજ-રાજકોટ વચ્ચે પણ ઇન્ટરસિટી શરૂ કરવાની લીલીઝંડી આપી એ બાબતથી લોકોમાં ખુશી છે જોકે રેલવેએ ભુજ-પાલનપુર ટ્રેનને ઓછા મુસાફરો મળતા હોવાનું કારણ આગળ ધરીને હવે કાયમી ધોરણે રદ કરી દીધી છે. કચ્છમાં સરકારી અને ખાનગી નોકરીમાં ઉત્તર ગુજરાતના લોકોની વસ્તી વધારે છે જેથી વતન જવા માટે આ ટ્રેન ઉપયોગી રહે છે તેમજ રાજસ્થાન, દિલ્હી,આબુરોડ જવા માટે ભુજ-પાલનપુર ટ્રેન ઉપયોગી સાબિત થતી હતી,જોકે આ ટ્રેનને વિવિધ બહાના બતાવી એક વર્ષ બંધ રાખ્યા પછી હવે પશ્ચિમ રેલવે દ્વારા કાયમી ધોરણે બંધ કરવાનો આકરો નિર્ણય લીધો છે જેથી એક ટ્રેન આપવાની ખુશીમાં બીજી છીનવી લેવાઈ છે જેથી પ્રવાસીવર્ગમાં કચવાટ જોવા મળી રહ્યો છે. ભુજ-રાજકોટ ટ્રેનના પ્રસ્તાવિત રૂટ બાબતેના પરિપત્રમાં સ્પષ્ટ જણાવાયું છે કે, ટ્રેન નંબર ૨૦૯૨૭/ ૨૦૯૨૮ ભુજ-પાલનપુર અત્યાર સુધી ૭ ઓક્ટોબર સુધી બંધ રહેવાની હતી પણ હવે તે કાયમી બંધ રહેશે.આ ટ્રેન ફરી શરુ કરવામાં આવે અથવા ગાંધીધામ સુધી આવતી ઇન્ટરસિટીને ભુજ સુધી લંબાવવામાં આવે તેવું યાત્રીગણો ઈચ્છી રહ્યા છે. ભુજથી આ ટ્રેનનો ઉપડવાનો સમય ખોટો હતો.સવારે ૧૧ અને ૦૫ કલાકે ભુજથી ઉપડી સાંજે ૧૭.૩૫ કલાકે પાલનપુર પહોંચતી હતી. જેથી આખો દિવસ નીકળી જતો સવારે ટ્રેન દોડે તો ટ્રાફિક મળી રહે.

રેલવે દ્વારા ભુજ-પાલનપુર અને ગાંધીધામ પાલનપુર એમ બે ટ્રેનનું સંચાલન કરવામાં આવતું જેમાં ભુજ-પાલનપુર ટ્રેન બંધ કરી દેવાઇ છે જ્યારે ગાંધીધામ-પાલનપુર ઇન્ટરસિટી નિયમિત ધોરણે કાર્યરત છે.ગાંધીધામથી આ ટ્રેન સવારે ૮:૧૦ કલાકે ઉપડી બપોરે ૧૪.૫૦ કલાકે પાલનપુર પહોંચાડી દે છે જેથી પ્રવાસીઓને અનુકૂળતા રહે છે. ગાંધીધામ સુધી પાલનપુરની ટ્રેન આવતી હોય તો તેને ભુજ સુધી લંબાવવામાં આવે તે પણ જરૂરી છે.

### વડોદરામાં ભૂવા પડવાનો સિલસિલો યથાવત્

# અકોટામાં એક મહિનામાં 30 ભૂવા પડ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ:ગુજરાતની સંસ્કારી નગર ગણાતા વડોદરામાં તાજેતરમાં વિશ્વામિત્રી નદીમાં આવેલા પૂરથી શરૂ થયેલા રસ્તા પર મોટાં ગાબડાં પડવાનો સિલસિલો હજુ અટક્યો નથી. એકલા અકોટા વિસ્તારમાં જ એક મહિનામાં રસ્તા પર ૩૦ જેટલા મોટા ભૂવા પડી ચૂક્યા છે. બુધવારે અકોટોમાં વધુ એક મોટા ભૂવો પડ્યો હતો.

વડોદરામાં બુધવારે રાત્રે વરસાદ વરસ્યા બાદ વધુ એક ભૂવો પડ્યો હતો, અકોટા વિસ્તારમાં પડેલા આ ભૂવો ૮ ફૂટ લાંબો અને ૫ ફૂટ પહોળો છે, ત્યારે ૫થી ૭ ફૂટ જેટલો ઊંડો છે. ફરી એક વખત તંત્રની કામગીરીને લઈને સવાલો ઊઠી રહ્યા છે.મનપા દ્વારા અકસ્માત રોકવા માટે બેરીકેડ મારી દેવામાં આવ્યા છે, અકોટા વિસ્તારમાં છેલ્લા એક જ મહિનામાં ૩૦ જેટલા ભુવા પડ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે વડોદરામાં ગઈકાલે વાવાઝોડાએ વિનાશ વેર્યો હતો. વાવાઝોડાથી ખાણીપીણીની લારીઓ રોડ પર દોડતી જોવા મળી તો ટેબલ હવામાં ફંગોળાતા હોય તેવા લાઈવ દ્રશ્યો સર્જાયાં હતાં. ગરબાના મેદાનો પર કાદવ-કીચડ જોવા મળી રહ્યો છે. હજુ તો ગરબા મેદાનો પર કામકાજ ચાલી રહ્યું છે. સમતળ કરેલા મેદાન પર કીચડનું સામ્રાજ્ય જોવા મળી રહ્યું છે.

# સુરતમાં ટ્રાફિક પોલીસની ઝુંબેશઃ ત્રણ દિવસની ડ્રાઈવમાં ૧૫૦૦ લોકોને ઇ-મેમો ફટકારાયા

અમદાવાદઃ સુરતમાં ટ્રાફિકના નિયમો તોડનારા સામે લાલ આંખ હતી. જેમાં ત્રણ દિવસની ડ્રાઈવમાં ૧૫૦૦ લોકોને ઇ-મેમો આપવામાં આવ્યો હતો. રોંગ સાઈડ વાહન ચલાવનારને રૂપિયા ૩૦૦૦નો દંડ ફટકારવામાં આવ્યો છે. જ્યારે વારંવાર નિયમો તોડતા લાઇસન્સ રદ કરાયા છે. સુરત શહેરમાં ટ્રાફિકના નિયમો તોડનારની હવે ખેર નથી. ત્રણ દિવસની ડ્રાઈવ દરમિયાન ૧૫૦૦ લોકોને ઇ-મેમો ફટકારવામાં આવ્યા હતા. ઓવર સ્પીડિંગ વાહનો પર પણ કાર્યવાહી કરવામાં આવી છે. આ વાહનો પર સ્પિડગનથી સતત નજર રાખવામાં આવી રહી છે. રોંગ સાઈડ વાહન હંકારનારાને રૂપિયા ૩૦૦૦નો દંડ ફટકારવામાં આવ્યો હતો. વારંવાર નિયમ તોડનારના લાઇસન્સ સસ્પેન્ડ કરવા સુધીની કાર્યવાહી કરવામાં આવી છે. તેમજ ખાસ ડુમસ રોડ પર રેસ લગાવતા વાહનચાલાક પર બાજનજર રાખવામાં આવી હતી. સુરતમાં ટ્રાફિકના નિયમો ભંગ કરનારાના લાઇસન્સ રદ કરવામાં આવી શકે છે, આવા વાહન ચાલકોનું લાયસન્સ રદ કરવા માટે આરટીઓ મહેનત કરી રહી છે. તાજેતરમાં ૭૫થી વધુ વખત ટ્રાફિકના નિયમો તોડનારાને તેડું મોકલ્યું હતું. આ કાર્યવાહીમાં ૫૫ વાહન ચાલકોને આરટીઓનું તેડું આવ્યું હતું જેમાં ૧૦૦થી વધુ વખત નિયમ તોડનારા ૮ વાહનચાલકો હતા. ૭૫થી વધુ વખત નિયમો તોડનારા ૨૨ વાહનચાલકો હતા. ૭૦થી વધુ વખત નિયમોનું ભંગ કરનારા ૨૫ વાહનચાલકો હતા.

# સુરતમાં પોલીસ સબ ઇન્સપેક્ટર ₹ એક લાખની લાંચ લેતા ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતમાં અઠવા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પીએસઆઈ લલિતકુમાર પુરોહિત રૂપિયા એક લાખની લાંચ લેતા એસીબીના હાથે ઝડપાઈ ગયા હતી. કેસ નહીં કરવાના બદલામાં પીએસઆઇએ રૂ. ત્રણ લાખની લાંચની માગણી કરી હતી, પરંતુ આખરે એક લાખમાં સોદો પતાવવાનું નક્કી થયું હતું. ફરિયાદી વિરુદ્ધ અઠવા લાઇન્સ પોલીસ સ્ટેશન સુરત ખાતે અરજી થઈ હતી જે અરજીની તપાસ પીએસઆઇ કરી રહ્યાં હતા જે માટે એસીબીમાં ફરીયાદ કરનારાં અરજદાર અરજી ફાઈલ કરી તેનો નિકાલ કરવા રૂપિયા એક લાખની ગેરકાયદેસર લાંચની રકમ લેવાનું નક્કી કરવામાં આવ્યું હતું. બીજી બાજુ ફરિયાદી લાંચ આપવા માગતા ના હોવાથી તેમણે એ.સી.બી. નો સંપર્ક કરી ફરિયાદ આપતા ફરિયાદીની ફરિયાદ આધારે ગોઠવેલા લાંચના છટકા દરમિયાન આ કામના આરોપીએ ફરિયાદી સાથે સ્થળ ઉપર હેતુલક્ષી વાતચીત કરી લાંચની રકમ સ્વીકારીતા રંગેહાથ પકડાઇ ગયા હતા. સુરતમાં અઠવા પોલીસ સ્ટેશનના પીએસઆઇની સામે ગુનો નંદીને એસીબીની ટીમે તેમની ધરપકડ કરી હતી.

# તોફાન પછીની શાંતિ

**વરસાદે બુધવારે મુંબઈને ધમરોળ્યા પછી ગુરુવારે અજબ શાંતિ જાળવી: રેડ ઍલર્ટને પગલે અનેક લોકોએ ઘરબહાર નીકળવાનું ટાળ્યું: જોકે સરકારે રજા જાહેર કર્યા છતાં ઘણી શાળા-કૉલેજો ખૂલ્લી રહી: મુંબઈના રસ્તા નદીમાં ફેરવાયા, પણ જળાશયોમાં પાણીની આવક નહીંવત્**

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ, થાણે સહિતના પરિસરોમાં બુધવારે રૌદ્ર સ્વરૂપ દેખાડનારા વરસાદે ગુરુવારે શાંતિ જાળવી હતી. મુશળધાર વરસાદની આગાહીને કારણે ગુરુવારે મુંબઈમાં રેડ ઍલર્ટ જાહેર કરાયું હતું, જેને પગલે અનેક મુંબઈગરાંએ ઘરબહાર નીકળવાનું ટાળ્યું હતું. રાતે વરસાદે વિરામ લેતાં ઠેર ઠેર ભરાયેલાં પાણી ઓસરવા લાગ્યાં હતાં. સરકારે બંધ જાહેર કર્યા છતાં ઘણી શાળા-કૉલેજો ખુલ્લી રહી હતી. સાંજે પાંચ કલાકમાં ૧૦૦ મિલીમીટરથી વધુ વરસાદ વરસવાને કારણે મુંબઈના અનેક માર્ગો નદીમાં ફેરવાયા છતાં જળાશયોમાં પાણીની આવક નોંધપાત્ર રહી નહોતી.

છેલ્લા કેટલાક દિવસો પોરો ખાધા પછી બુધવારે જોરદાર વરસાદ તૂટી પડ્યો હતો. વેધશાળા અનુસાર છેલ્લા ૨૪ કલાકમાં કોલાબામાં ૧૬૯ મિ.મી. અને

(જુઓ પાનું ૪) ▶▶

**વાહ રે, હવામાનખાતું!**

## વરસાદ જામ્યા પછી રેડ ઍલર્ટની જાહેરાત શું કામની?

બુધવારના વરસાદની આગાહી બાબતે ફરી એક વાર હવામાનખાતું ઊંઘતું ઝડપાયું હતું તો ગુરુવારની આગાહીનો જાણે ફિયાસ્કો થયો હતો. હવામાનખાતા દ્વારા બુધવાર માટે મુંબઈમાં ઑરેન્જ ઍલર્ટ જાહેર કરવામાં આવ્યું હતું અને મુશળધાર વરસાદની કોઈ આગાહી નહોતી. વળી, છેલ્લા કેટલાક દિવસથી વરસાદે પોરો ખાધો હોવાથી મોટા ભાગના છત્રી વિના જ ઘરેથી નીકળ્યા હતા. વ્યાવસાયિકો અને નોકરિયાતો પણ એ પ્રકારની કોઈ તૈયારીમાં નહોતા. એકાએક સાંજે વરસાદ જામી ગયા પછી ૫.૩૦ વાગ્યાની આસપાસ વેધશાળાએ રેડ ઍલર્ટ જાહેર કર્યું હતું, પરંતુ ત્યાં સુધી ખાસ્સું મોડું થઈ ગયું હતું. અનેક સ્થળે શાળા-કૉલેજના વિદ્યાર્થીઓ અટવાઈ ગયા હતા. ટ્રેનો બંધ પડતાં નોકરિયાતોની પણ રઝળપટ્ટી થઈ હતી. અધૂરામાં પૂરું હવામાનખાતાએ ગુરુવારે મુશળધારની વરસાદની આગાહી કરતાં અનેક લોકો નોકરી, કામ-ધંધે ગયા નહોતા. શાળા-કૉલેજો બંધ રાખવામાં આવી હતી, પરંતુ ગુરુવારે વરસાદ જાણે અલોપ થઈ ગયો હતો! ■

## અંધેરીના મૅનહોલમાં પડતાં જીવ ગુમાવનાર મહિલાના મનોરોગી પતિનું હવે કોણ?



મેટ્રોના કામને લીધે ઢાંકણ વિનાના મૅનહોલમાં પડી ગયેલી **વિમલા ગાયકવાડ**ને કોઈ સંતાન નથી: સુધરાઈ કમિશનરે ઉચ્ચ સ્તરીય તપાસનો આદેશ આપ્યો: ત્રણ દિવસમાં અહેવાલ સોંપાશે: પોલીસે એડીઆર નોંધ્યો



અંધેરીના એમઆઈડીસી વિસ્તારમાં મૅનહોલમાં મહિલા પડી ગયાની ઘટના પછી બીએમસીએ ઘટનાસ્થળને બેરિકેડ કર્યો હતો. (અમય ખરાડે)

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ધોધમાર વરસાદ વચ્ચે નોકરી પરથી ઘરે જઈ રહેલી મહિલાએ ખુલ્લા મૅનહોલમાં પડી જવાથી જીવ ગુમાવ્યો હોવાની ઘટના અંધેરીના એમઆઈડીસી પરિસરમાં બની હતી. મૃત્યુ પામેલી મહિલા નિઃસંતાન હતી અને પતિ માનસિક રીતે અસ્વસ્થ હોવાથી નોકરી કરીને ઘરનું ગુજરાન ચલાવતી હતી. અંધેરીમાં બનેલી આ ઘટનાની ઉચ્ચસ્તરીય તપાસ માટે મુંબઈ મહાનગરપાલિકાએ ત્રણ સભ્યની સમિતિ બનાવી હોઈ ત્રણ દિવસમાં અહેવાલ સુપરત કરવાનો આદેશ કમિશનરે આપ્યો હતો. એમઆઈડીસી પોલીસના

(જુઓ પાનું ૪) ▶▶

## મેટ્રો કારશેડને લીધે આરે સબવે પાણી-પાણી



મુંબઈ: બુધવારે રાત્રે મુંબઈમાં અનરાધાર વરસાદ પડ્યો હોવાથી ટ્રેન સર્વિસ તેમજ રસ્તા પરનો ટ્રાફિક ખોરવાયો હતો અને મહાનગરના તમામ નીચાણવાળા વિસ્તારોમાં ખૂબ પાણી ભરાઈ ગયાં હતાં. ધોધમાર વરસાદને પગલે જે વિસ્તારમાં પાણી ભરાઈ ગયા હતા એમાં એક વિસ્તાર છે ૨૦૨૨માં મુંબઈ મેટ્રો રેલ કોર્પોરેશન લિમિટેડ (એમએમઆરસીએલ) દ્વારા બાંધવામાં આવેલી આરે મિલ્ક કોલોનીમાં આવેલો સબવે. આ પરિસ્થિતિને પગલે ભવિષ્યમાં જો મેટ્રો રેલવેના પાટા પર પાણી ફરી વળશે તો મેટ્રો ૩ કારશેડની બાજુમાં બાંધવામાં આવેલા નવા સબવેની શું હાલત થશે એ સહિત અનેક સવાલ નાગરિકોને મૂંઝવી રહ્યા છે. આરેમાંથી પસાર થતી મેટ્રો ૩નું ટૂંક સમયમાં ઉદ્ઘાટન થવાનું છે. આ મેટ્રોને એક્વા લાઇન કહેવામાં આવે છે. પિકનિક પોઇન્ટ (જુઓ પાનું ૪) ▶▶

## અંધેરી-દહિસર મેટ્રોએ આકાશી આફતમાં રંગ રાખ્યો

મુંબઈમાં બુધવારે મુશળધાર વરસાદને કારણે મધ્ય રેલવેમાં લોકલ ટ્રેનો અમુક સમય માટે બંધ પડી ગઇ હતી, જ્યારે રસ્તા પર ટ્રાફિકની ભારે સમસ્યા સર્જાઇ હતી, પણ આ બધાની વચ્ચે અંધેરીથી દહિસરને કનેક્ટ કરતી મેટ્રો ટૂ-એ અને મેટ્રો-૭એ એક નવી જ સિદ્ધિ પ્રાપ્ત કરી હતી.

લોકલ ટ્રેનોના ધાંધિયા અને ટ્રાફિક જૅમ વચ્ચે લોકોએ મેટ્રોમાં જવાનું પસંદ કર્યું હતું. બુધવારે એક જ દિવસમાં મેટ્રો ટૂ-એ અને મેટ્રો-૭માં ૨,૮૭,૦૭૩ પ્રવાસીઓએ પ્રવાસ કર્યો હતો. ગુંદવલી અને અંધેરી પશ્ચિમથી બે વધારાની સર્વિસ ઓપરેટ કરવામાં આવી હતી, જ્યારે મોનોરેલમાં પણ લોકોની ભીડને ધ્યાનમાં રાખીને છ સર્વિસ વધારવામાં આવી હતી, એમ મહામુંબઈ મેટ્રો ઓપરેશન્સ કોર્પોરેશન લિ. (એમએમઓસીએલ) તરફથી જણાવાયું હતું. ■

## સંજય રાઉતને ૧૫ દિવસની કેદની સજા પછી જામીન



મુંબઈ: ઉદ્ધવ ઠાકરે જૂથના રાજ્યસભા સાંસદ સંજય રાઉતને તેમની વિરુદ્ધ કરવામાં આવેલા માનહાનિના કેસમાં અદાલતે ૧૫ દિવસની કારાવાસની સજા ઉપરાંત ૨૫,૦૦૦ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો. મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ(શિવડી) કોર્ટે રાઉતને સજા અને દંડ ફટકાર્યો હતો.

જોકે સજા મળ્યાના કલાકોમાં જ સંજય રાઉતને અદાલત તરફથી રાહત આપતા તેમના જામીન મંજૂર કરવામાં આવ્યા હતા. મઝગાંવ મેટ્રોપોલિટન કોર્ટે આ કેસમાં રાઉતના જામીન મંજૂર કર્યા હતા.

વિધાનસભાની ચૂંટણી પૂર્વે આવેલા આ ફેંસલાના કારણે રાઉતને મોટી રાહત મળી છે. ઉલ્લેખનીય છે કે ભાજપના નેતા તેમ જ ભૂતપૂર્વ સાંસદ કિરીટ સોમૈયાના (જુઓ પાનું ૪) ▶▶

## ચૂંટણી પહેલાં મને બલિનો બકરો બનાવાયો

મુંબઈ: બદનક્ષીના કેસમાં દોષિત ઠર્યા બાદ પોતાને મહારાષ્ટ્રની ચૂંટણી પહેલાં બલિનો બકરો બનાવવામાં આવ્યો હોવાનો દાવો કરી શિવસેના (યુબીટી)ના નેતા સંજય રાઉતે ગુરુવારે કહ્યું હતું કે તેઓ આ ચુકાદાને ઉપલી અદાલતમાં પડકારશે. ભાજપના નેતા કિરીટ સોમૈયાના પત્ની મેધા સોમૈયાએ તેમની સામે નોંધાવેલી બદનક્ષીની ફરિયાદમાં મુંબઈની એક અદાલતે ગુરુવારે સવારે રાજ્યસભાના સભ્ય રાઉતને ૧૫ દિવસની સાદી કેદની સજા ફટકારી હતી. જોકે, પછી આ સજા ૩૦ દિવસ માટે સ્થગિત કરી તેમને જામીન આપ્યા હતા.

સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં રાઉતે પૂછ્યું હતું કે વડા પ્રધાન 'મોદક'નો પ્રસાદ લેવા ભારતના મુખ્ય ન્યાયમૂર્તિના નિવાસસ્થાને જતા હોય એ પરિસ્થિતિમાં ભ્રષ્ટાચાર અને અન્ય મુદ્દા સામે અવાજ ઉઠાવતા પોતાના જેવા લોકોને ન્યાય ક્યાંથી મળવાનો હતો? રાઉત આ મહિનાની શરૂઆતમાં ગણેશ ઉત્સવ દરમિયાન પીએમ નરેન્દ્ર મોદીની ચીફ જસ્ટિસ ડી. વાય. ચંદ્રચુડના નિવાસસ્થાનની મુલાકાતનો ઉલ્લેખ કરી રહ્યા હતા. આ મુલાકાતની વિરોધ પક્ષોએ ટીકા કરી હતી.

મેધા સોમૈયાએ પોતાની ફરિયાદમાં જણાવ્યું હતું કે મીરા ભાયંદર મ્યુનિસિપલ કોર્પોરેશનના કાર્યક્ષેત્ર હેઠળના કેટલાક જાહેર શૌચાલયોના નિર્માણ અને જાળવણી અંગેના

(જુઓ પાનું ૪) ▶▶

## હાજી અલી દરગાહમાં બોમ્બ મુકાયાની ધમકી

મુંબઈ: મુંબઈની હાજી અલી દરગાહના કાર્યાલયમાં કૉલ કરીને દરગાહમાં બોમ્બ મુકાયો હોવાની ધમકી આપનારા શખસ વિરુદ્ધ તાડદેવ પોલીસે ગુનો દાખલ કર્યો હતો. આરોપીએ વચ્ચે કોઇ પણ આવશે તો તેને ગોળી મારવાની ધમકી પણ આપી હતી.

કૉલ કરનારા શખસે પોતાની ઓળખ દિલ્હીના રહેવાસી પવન તરીકે આપી હતી. ધમકીભર્યા કૉલ દિલ્હીથી આવ્યા હોવાનું પ્રાથમિક તપાસમાં જણાયું હોઇ ક્રાઇમ બ્રાન્ચ પણ આ પ્રકરણની સમાંતર તપાસ કરી રહી છે.

હાજી અલી દરગાહના એડમિનિસ્ટ્રેટિવ ઓફિસર મોહંમદ અહેમદ શેખે (૪૨) આ પ્રકરણે તાડદેવ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી, જેને આધારે બુધવારે ગુનો દાખલ કરાયો હતો. આરોપીએ બે અલગ અલગ નંબર પરથી મંગળવાર અને બુધવારે કૉલ કર્યા હતા.

શેખને પહેલો કૉલ મંગળવારે સાંજે પાંચ વાગ્યે આવ્યો હતો. કૉલરે દાવો કર્યો હતો કે હાજી અલી દરગાહમાં બોમ્બ મુકાયો છે. તેણે દરગાહ તાત્કાલિક ખાલી કરાવવાનું કહ્યું હતું. દરગાહ ખાલી ન કરે તો તેને બોમ્બથી ઉડાવી દેવાની અને વચ્ચે કોઇ પણ આવે તો તેને ગોળી મારવાની ધમકી તેણે આપી હતી. બાદમાં આરોપીએ બીજો કૉલ કર્યો હતો.

ફોન પર મળેલી ધમકીને ગંભીરતાથી લઇ પોલીસે દરગાહના પરિસરમાં તપાસ આદરી હતી, પણ કોઇ વાંધાજનક વસ્તુ મળી આવી નહોતી. જે નંબર પરથી ધમકીભર્યા કૉલ આવ્યા હતા તે નંબર પોલીસે પ્રાપ્ત કર્યા હોઇ આરોપીની શોધ ચલાવવામાં આવી રહી છે. ■

## મુંબઈ એરપોર્ટ પર શાહરૂખની ઝલક જોવા ફૅન્સની ધક્કામુક્કી

મુંબઈ: બૉલીવૂડના કિંગ ખાન શાહરૂખ ખાનની લોકચાહના ભારતમાં કોઈ પણ સેલિબ્રિટી કરતા વધુ છે, એમાં કોઈ બેમત ના હોઈ શકે. ફેન્સ શાહરૂખ ખાનની એક ઝલક મેળવવા માટે પડાપડી કરતા હોય છે. એવામાં આજે ગુરુવારે સવારે મુંબઈ એરપોર્ટ પર કંઇક આવાજ દૃશ્યો સર્જાયા હતાં. વહેલી સવારે શાહરૂખ ખાન મુંબઈ એરપોર્ટ પહોંચ્યો ત્યારે ચાહકોની ભીડ બેકાબૂ થઇ ગઈ હતી, સુરક્ષાકર્મીઓએ ભારે જહેમત બાદ સ્થિતિ સંભાળી હતી.

અહેવાલ મુજબ શાહરૂખ ખાન અબુ ધાબીમાં આયોજિત આઈફા ઈવેન્ટ માટે રવાના થઈ રહ્યો હતો, એ સમયનો વીડિયો અને તસવીરો સોશિયલ મીડિયા પર વાયરલ થઇ રહ્યા છે. શાહરૂખ ખાન કડક સુરક્ષા વચ્ચે એરપોર્ટમાં પ્રવેશ્યો હતો. શાહરૂખ તેની કારમાંથી બહાર આવતા જ સુરક્ષાકર્મીઓએ તેને ઘેરી લીધો હતો. સુરક્ષાકર્મીઓ ઘેરો બનાવીને શાહરૂખને એરપોર્ટ અંદર લઇ જઈ રહ્યા હતાં, એ દરમિયાન ચાહકોની ભીડ બેકાબૂ થઇ ગઈ હતી.

ચાહકો બૂમો પાડતા શાહરૂખની નજીક પહોંચી ગયા હતાં. એક છોકરી અને એક મહિલા તેની તરફ દોડ્યા અને ધક્કો મારવા લાગ્યા. આ દરમિયાન શાહરૂખ પણ સંતુલન ગુમાવી બેઠો હતો. જોકે શાહરૂખે સ્વસ્થતા જાળવી રાખી હતી અને સુરક્ષિત રીતે એરપોર્ટ અંદર પહોંચ્યો હતો. ■

## 'માળખું મજબૂત નહોતું એટલે શિવાજી મહારાજની પ્રતિમા તૂટી પડી હતી'

### તપાસ સમિતિના અહેવાલમાં તારતમ્ય

મુંબઈ: મહારાષ્ટ્રના સિંધુદુર્ગના રાજકોટ કિલ્લામાં છત્રપતિ શિવાજી મહારાજની પ્રતિમા તૂટી પડવાનાં કારણો હવે સ્પષ્ટ થઈ ગયાં છે. રાજ્ય સરકારે નિમેલી તપાસ સમિતિનો અહેવાલ રજૂ કરવામાં આવ્યો છે.

સિંધુદુર્ગ જિલ્લાના રાજકોટ કિલ્લા ખાતે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ અનાવરણ કર્યું હતું એ છત્રપતિ શિવાજી મહારાજની પ્રતિમા ૨૬ ઓગસ્ટના રોજ તૂટી પડી હતી. આ દુર્ઘટના બાદ મહારાષ્ટ્રના રાજકારણમાં ગરમાવો આવ્યો હતો. આ દુર્ઘટના બદલ ખુદ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ નાશિકમાં માફી માગી હતી. રાજ્ય સરકારે આ ઘટનાની તપાસ માટે નિષ્ણાતોની એક સમિતિની નિમણૂક કરી હતી. સમિતિએ પોતાનો ૧૬ પાનાનો અહેવાલ રાજ્ય સરકારને સુપરત કર્યો છે. તેમાં પ્રતિમાના પતનના વિવિધ ચોંકાવનારાં કારણોની વિગતો આપવામાં આવી છે. ઉદ્યોગ પ્રધાન ઉદય સામંતે જણાવ્યું હતું કે સમિતિનો અહેવાલ મળ્યા બાદ રાજ્ય સરકાર ગુનેગારો સામે કાર્યવાહી કરશે. પ્રતિમા તૂટી પાડવા બદલ આપવામાં આવેલાં કારણોમાં જણાવવામાં આવ્યું છે કે ૩૩ ફૂટની પ્રતિમાનો ભાર ખમી શકે એટલું માળખું મજબૂત નહોતું. તપાસ સમિતિએ પ્રાથમિક તપાસ બાદ તારણ કાઢ્યું છે કે અયોગ્ય વેલ્ડિંગ અને કાટને કારણે આ પ્રતિમા ધરાશાયી થઈ હતી. આ પ્રતિમા ઊભી કરવામાં આવ્યા બાદ તેની યોગ્ય જાળવણી નહોતી કરવામાં આવી એવો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે. જાળવણી અને સમારકામના અભાવે પ્રતિમા તૂટી પડી હોવાનું અહેવાલમાં જણાવવામાં આવ્યું છે.આ પ્રતિમાનું અનાવરણ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ૪ ડિસેમ્બરે નેવી ડેના અવસર પર કર્યું હતું. જોકે ૨૬ ઓગસ્ટે પ્રતિમા તૂટી ગઈ હતી. ■

## કપડાં ધોવાના કેમિકલને ડીઝલ સમજી લોકો ઘરે લઇ જવા માંડ્યા

### મુંબઈ-અમદાવાદ હાઈવે પર ટેન્કર ઊંધું વળ્યા પછી ટ્રાફિક જૅમ



મુંબઈ: મુંબઈ-અમદાવાદ નેશનલ હાઇવે પર ગુરુવારે સવારે ૮.૩૦ કલાકે ચારોટી નજીક કેમિકલ લઇ જતું ટેન્કર પલટી થયું હતું. આ ટેન્કરમાંથી મોટા પ્રમાણમાં હાઇડ્રોકાર્બન કેમિકલ ઢોળાયું હોવાને કારણે ભારે ટ્રાફિક જૅમ થયો હતો.

ગુજરાતથી મુંબઈ તરફ આવી રહેલા કેમિકલ ટેન્કરના ડ્રાઇવરે નિયંત્રણ ખોઇ બેસતા આ અકસ્માત સર્જાયો હતો. ટેન્કરમાં કપડા ધોવા માટે વપરાતાં ઉત્પાદનો બનાવવા માટેનું સફેદ રંગનું હાઇડ્રોકાર્બન કેમિકલ હતું. આ કેમિકલની વાસ ડીઝલ જેવી આવી રહી હતી તેથી લોકોએ કેમિકલ લઇ જવા માટે ભીડ કરી હતી. કેટલાક વાહનચાલકોએ આ કેમિકલ ડીઝલ હોવાનું સમજીમાં પોતાના વાહનમાં પણ ભરી લીધું હતું, પણ તે કેમિકલ ડીઝલ ન હોવાને કારણે આવાં વાહનોને ઘણું નુકસાન થવાનું પણ કહેવાઇ રહ્યું છે.

કેમિકલ લઇ જતું ટેન્કર પલટી ખાઇ જતા અમુક સમય માટે રસ્તાની બન્ને લાઇન બંધ કરી દેવામાં આવી હતી જેથી ભારે ટ્રાફિક જૅમ પણ સર્જાયો હતો. ત્યાર બાદ પોલીસ અને સંબંધિત અધિકારીઓની મદદથી ટ્રાફિક દૂર કરાયો હતો. ટેન્કરમાંથી કેમિકલ લીકેજ થવા લાગ્યું હતું જેને કારણે સવારે ૧૦ વાગ્યાની આસપાસ ટ્રાફિક સર્જાયો હતો. ટેન્કરને ક્રેન દ્વારા દોરી જવાયું હતું, એમ એક અધિકારીએ જણાવ્યું હતું. ■

મુંબઈ સમાચાર દ્વિશતાબ્દી મહોત્સવની ઉજવણી નિમિત્તે
બૃહદ મુંબઈ નવરાત્રિ મહાસ્પર્ધા
રોજેરોજ ઈનામોની વણઝાર
રમો ઝૂમો અને જીતો
૩ ઓક્ટોબરથી ૧૧ ઓક્ટોબર સુધી...
મુંબઈ સમાચારની મહાસ્પર્ધા મુંબઈનાં મુખ્ય સેન્ટરોમાં યોજવામાં આવી છે, જેમાંથી રોજેરોજ અનેક કેટેગરીમાં વિજેતાઓની પસંદગી કરવામાં આવશે. વિજેતાઓનો ફાઈનલ રાઉન્ડ રમાડવામાં આવશે.
મહાસ્પર્ધામાં પ્રોફેશનલ જજની નિમણૂક કરવામાં આવી છે અને તેમના દ્વારા પસંદગી કરાયેલા વિજેતાઓને ટ્રોફી એનાયત કરવામાં આવશે
મહાસ્પર્ધામાં બમ્પર ઈનામો: થાઈલેન્ડ ટ્રિપ (૧૦ કપલ), ભૂતાનની ટિકિટ - સ્ટે (બે કપલ), ઓલ ઈન્ડિયા હોટેલ વાઉચર્સ, ગિફ્ટ વાઉચર્સ તેમ જ ટ્રોફી વત્તા લાખોનાં રોકડ ઈનામો તો છોગામાં.
આટલું જ નહીં, રોજેરોજ જે ખેલૈયાઓ વિજેતા બનશે તેમનો ફોટો અને અહેવાલ મુંબઈ સમાચારમાં પ્રકાશિત કરવામાં આવશે.
...તો ગરબાની રમઝટ બોલાવવા માટે થઈ જાવ તૈયાર
ફાઈનલ રાઉન્ડની અને અન્ય સેન્ટરોની યાદી માટે જોતા રહો મુંબઈ સમાચાર
પ્રાયોજક:
Chandan Mouth Freshener Khana Ki Happy Ending!
NanoNine Innovative Kitchenware
Renddezvous where soulmates meet
B SEEN Get Noticed
JVM SPACES a mehta group venture
HAIRLOGIC The Right Basics
B.N. JEWELLERS India Private Limited
RACHNA SALON Since 1980
Gifting partners
Trophy partner
Since 1983
Tripz2Thailand
HAIR STUDIO
Gifting partners
સહયોગ: જિતુભાઈ મહેતા, દુષ્યંત સોની, અમિત સોની અને મનીષા શેઠ
DIGITAL GLOBAL GARBA
visit: www.bombaysamachar.com

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ધારાવીમાં ટીડીઆર ટોચમર્યાદા નક્કી કરવા સિવાય આખું ટેન્ડર ઉદ્ધવ સરકાર જેવું જ હતું

## ધારાવી રિડેવલપમેન્ટમાં ગરબડ મુદ્દે ફડણવીસની સ્પષ્ટતા

મુંબઈઃ એશિયાની સૌથી મોટા ઝૂંપડપટ્ટી વિસ્તાર તરીકે ઓળખાતા ધારાવીના રિડેવલપમેન્ટ(પુનર્વિકાસ)નો મુદ્દે રિડેવલપમેન્ટના ટેન્ડર બહાર પાડવામાં આવ્યા ત્યારથી જ એક રાજકીય મુદ્દો બની ગયો હતો અને વિરોધ પક્ષો દ્વારા સરકાર પર રિડેવલપમેન્ટના ટેન્ડરમાં ગરબડ કરીને અદાણી ગ્રુપને ટેન્ડર આપવામાં આવ્યું હોવા સહિતના અનેક આરોપો મૂકવામાં આવ્યા હતા. જોકે, નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે તમામ આરોપોને ફગાવતા ખરેખર શું દૃશ્ય છે તે સ્પષ્ટ કર્યું હતું.

ફડણવીસે સરકારે અદાણી ગ્રુપને આપવામાં આવેલા ટેન્ડરનો બચાવ કરતા કહ્યું હતું કે ધારાવીના રિડેવલપમેન્ટનું ટેન્ડર સૌપ્રથમ હું મુખ્ય પ્રધાન હતો ત્યારે તૈયાર કરવામાં આવ્યું હતું. જે ઉદ્ધવ ઠાકરેની સરકારે રદ કરીને નવેસરથી ટેન્ડર બનાવ્યું હતું. અમે ઉદ્ધવ ઠાકરેની સરકારની કેબિનેટે તૈયાર કરેલું ટેન્ડર જ બહાર પાડ્યું છે અને અમે તેમાં એક જ શરતમાં ફેરફાર કર્યો હતો જે હતો ટીડીઆર(ટ્રાન્સ્ફરેબલ ડેવલપમેન્ટ રાઇટ્સ)નો. અદાણી ગ્રુપ દ્વારા ટેન્ડરની તમામ શરતો પૂરી કરવામાં આવી હોવાનું પણ ફડણવીસે જણાવ્યું હતું.

તેમણે વધુ સમજાવતા કહ્યું હતું કે ઉદ્ધવ ઠાકરેની સરકારના ટેન્ડરમાં ટીડીઆરની ટોચમર્યાદા નક્કી(કેપ) નહોતી. જો આમ થાત તો જેના હાથમાં ટેન્ડર જાય તે મુંબઈના ટીડીઆર માર્કેટનો માલિક બની જાય અને તે મુંબઈ તેના હાથમાં આવી જાય. અમે એ થવા દઇ ન શકીએ એટલે અમે ૯૦ ટકાની વેલ્યુ(કિંમત) પર ટીડીઆર આપવાની, તેની ટોચમર્યાદા નક્કી કરવાની અને આ બધી જ પ્રક્રિયા ડિજિટલ પ્લેટફોર્મ પર કરવાની જેથી તે બધા સામે રહે તે શરત ઉમેરી હતી. ટીડીઆરની વેલ્યુ ૯૦ ટકા કરતાં ક્યારેય નહીં વધે એવી શરત અમે ટેન્ડરમાં ઉમેરી હતી.

આ ઉપરાંત વિરોધ પક્ષો દ્વારા ટેન્ડર મેળવનારે પ્રિમીયમ ન ભર્યું હોવાનો આરોપ ફગાવતા ફડવણવીસે જણાવ્યું હતું કે કદાચ એ લોકો રાજકારણ જ કરવા માગે છે એટલે અજાણ બને છે કારણ કે ૪,૦૦૦ કરોડ રૂપિયાનું ટેન્ડર ભરાયું છે. એ શરત ક્યારેય હટાવાઇ જ નહોતી. અમે તો ઉદ્ધવ સરકાર બનાવેલા ટેન્ડરની ૭૦,૦૦૦ લોકોના પુનર્વસનની યોજનાનો વિસ્તાર કરી બે લાખ ધારાવીવાસીઓને ધ્યાનમાં રાખીને યોજના બનાવી છે. ■

# મુંબઈ ન્યૂઝ પેપર વેન્ડર્સ એસોસિયેશનને પ્રથમ ચેક એનાયત



મુંબઈઃ મુંબઈ અને થાણેના અખબાર વિક્રેતાઓની મદદ માટે સ્થાપના કરવામાં આવેલા મુંબઈ ન્યૂઝ પેપર વેન્ડર્સ એસોસિયેશનને દૈનિક સામના તથા દાંગટ ન્યૂઝ પેપર એજન્સી તરફથી પ્રથમ ચેક માતોશ્રી ખાતે શિવસેના (યુબીટી)ના પ્રમુખ ઉદ્ધવ ઠાકરેના હસ્તે એસોસિયેશનના પ્રમુખ સુભાષ દેસાઇ તથા ઉપપ્રમુખ બાજીરાવ શેઠ દાંગટને એનાયત કરાયો હતો. આ નિમિત્તે વિવેક કદમ, રોકી રોડ્રિક્સ, સંજય તેલંગ, દીપક શિંદે, શરદ સુરવસે, મનોજ જયસ્વાલ, અજય ભટ, ડી. બી. શર્મા, ચારુદત્ત દાંગટ, વસંત પાટીલ, યોગીરાજ વાણી, ગુલાબ યાદવ, અથી બાલમુરુગન, શિવપાલ દુબે, સમીર કુલકર્ણી, સંતોષ વાલાવલકર, મધુસૂદન સદડેકર, અજિત પાટીલ, સંજય ચૌકેકર, રવિ ચિલે વગેરે સહિતના અખબાર કંપનીના વરિષ્ઠ અધિકારી તથા અખબાર વિક્રેતાઓના પ્રતિનિધિ ઉપસ્થિત રહ્યા હતા. ■

# કમોડની ઉપર વૉશિંગ મશીન...

## આ છે મુંબઈની વાસ્તવિકતા



મુંબઈઃ મુંબઈને 'સપનાનું શહેર' ગણવામાં આવે છે જ્યાં લોકો પોતાના સપનાં પૂર્ણ કરવા ઠેકઠેકાણેથી આવતા હોય છે, પણ ગુજરાતીમાં કહેવત છે 'મુંબઈમાં રોટલો મળે, પણ ઓટલો ન મળે' એ પ્રમાણે અહીં રહેવા માટે નાનકડી જગ્યા ભાડે લેતા ખિસ્સા ખંખેરી કાઢવાનો વારો આવે છે. રૂમના ભાડાના વધેલા ભાવ હવે લોકોની સમસ્યા બની ગઇ છે.

મુંબઈમાં નાનામાં નાની જગ્યા પણ હવે લક્ઝરી સમાન છે. શિક્ષણ, નોકરી-ધંધા માટે આવતા લોકોને ગગનચુંબી ઇમારતોમાં ફ્લેટના અધધધ ભાડા ચૂકવવા પડે છે. આટલા પૈસા ચૂકવીને પણ તેમને સાંકડી જગ્યામાં ગુજારો કરવો પડે છે.

એક 'એક્સ' (ટ્વિટર) યુઝરે હાલમાં પોસ્ટ કરીને ચોંકાવનારી બાબત જણાવી હતી. તેણે મુંબઈના પોશ ગણાતા પાલી હિલમાં ટુ-બીએચકેનો ફ્લેટ મહિને લાખોના ભાડા પર લીધો હતો. ફ્લેટનું વૉશરૂમ એટલું નાનું હતું કે જ્યાં કમોડની ઉપર વૉશિંગ મશીન ઇન્સ્ટોલ કરવામાં આવ્યું હતું. આ અંગેના તેણે ફોટા પણ પોસ્ટ કર્યા હતા.

નવાઇની વાત તો એ છે કે તે યુઝર્સ તે ફ્લેટ માટે મહિને રૂ. ૧.૩૫ લાખ ભાડું ચૂકવી રહ્યો હતો. એટલું જ નહીં રૂ. ચાર લાખ સિક્યોરિટી, ૧.૪૦ લાખ દલાલી પણ ચૂકવી હતી.

ફોટોગ્રાફ સાથે યુઝર્સે લખ્યું હતું કે 'મુંબઈમાં ફક્ત ફ્રન્ટ લૉડ વૉશિંગ મશીન જ ચાલે, જ્યારે ટોપ લૉડ મશીન તમારું કમોડ છે.' ■

# મોટા ભાઈએ કહ્યું, મહાયુતિમાં મોટો ભાઈ તો ભાજપ જ

## ભાજપ ૧૫૦થી ૧૬૦ બેઠક પર પ્રભુત્વ ધરાવતી હોવાનું અમિત શાહે વાટાઘાટો દરમિયાન સ્પષ્ટ કર્યું

મુંબઈઃ કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ હાલમાં જ બે દિવસની મહારાષ્ટ્ર મુલાકાતે હતા અને એ દરમિયાન તેમણે વિધાનસભાની ચૂંટણીને લઇ મહત્ત્વના નિર્ણયો લેવા ઉપરાંત રણનીતિ પણ સમજાવી હોવાનું કહેવાય છે. આ દરમિયાન તેમણે બેઠકોની વહેંચણીના મુદ્દે પણ સાથી પક્ષોના વડા સાથે બેસીને વાટાઘાટો કરી હતી. જ્યાર બાદ ભાજપ ચૂંટણીમાં ૧૫૦થી ૧૬૦ બેઠક પરથી ચૂંટણી લડશે તેવી શક્યતા તેમણે વ્યક્ત કરી હતી.

બેઠકની વહેંચણીની વાતચીત દરમિયાન અમિત શાહે મિત્ર પક્ષોને ભાજપ ૧૫૦થી ૧૬૦ બેઠક પર જીત મેળવી શકે તેમ હોવાનું જણાવ્યું હતું. જો આમ થાય તો મહાયુતિમાં ભાજપ જ મોટો ભાઇ બની રહેશે. જોકે, અજિત પવાર જૂથ કે પછી એકનાથ શિંદે જૂથ સાથે કોઇપણ પ્રકારનો ભેદભાવ નહીં કરવામાં આવે, એવું આશ્વાસન પણ અમિત શાહે આપ્યું હોવાનું જાણવા મળ્યું હતું.

જે બેઠક પર અજિત પવાર અને એકનાથ શિંદે જૂથના વિધાનસભ્યો છે એ બેઠક તેમની પાસે જ રહેવા દેવામાં આવશે, પરંતુ બાકીની બેઠકોની સમીક્ષા કર્યા બાદ એ અંગે નિર્ણય લેવામાં આવશે, એમ તેમણે કહ્યું હોવાની માહિતી મળી હતી.

**સત્તા મહત્ત્વની, પક્ષનું અભિમાન નહીંઃ અમિત શાહ**

અમિત શાહની વાતથી બધા જ સંમત હોવાનું અને કોઇએ કોઇપણ પ્રકારનો આગ્રહ કે માગણી ન કરી હોવાનું સૂત્રો પાસેથી જાણવા મળ્યું હતું. સત્તા હાથમાં આવે એ મહત્ત્વનું છે, પક્ષનું અભિમાન સાચવવું નહીં, એવી અમિત શાહની વાત બધાએ જ માન્ય કરી હોવાનું જાણવા મળ્યું હતું. ■

# મ્હાડાના એક ફ્લેટ માટે ૫૬ અરજી

મુંબઈઃ મ્હાડાના ૨,૦૩૦ ઘરની લોટરીને લોકોનો સારો પ્રતિસાદ મળ્યો છે. ૧,૩૪,૩૫૦ લોકોએ આ ઘર માટે અરજી કરી છે, જ્યારે ૧,૧૩,૮૧૧ અરજદારે ડિપોઝિટની રકમ ભરીને લોટરીમાં પોતાનો સહભાગ નિશ્ચિત કર્યો છે. મ્હાડાને આ ડિપોઝિટમાંથી ૫૩૦ કરોડ રૂપિયા મળ્યા છે, જ્યારે એક ઘર પાછળ અંદાજે ૫૬ અરજી આવી હોવાનું જણાઇ રહ્યું છે.

**કુર્લાઃ** ૧૪ ફ્લેટ માટે ૪૦૨૬ અરજી મળી, ૩૧૨૪ ડિપોઝિટ પ્રાપ્ત.

**ઓશિવરાઃ** એક ફ્લેટ માટે ૭૬૫ અરજી, ૫૪૬ ડિપોઝિટ પ્રાપ્ત.

**ગોરેગામઃ** સિદ્ધાર્થનગર ગોરેગામના બે ફ્લેટ માટે ૭૪૯ અરજી, ૬૦૨ ડિપોઝિટ પ્રાપ્ત.

**વિક્રોલીઃ** કન્નમવાર નગર, વિક્રોલીમાં બે ફ્લેટ માટે ૬૨૦ અરજી, ૪૪૬ ડિપોઝિટ પ્રાપ્ત.

**ભુલેશ્વરઃ** વેલકર સ્ટ્રીટના એક ફ્લેટ માટે ૫૩૩ અરજી, ૪૨૨ ડિપોઝિટ પ્રાપ્ત.

**દિંડોશીઃ** શિવધામ જૂની દિંડોશી, મ્હાડા કોલોની, મલાડના એક ફ્લેટ માટે ૪૧૯ અરજી, ૨૯૧ ડિપોઝિટ પ્રાપ્ત.

**જૂની દિંડોશીઃ** શિવધામ જૂની દિંડોશી, મ્હાડા કોલોની, મલાડના ૪૫ ફ્લેટ માટે ૧૧,૨૮૦ અરજી, ૯,૫૧૯ ડિપોઝિટ પ્રાપ્ત.

મ્હાડાના કુલ ઘરમાંથી ઉક્ત ઘરોની માગણી વધુ છે. લૉટરીનું વિભાજન ત્રણ ગ્રુપમાં કરવામાં આવ્યું છે જેમાં અંડર કન્સ્ટ્રક્શન ગ્રુપમાં ૧,૩૨૭ ફ્લેટ છે. ■

# એક પણ પાઈ પાલિકાને નહીં આપીએઃ હોર્ડિંગને મુદ્દે મ્હાડાએ અપનાવી નવી ભૂમિકા

મુંબઈઃ પાલિકા લાઈસન્સ ઓથોરિટી હોવાથી તેના દ્વારા હોર્ડિંગ બાબતે ધોરણ તૈયાર કરવામાં આવતાં હોય છે. આમાં મુંબઈમાં મ્હાડા તેમ જ અન્ય ઓથોરિટીની જગ્યા પર હોર્ડિંગ ઊભાં કરવામાં આવ્યાં હોય તો પણ તેમાંથી મળનારાં ભાડાંમાંથી ૫૦ ટકાની રકમ પાલિકાને આપવી, એવી જોગવાઈ ડ્રાફ્ટમાં છે. આની સામે મ્હાડાએ વાંધો ઉઠાવતાં હોર્ડિંગમાંથી મળતા ભાડામાંથી એક પણ પાઈ આપવામાં નહીં આવે, એવી ભૂમિકા હાથ ધરી છે. જોકે મ્હાડાએ આ બાબતે વાંધો ઉઠાવ્યો છે અને પાલિકા દાદ નહીં આપે તો કોર્ટનાં દ્વાર ખટખટાવવાની પણ તૈયારી બતાવી હોવાનું મ્હાડાના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું. મુંબઈ શહેર અને સબર્બમાં હોર્ડિંગને લઇ મુંબઈ પાલિકા અને મ્હાડા સામસામે આવી ગયાં છે. પાલિકાએ મુંબઈમાં લગાવવામાં આવતાં હોર્ડિંગમાંથી મળતાં ભાડાંના પચાસ ટકા ભાડું પાલિકાને આપવું પડશે, એવી જોગવાઈ કરી છે.

આ મુસદ્દા પર પાલિકાએ સૂચનો-વાંધા મગાવ્યાં હતાં. દરમિયાન મુંબઈ શહેર તેમ જ સબર્બમાં મ્હાડાની અનેક ઠેકાણે જગ્યા હોઇ તેના પર હાલ ૫૮ ઠેકાણે હોર્ડિંગ્સ છે. તેને પાલિકાએ લાઈસન્સ આપ્યું હોવા છતાં મ્હાડાનું જગ્યાના માલિક તરીકે એનઓસી ન હોવાથી તે ગેરકાયદે ઠરે છે. આથી તેને એનઓસી આપીને ભાડું વસૂલવાની મ્હાડાએ હિલચાલ શરૂ કરી હોઇ પાલિકાએ નવા હોર્ડિંગ્સ ધોરણમાં ભાડાના પચાસ ટકાની રકમ પાલિકાને જમા કરવી પડશે, એવી ભૂમિકા હાથ ધરી હતી. જોકે તેને મંજૂરી મળી ન હોવાથી વાંધાઓ મગાવવામાં આવ્યા હતા. હવે આ અંગે પાલિકા શો નિર્ણય લેશે તેના પર લક્ષ્ય છે. ■

---

# ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે.

**વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શનિવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.**

## ભાષા વૈભવ...

હિન્દી - ગુજરાતી જોડી જમાવો

| A | B |
|---|---|
| भालू | વરુ |
| कछुआ | ઘેંટુ |
| भेडा | રીંછ |
| भेडिया | સાબર |
| बारहसिंगा | કાચબો |

## ઓળખાણ પડી?



બેસ્ટ એક્ટ્રેસનો ઓસ્કર એવોર્ડ મેળવનારી પહેલી અશ્વેત અભિનેત્રીની ઓળખાણ પડી? કમભાગ્યે હજી સુધી બીજી અશ્વેત એક્ટ્રેસ આ એવોર્ડ નથી મેળવી શકી.

અ) Dorothy Dandridge
બ) Jennifer Hudson
ક) Diana Ross
ડ) Halle Berry

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ જા | ૨ જ | ર | ૩ મા | ન | ■ | ૪ અં | ૫ દા | જિ | ૬ ત |
| ૭ ન | ગ | ■ | દ | ■ | ૮ સં | ગ | ત | ■ | રે |
| ૯ મા | ન | ૧૦ સ | ર | ■ | ચા | ■ | ણ | ■ | હ |
| લ | ■ | ૧૧ દી | પા | વ | લિ | ■ | ■ | ૧૨ દી | વા |
| ■ | ૧૩ સ | ■ | ટ | ■ | ૧૪ ત | ૧૫ બ | ક્કા | વા | ર |
| ૧૬ જ | ત | ન | ■ | ૧૭ જા | ■ | દી | ■ | ન | ■ |
| ૧૮ બ | લ | ■ | ૧૯ ગ | ણ | ૨૦ ત્રી | ■ | ૨૧ ધૂ | ■ | ૨૨ અ |
| ૨૩ ર | જ | ૨૪ ક | ણ | ■ | ૨૫ સ | ૨૬ દા | સ | ર્વ | દા |
| દ | ■ | ૨૭ શા | ક | ■ | ■ | ૨૮ વ | ર | ■ | વ |
| ૨૯ સ્ત | બ | ક | ■ | ૩૦ અ | તી | ત | ■ | ૩૧ વા | ત |

## શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ■ | ૩ | ૪ | | ૫ | ૬ |
| | ■ | | ■ | ૭ | | | ■ | ૮ | |
| ૯ | | | | ■ | ૧૦ | | ૧૧ | ■ | |
| | ■ | | ■ | ૧૨ | ■ | ૧૩ | | ■ | |
| ■ | ૧૪ | ■ | ૧૫ | | ૧૬ | | ■ | ૧૭ | ■ |
| ૧૮ | | | | ■ | ૧૯ | | ■ | ૨૦ | ૨૧ |
| ૨૨ | | ■ | ■ | ૨૩ | ■ | ■ | ૨૪ | | |
| ૨૫ | | ૨૬ | ■ | ૨૭ | ૨૮ | | ■ | ■ | |
| | ■ | ૨૯ | | | | ■ | ૩૦ | | |
| ૩૧ | | | ■ | ૩૨ | | | | ■ | |

**આડી ચાવી**

૧. ક્રિયાની સામે થાય (૪)
૩. અખંડપણું (૫)
૭. ભયંકર, કદાવર (૩)
૮. દરેક, પ્રત્યેક (૨)
૯. રત, મગ્ન, લીન (૪)
૧૦. પગાર ઉપરાંત મળે (૩)
૧૩. દૈવી શક્તિને સાધવાના ગૂઢ શબ્દો (૨)
૧૫. ભૂતપ્રેત (૪)
૧૮. વ્યાખ્યાન, પ્રબોધન (૪)
૧૯. વિદ્યાશાખાના અધ્યક્ષ (૨)
૨૦. ઘણું (૨)
૨૨. બાણ (૨) (જો. છૂ.)
૨૪. લાજ, લજ્જા (૩)
૨૫. સૂકો મેવો (૩)
૨૭. સાર્વજનિક, ધર્માદા (૩)
૨૯. એક જ દે ચિનગારી ---- (૪)
૩૦. કબજો, બ્લાઉઝ (૩)
૩૧. શક્તિ (૩)
૩૨. બાજુ, પક્ષ, તરફદારી (૪)

**ઊભી ચાવી**

૧. અધ્યાય, વિષય, મામલો (૪)
૨. કરાતું, થતું, ક્રિયાકર્મ (૪)
૩. આશ્ચર્ય (૩)
૪. તોડવું ને માંડવું તે (૬)
૫. તળ, સુલેહ, તળિયું (૨)
૬. ઊંચા સ્વરે (૪)
૧૧. યજ્ઞ, ક્ષેત્ર, ટર્મ (૨)
૧૨. ધ્રાસ્કો (૨)
૧૪. આયુષ્ય, ઉંમર (૪)
૧૫. જંગલ (૨)
૧૬. કાર, વાહન (૨)
૧૭. માહિતી, જાણકારી (૩)
૧૮. સંલગ્નતા, કમિટમેંટ (૫)
૨૧. હુમલો કરનાર (૫)
૨૩. અસ્ત પામેલું, પડેલું (૪)
૨૬. જિદ, હઠ (૩)
૨૮. રંગ, (અંગ્રેજીમાં) (૩)
૩૦. દાણો (૨)

## ગુજરાત મોરી મોરી રે

ગુજરાતી ફિલ્મના ધમધમતા દોરમાં ઉપેન્દ્ર ત્રિવેદી - સ્નેહલતા અનેક ચિત્રપટમાં મુખ્ય ભૂમિકામાં હતા. કઈ ફિલ્મમાં તેમની જોડી નહોતી એ જણાવો.

અ) સાજણ સોનલદે　બ) માણેક થંભ
ક) રાણકદેવી　ડ) શેતલને કાંઠે

## જાણવા જેવું

મેહબૂબ ખાનની 'મધર ઈન્ડિયા'થી રાજેન્દ્ર કુમારને વિશેષ લોકપ્રિયતા પ્રાપ્ત થઈ હતી. ૧૯૫૯ની 'ગૂંજ ઉઠી શેહનાઈ'થી ગાડી એવી સડસડાટ દોડવા લાગી કે રાજેન્દ્ર કુમારની એક પછી એક ફિલ્મ બોક્સ ઓફિસ પર સફળ થવા લાગી. એને પગલે ફિલ્મ ઇન્ડસ્ટ્રીએ એમનું નામ 'જ્યુબિલી કુમાર' પાડી દીધું હતું.

## સુડોકુ-૬૦૯૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૫ | ૭ | ૬ | | ૯ | ૮ | ૩ | |
| ૩ | | | | | | | | ૯ |
| | ૮ | | | ૭ | | | ૬ | |
| | | ૬ | ૫ | | ૪ | ૯ | | |
| | | ૩ | ૭ | | ૨ | ૫ | | |
| | | ૪ | ૯ | | ૧ | ૭ | | |
| | ૩ | | | ૪ | | | ૯ | |
| ૯ | | | | | | | | ૨ |
| | ૪ | ૮ | ૧ | | ૬ | ૩ | ૫ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૬૦૯૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૪ | ૭ | ૫ | ૮ | ૨ | ૯ | ૬ | ૩ |
| ૩ | ૮ | ૬ | ૯ | ૪ | ૧ | ૫ | ૨ | ૭ |
| ૨ | ૯ | ૫ | ૩ | ૭ | ૬ | ૮ | ૪ | ૧ |
| ૫ | ૩ | ૧ | ૭ | ૬ | ૪ | ૨ | ૯ | ૮ |
| ૬ | ૨ | ૪ | ૮ | ૧ | ૯ | ૭ | ૩ | ૫ |
| ૮ | ૭ | ૯ | ૨ | ૫ | ૩ | ૪ | ૧ | ૬ |
| ૭ | ૧ | ૨ | ૪ | ૩ | ૮ | ૬ | ૫ | ૯ |
| ૪ | ૬ | ૮ | ૧ | ૯ | ૫ | ૩ | ૭ | ૨ |
| ૯ | ૫ | ૩ | ૬ | ૨ | ૭ | ૧ | ૮ | ૪ |

## ચતુર આપો જવાબ　માથું ખંજવાળો

'શોલે'ના ગબ્બર સિંહનો રોલ કરી અસાધારણ લોકપ્રિયતા મેળવનારા એક્ટર અમજદ ખાને કઈ હિન્દી ફિલ્મનું દિગ્દર્શન કર્યું હતું એ જણાવો.

અ) ચોર પોલીસ　બ) સત્તે પે સત્તા　ક) ચક્કર પે ચક્કર　ડ) ખૂન કી પુકાર

## નોંધી રાખો

કોઈ એક ઊંચા આસન પર બેસવાથી કંઈ ગૌરવ વધતું નથી, ગૌરવ ગુણોને કારણે આવે છે. કાગડો રાજમહેલના શિખર પર બેઠો હોય તો તે ગરુડ નથી કહેવાતો.

## માઈન્ડ ગેમ

આઈપીએસ ઓફિસરની રિયલ લાઈફ સ્ટોરી પરથી બનેલી 'બારહવી ફેઈલ'માં કામ કરનારાં ગુજરાતી અભિનેત્રીનું નામ જણાવો.

અ) સુપ્રિયા પાઠક　બ) સરિતા જોશી
ક) અમિષા પટેલ　ડ) અરુણા ઈરાની

## ગયા શુક્રવારના જવાબ

**ભાષા વૈભવ**

| A | B |
|---|---|
| ठठेरा | કંસારો |
| अहीर | ગોવાળ |
| जिल्दसाज | બુકબાઈન્ડર |
| तमोली | પાનવાળો |
| राजगीर | કડિયો |

**ગુજરાત મોરી મોરી રે:** વાયા વિરમગામ

**ઓળખાણ પડી?:** યામી ગૌતમ

**માઈન્ડ ગેમ:** મનોરંજન

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો:** સદમા

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.


(૧) ડૉ. પ્રકાશ કટકિયા (૨) નીતા દેસાઈ (૩) ભારતી બુચ (૪) ભારતી પ્રકાશ કટકિયા (૫) મુલરાજ કપૂર (૬) પ્રતિમા પમાણી (૭) ગીતા ઉદેશી (૮) કિશોરકુમાર જીવણદાસ વેદ (૯) સુરેખા દેસાઈ (૧૦) સુભાષ મોમાયા (૧૧) અબ્દુલ્લા એફ. મુનીમ (૧૨) શીરીન ઔરંગાબાદવાલા (૧૩) તાહેર ઔરંગાબાદવાલા (૧૪) નયના ગિરીશ મિસ્ત્રી (૧૫) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૧૬) પુષ્પા પટેલ (૧૭) શ્રદ્ધા આશર (૧૮) વિભા મહેશ્વરી (૧૯) મહેશ દોશી (૨૦) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૧) જ્યોતિ ખાંડવાલા (૨૨) મનીષા શેઠ (૨૩) ફાલ્ગુની શેઠ (૨૪) હર્ષા મહેતા (૨૫) અશોક સંઘવી (૨૬) મહેન્દ્ર લોઢાવિયા (૨૭) ભાવના કર્વે (૨૮) દેવેન્દ્ર સંપટ (૨૯) વિણા સંપટ (૩૦) અંજુ ટોલિયા (૩૧) પ્રવીણ વોરા (૩૨) નિતીન બજરિયા (૩૩) મીની કાપડિયા (૩૪) રજનીકાંત પટવા (૩૫) સુનીતા પટવા (૩૬) અરવિંદ કામદાર (૩૭) પુષ્પા ખોના (૩૮) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૯) જગદીશ ઠક્કર (૪૦) નયના ગિરીશ મિસ્ત્રી (૪૧) જ્યોત્સના ગાંધી (૪૨) રમેશ દલાલ (૪૩) હિના દલાલ (૪૪) ઈનાક્ષી દલાલ (૪૫) અલકા વાણી (૪૬) ગીતા ઉદેશી (૪૭) પ્રતીમા પમાણી

## આજની ક્વિક ફિલ્મી ક્વિઝનાં જવાબ

**ક્વિઝ (અ)**
(૧) ફિર ભી દિલ હે હિન્દુસ્તાની (૨) આશિકી ૨ (૩) દિલ્લગી (૪) કુદરત (૫) નાજાયઝ (૬) ખેલ (૭) દર્દ કા રિશ્તા

**ક્વિઝ (બ)**
(૧) જાનેમન (૨) મિસ્ટર ઇન્ડિયા (૩) આગ કા ગોલા (૪) લવ ઈન ટોક્યો (૫) દો ચોર (૬) વિક્ટોરિયા નંબર ૨૦૩ (૭) નયા દિન નયી રાત







કવર સ્ટોરી
હેમા શાસ્ત્રી

# લાપતા લેડીઝ ફર્સ્ટ સાબિત થશે?

**સુંદર મજાની ફિલ્મ, આમિર ખાન પ્રોડક્શન્સનો અનુભવ અને ખમતીધર 'જિયો સ્ટુડિયોઝ'ના પીઠબળનો ત્રિવેણી સંગમ પ્રતિષ્ઠિત 'ઓસ્કર' જેવો પહેલો અવૉર્ડ લાવી શકાશે?**

'ઓસ્કર અવૉર્ડ'ની 'બેસ્ટ ફોરેન લેંગ્વેજ ફિલ્મ' કેટેગરી માટે ૨૯ ફિલ્મમાંથી આમિર ખાન પ્રોડક્શન અને જિયો સ્ટુડિયોઝ'નું સહિયારું નિર્માણ 'લાપતા લેડીઝ'ની વરણી થઈ ગઈ છે. 'એકેડેમી અવૉર્ડ ઓફ મેરીટ' - ઓસ્કર એવોર્ડનું નામ પડતાં જ અનેક ચહેરા પર અણગમાના ભાવ સાથે ભવાં ઊંચકાય. 'આપણને વિદેશી પ્રમાણપત્રની જરૂર શી છે?' જેવા હોંકારા-પડકારા થાય. જોકે, આ જ લોકો કળાને સીમાનું કોઈ બંધન ન હોવું જોઈએ એવી દલીલ પણ કરતા હોય છે. 'મારું બોલીવૂડ રૂડું છે, મારે હોલીવૂડમાં કામ કરવું જ નથી' એવી દલીલ સ્વીકારી એને આદર આપવો જોઈએ એની ના નહીં, પણ હોલીવૂડ જઈ ઓસ્કર મેળવવા થનગનતા ફિલ્મમેકર કે એક્ટર અથવા અન્ય કોઈને પરાયા પ્રમાણપત્રના હેવા છે એમ કહી ઉતારી પાડવા પણ યોગ્ય નથી.




ઓસ્કર નોમિનેશન અને વિવાદને છ દાયકા જૂનો ઘર જેવો સંબંધ છે. 'આ નહીં પેલી ફિલ્મ મોકલવી જોઈતી હતી' અથવા 'ફલાણાના કનેક્શન કામ કરી ગયા' જેવી દલીલો કરી સિલેક્ટ કરવામાં આવેલી ફિલ્મની પસંદગી સામે મોઢું ઘણી વાર ચઢાવવામાં આવ્યું છે. આ વખતે પણ 'કાન ફિલ્મ ફેસ્ટિવલ'માં અવૉર્ડ મેળવનારી પાયલ કાપડિયાની All We Imagine as Light પસંદ કરવાને બદલે 'લાપતા લેડીઝ'ની પસંદગી કરવા બદલ ક્યાંક આશ્ચર્ય તો ક્યાંક આંચકો વ્યક્ત થયા છે. જોકે,આ કોઈ એકહથ્થુ નિર્ણય નથી. 'ફિલ્મ ફેડરેશન ઓફ ઈન્ડિયા (એફએફઆઈ)'ની ૧૩ સભ્યની કમિટીએ સર્વાનુમતે ઓસ્કર અવૉર્ડ માટે બેસ્ટ ફોરેન ફિલ્મ કેટેગરીમાં મોકલવા માટે 'લાપતા લેડીઝ'ની પસંદગી કરી છે. 'પાયલ કાપડિયાની મોકલી હોત તો ઓસ્કર પાકો હતો' એવી રજૂઆત પણ કરવામાં આવી છે.

બીજી તરફ 'લાપતા લેડીઝ'ની પસંદગી પરફેક્ટ છે એવું કહેનારાઓ સુધ્ધાં છે. બેસ્ટ ફોરેન ફિલ્મની કેટેગરી માટે કિરણ રાવ દિગ્દર્શિત મસ્ત મજાની અને આપણી માટીની ફોરમ ધરાવતી ફિલ્મની પસંદગી અગાઉનાં કેટલાંક ઉદાહરણ જેવી વાહિયાત તો કોઈ રીતે નથી. હા, મતભેદ હોઈ શકે છે, અને એ તો કાયમ રહેવાના. હવે નિર્ણય લેવાઈ ગયો છે ત્યારે 'લાપતા લેડીઝ'ને શુભેચ્છાઓ આપવી જોઈએ.

બીજી એક ઊડીને આંખે વળગે એવી વાત એ છે કે જે ૨૯ ફિલ્મો જોઈ 'એફએફઆઈ' દ્વારા નિર્ણય લેવાયો હતો એમાં અંતે જે ત્રણ ફિલ્મ વિશે વિસ્તારપૂર્વક ચર્ચા થઈ એ ત્રણેય ફિલ્મ મહિલાલક્ષી હતીઃ લાપતા લેડીઝ, All We Imagine as Light અને મલયાલમ ફિલ્મ Aattam. પહેલી બેમાં મહિલા સશક્તિકરણની વાત છે, જ્યારે મલયાલમ ફિલ્મમાં જાતીય અત્યાચાર પછીની અવસ્થાનું નિરૂપણ છે.

'લાપતા લેડીઝ' ફિલ્મ સશક્ત છે, કૌવત ધરાવે છે એ વાત સાથે સહમત થનારા લોકોની ટકાવારી ખાસ્સી ઊંચી છે અને હશે.

(ગુજરાતીઓને ગર્વ થાય એવી એક આડ પણ અગત્યની વાત : આ ફિલ્મની પટકથા તથા સંવાદ જાણીતાં નાટ્ય તથા ટીવી સિરિયલોનાં લેખિકા સ્નેહા દેસાઈનાં છે !)

ફિલ્મમાં જણનારીનું જોર તો વર્તાયું છે. હવે સુયાણી એટલે કે આમિર ખાન અને 'જિયો સ્ટુડિયોઝે' આ ફિલ્મ નોમિનેટ થવા પાત્ર ઠરે અને ત્યારબાદ જે ૧૫ ફિલ્મ શોર્ટલિસ્ટ થાય એમાં 'લાપતા લેડીઝ'ની હાજરી હોય એ માટે એડીચોટીનું જોર લગાવી પ્રયત્ન કરવા જોઈશે. આમિર ખાન પાસે 'લગાન' વખતનો અનુભવ છે અને 'જિયો' પાસે તોતિંગ આર્થિક ટેકો છે. ફિલ્મ વધુ ને વધુ જોવાય અને એની ચર્ચા થાય એ માટે શું અને કેવી કોશિશ કરવી જરૂરી છે એનું પ્લાનિંગ શરૂ થઈ ગયું હશે.

એકંદરે હૃદયસ્પર્શી ફિલ્મ, આમિર ખાનનો અનુભવ અને 'જિયો સ્ટુડિયોઝ'નો ત્રિવેણી સંગમ ૧૯૫૭થી ૨૦૨૩ દરમિયાન સાવ કોરી રહેલી પાટી પર 'અવૉર્ડ ગોઝ ટુ લાપતા લેડીઝ' એવા અક્ષર ઉપસાવી શકશે? ■

### અપમાનાસ્પદ ટિપ્પણી?

'ફિલ્મ ફેડરેશન ઓફ ઈન્ડિયા'ના લેટરહેડ પર 'લાપતા લેડીઝ'ની પસંદગી શા માટે કરવામાં આવે એ વિશે રજૂઆત કરવામાં આવી છે. ફિલ્મની યોગ્ય શબ્દોમાં સ્તુતિ કરવામાં આવી છે, પણ એક મુદ્દા બાબતે સ્ત્રી - પુરુષ ભેદભાવમાં નહીં માનતા લોકો નારાજ થયા છે. લેટરહેડ પર Indian Women are a strange mixture of submission and dominance - 'ભારતીય મહિલાઓ આજ્ઞાંકિત (કે આધીન થઈને રહેતી) અને આધિપત્યનું વિચિત્ર કહી શકાય એવું મિશ્રણ છે' એવી ટપકાવવામાં આવેલી નોંધ સોશિયલ મીડિયામાં તીવ્ર ટીકાનો ભોગ બની છે. આ કમિટીમાં બોબી બેદી (બેન્ડિટ ક્વીન, ફાયર, મંગલ પાંડે વગેરે), રવિ જાદવ (નટરંગ, બાળગંધર્વ ઈત્યાદિ) જેવા નિર્માતા તેમજ જાનુ બરુઆ જેવા ડિરેક્ટર (મૈંને ગાંધી કો નહીં મારા તેમજ આસામી ચિત્રપટો) અમદાવાદના ગુજરાતી ફિલ્મોના વ્યસ્ત ગીતકાર ભાર્ગવ પુરોહિત, આર્ટ ડિરેક્ટર, ડાન્સ ડિરેક્ટર વગેરે લોકોની હાજરી ઊડીને આંખે વળગે છે, પણ સમ ખાવા પૂરતી એક પણ મહિલા આ ટીમમાં નથી. ટીમમાં લેડી લાપતા છે - મહિલા ગાયબ છે એવું કહેનારા પણ છે. જોશુઆ સેથુરામન નામના ફિલ્મમેકરે તો 'કમિટીમાં ઘણી બધી મહિલાઓ જોઈને આનંદ થાય' જેવી પ્રતિક્રિયા આપી રીતસરની ઠેકડી જ ઉડાવી છે. એકવીસમી સદીના ત્રીજા દાયકામાં નારી માટે આવું કહેવું અપમાનાસ્પદ છે એવું માનતા અને સમજતા વર્ગને ફેડરેશનની નોંધ હાડોહાડ લાગી આવી છે.




અરવિંદ વેકરિયા

# ભગવાનને નમો, પછી એ તમને ક્યાંય નમવા નહીં દે.!

જો નીતિ સાફ રાખો તો ક્યારેય રણનીતિ ઘડવી ન પડે. પ્રોફિટ કે લોસનો વિચાર કર્યા વગર તુષારભાઈએ કહી દીધું કે 'આવતી કાલનો બધો ખર્ચ મારો. શો સારો ગયો. હવે આ માઉથ પબ્લિસિટીનો ફાયદો પરમ દિવસના શોમાં મળશે. આજનો શો પ્રેક્ષકોના પ્રચંડ પ્રતિસાદ સાથે પૂરો થયો છે!'

બધાએ આ વાત વધાવી લીધી. અભયભાઈ અને ધનજીભાઈને તો નક્કી કરેલ બે શોની જ ગણતરી હવે માંડવાની હતી. દિવાળી અને નવા વર્ષ વચ્ચે ક્યારેક આવી પડતા 'ધોકા' ની જેમ આવેલો બેઠા રહેવાનો દિવસ અને પૂરા દિવસની જવાબદારી હવે તુષારભાઈની હતી.

બીજા દિવસે શું કરવું એનો વિચાર કરતાં હતા. ત્યાં સવારના પહોરમાં તુષારભાઈ કહે : 'અહીંથી ડાકોર નજીક પડે તો બધારણછોડરાયનાં દર્શન કરી આવીએ તો? હું માનું છું કે ભગવાનને નમો પછી ભગવાન તમને કોઈ જગ્યાએ નમવા નહિ દે..! '

બધાને આ આધ્યામિક વાત ગમી ગઈ. સાથે સ્વાર્થ પણ ખરો કે આણંદમાં દિવસ પસાર કેમ થાય? તો ચાલો, દર્શનનો લાભ લઈએ ને દિવસ પણ પસાર થઈ જાય.

સવારે ફ્રેશ થઇ ૧૧ વાગે નીકળી જવાનું નક્કી થયું.

મેટાડોરનો ખર્ચ કરવા કરતાં એસ.ટી. બસમાં જશું તો સફરનો આનંદ આવશે એવું સૂચન ભરત જોશીએ (ભ.જો.) કર્યું. બધાને ગમ્યું. અમારો સંઘ એસ,ટી. સ્ટેન્ડ પહોંચ્યો.

ભ.જો. એ ત્યાં તપાસ કરી તો ખબર પડી કે 'ડાકોરની એક બસ દસ મિનિટ પહેલાં જ ઊપડી ગઈ અને બીજી લગભગ એક કલાક પછી હતી. એક કલાક?'

તો ભ.જો. કહેઃ એ તો સામે પેલા ખાલી ખૂણામાં 'અંતકડી' રમતાં-રમતાં પસાર થઇ જશે.

બધા એ ખૂણામાં ગોઠવાયને અંતકડી શરૂ કરી દીધી. ભ.જો. જ્યાં 'પૂછપરછ' કરવા ગયો હતો એ અધિકારીને ખબર હતી કે આ નાટ્ય કલાકારો છે. હજુ અંતકડીની માંડ શરૂઆત કરી ત્યાં પેલો અધિકારી આવ્યો અને બોલ્યો,'તમારે ડાકોર જવું હોય તો વધારાની સ્પેશિયલ બસ ખાસ ડાકોર માટે હમણાં રવાના થવાની છે તો બે નંબરનાં પ્લેટફોર્મ પર પહોંચો ! '

લાવ-લશ્કર ટપોટપ બસમાં ગોઠવાય ગયા. આખી ટીમમાં તુષારભાઈ નથી એનો કોઈને ખ્યાલ પણ ન રહ્યો. બસ..ઊપડી. અડધે પહોંચી ગયા પછી ધનવંતશાહને બત્તી થઇ કે 'તુષારભાઈ ક્યાં?' એ વખતે મોબાઈલ નહોતા એટલે સંપર્ક કરવો શક્ય નહોતો. આપણને ત્યાં નહિ જુએ તો સમજી જશે કે 'આપણે ડાકોર જવા નીકળી ગયા હોઈશું. એ એમની રીતે આવી જશે' ભ.જો. એ પોતાનો વિચાર રજુ કરી દીધો. અમે ડાકોર પહોંચી હજી ઊતર્યા ત્યાં થોડી વારમાં એક મેટાડોર આવી. આખી મેટાડોરમાં એકલા તુષારભાઈ !

ગાળ-ગલોચ કરતાં અને સાથે હસતાં-હસતાં એ નીચે ઊતર્યા. વાત પરથી જાણવા મળ્યું કે તુષારભાઈએ એક કલાક સુધી બસ- સ્ટેન્ડ પર કલાકારોને દુઃખી નહોતા કરવા એટલે અમે અંતકડી રમવા બેઠાં અને એ એક કલાક બચાવવાની શોધમાં નીકળી પડ્યાં. એમણે મેટાડોર ભાડે કરી અને અમને 'સરપ્રાઈઝ' આપવા અમને લેવા આવ્યાં, એ દરમ્યાન અમે નિર્માણ નિયામક ભ.જો. નાં 'હુકમ' થી ડાકોર જતી સ્પેશિયલ બસમાં બેસી ગયા. અડધે રસ્તે નિર્માતા' યાદ આવ્યા....

શું તુષારભાઈ., તમે પણ ! આજનાં આપનાં ખર્ચમાં વધારો ન થાય એટલે મેં મેટાડોરની 'નાં' કહેલી. અને તમે એકલા મેટાડોરમાં આવ્યા. બસમાં મજા કરતાં આવવાનો પ્લાન હતો. તમે સાવ ખોટો ખર્ચ કર્યો ને?.

તુષારભાઈ કહે : 'એમાં શું? મારે એવા પૈસા બચાવીને મોટા નહોતું થવું, ક્યાં લાખોની વાત હતી? ઝરણું દોડીને સાગરને મળવા જાય ત્યારે એ મોટા થવાની લાલચમાં ખુદ ખારું થઈ જાય છે ને? સંપત્તિથી નહિ, સંસ્કારથી મોટા બનવું, ભગવાનના દર્શન કરવા આવીએ ત્યારે આ બધો હિસાબ થોડો મંડાય?'

ગિરદી તો હતી મંદિરમાં, પણ અમને બધાને શાંતિથી દર્શન થયા. નાટક માટે આશીર્વાદ માગી પ્રસાદ લઈ મંદિરના પરિસરમાંથી બહાર આવ્યા.

બપોરે લંચ લઈ બધા તુષારભાઈએ લાવેલ મેટાડોરમાં ગોઠવાયા. અદભુત અનુભૂતિ હતી એ. તુષારભાઈ ભ. જો. ને ઉદ્દેશીને કહે,' 'ભ,જો, ૧૦૮ મણકાની માળા ફેરવતા મન ભટકે છે, જયારે ૫૦૦ રૂપિયાના નોટનાં બંડલને ગણતાં મન સ્થિર રહે છે, એવું કેમ? હોટલ ઉપર પહોંચી મારી પાસેથી પૈસા લઇ કલાકારોનાં બે શો નાં કવર ભરી લેજે. આજે સારું થયું કે શો ન થયો. કદાચ રણછોડરાયની એવી ઇચ્છા હશે કે હું કલાકારોને નાની એવી જાત્રા કરાવું.આપણે તો શો રદ નહોતો કર્યો. સરકારી નિયમની આંટીમાં આપણે શો રદ કરવો પડ્યો. એ પણ એક સંકેત હતો સારું કામ કરવાનો. જેની મતિને ગતિ સત્યની છે, એના સારથી કૃષ્ણ જ હોય. રણછોડરાયના દર્શન કરવામાં તમે બધા પણ નિમિત્ત બન્યા. મને પુણ્યનો અધિકારી બનાવ્યો.' ■

***********

*મૃત્યુની ગાડી ઘણી મોડી મળી, 'તો'ય લાગ્યું જિંદગી થોડી મળી.*

********


**ડબ્બલ રિચાર્જ**

*ગમે તે કહો, પણ રાવણની બે ઇચ્છા કોઈ દિવસ પૂરી ન થઈ. એક- બંધ ગળાનું ટી-શર્ટ પહેરવાની, બે- પડખું ફરીને સૂઈ શકવાની.*

### આદરાંજલિ... મુળરાજ રાજડા



જાણીતા ચરિત્ર અભિનેતા-કલાકાર-નાટ્ય-સીને લેખક-દિગ્દર્શક મુળરાજ રાજડાની ૨૩ સપ્ટેમ્બર - ૨૦૨૪ના ૯૩મી પુણ્ય-તિથિ હતી એ નિમિતે એમને સ્નેહભરી આદરાંજલિ. ૧૯૭૪માં મને અને પ્રતાપ સચદેવને લાલુ શાહની સંસ્થા 'બહુરૂપી'માં, પ્રવેશ અપાવનાર તથા સનત વ્યાસ અને સોહિલ વિરાણી જેવા દોસ્ત બનાવવામાં પરોક્ષ રીતે નિમિત્ત બનનાર આ સરળ-સાલસ અને અદના માણસને નત-મસ્તક નમન.



સ્ટાર-ચાર-કલાકાર
સંજય છેલ

# સદાબહાર સ્ટાઈલકિંગ દેવ આનંદ

## ભુલ જાવ પુરાની બાતેં..

**સદાબહાર** સ્ટાઇલિશ અભિનેતા-નિર્માતા-નિર્દેશક દેવ આનંદની ૧૦૧મી જન્મજયંતી ગઇ કાલે ગઇ. જગતમાં એકલે હાથે ૬૨ વર્ષ ફિલ્મો બનાવવાનો વિશ્વવિક્રમ કોઇ ૧ ફિલ્મકંપનીના ૧ માલિકનો હોય તો એ દેવ આનંદનો. એ એવરયંગ કર્મઠ કલાકાર વિશે અનેક વાતો લખાઇ ચૂકી છે, આજે હું મારી વાત કહીશ....

૧૯૮૯માં દેવઆનંદના 'આનંદ રેકોર્ડિંગ સ્ટુડિયો'માં એક ફિલ્મ ડબિંગ ચાલતું હતું , જેમાં હું ચોથો આસિસ્ટંટ ડિરેક્ટર હતો. મારા ભાગે જુનિયર આર્ટિસ્ટના, ભીડનાં સંવાદોના ડબિંગ કરાવવાનું કામ આવ્યું હતું. બીજા એક આસિસ્ટંટની ભૂલને લીધે અમારું બૂકિંગ કેન્સલ થયેલુ. જો મારા બોસને એની ખબર પડે તો નોકરી જાય એવી હાલત. હું ડરતાં-ડરતાં સ્ટુડિયોના માલિક દેવઆનંદ પાસે ગયો. એક તો દેવઆનંદનો અમાપ કરિશ્મા, સ્ટારડમ અને ઉપરથી અમારી જ ભૂલ એટલે વાત કરતા જીભ ના ઊપડે, થોડીવારે અચકાઇને મેં કહ્યુંઃ

'સર, મારાથી બૂકિંગમાં ગડબડ થઈ ગઇ છે. ડબિંગનું કામ અટકશે તો મારી નોકરી જશે...'

દેવસાહેબે ૧ જ સેકન્ડમાં મેનેજરને ફોન કરીને કહ્યુંઃ

'સુનો..આજ મેરી હી ડબિંગ થી વો કેન્સલ કરો ઔર ઇન લડકોં કો કામ કરને દો. મૈં રાત તક વેઈટ કરુંગા...! '

હું થેંક્સ' કહું એ પહેલાં તો દેવ આનંદે, ચીલઝડપે કેબિનની બહાર નીકળતા નીકળતા ટર્ન થઈને આંખ મારી એટલું જ કહ્યુંઃ

'કેરી ઓન, દેવ કા સ્ટુડિયો આપ કા હૈ, એંજોય!'

હું કંઇ સમજું કે બોલું તે પહેલાં તો દાદરા ઊતરીને દેવ ક્યાં જતા રહ્યા ખબર જ ના પડી. એ જમાનામાં ફિલ્મલાઇનમાં ચા-કોફીમાં સ્હેજ સાકર પણ ઓછી હોય તો શૂટિંગ કેન્સલ કરનારા તુમાખીવાળા ફિલ્મસ્ટાર્સ હતા. એવામાં દંતકથા સમાન દેવ આનંદે, એકમામૂલી આસિસ્ટંટ ડાયરેક્ટર માટે પોતાનું ડબિંગ કેન્સલ કરે એ ઘટના કહેવાય.

એ જ આનંદ રેકોર્ડિંગ સ્ટુડિયો'માં મેં લખેલ ફિલ્મ ૨૦૦૧માં ફિલ્મ કહીં પ્યાર ના હો જાયે'નું ડબિંગ ચાલતું હતું. હું સલમાન ખાન સાથે ત્યાં હાજર હતો. પાછળથી સલમાનને દેવસાહેબે અચાનક ધબ્બો માર્યો.

સલમાને ટર્ન થઈને કહ્યુંઃ

અરે, દેવસા'બ કૈસે હો?

દેવસાહેબે તરત કહ્યુંઃ

'સલમાન, કિતની બાર કહું-કોલ મી દેવ. સુનો, અગલે વીક ક્યા કર રહે હો? મેરી નયી ફિલ્મકા સેટ લગા હુઆ હૈ, એક ગાનેમેં સ્પે. એન્ટ્રી કરોગે?'

સલમાને તરતજ કહ્યુંઃ 'ઓહ સર , મૈં ઝરુર આતા, પર મૈં લંડન જા રહા હું. આપ અગર વેઇટ કરે લે તો....'

સલમાન વાત પૂરી કરે તે પહેલાં જ દેવ આનંદે કહ્યુંઃ 'કોઈ બાત નહીં, આઈ અન્ડરસ્ટેન્ડ, ચલો યે ગાના ભી મેં હી પરફોર્મ કર લુંગા. નેકસ્ટ ટાઈમ....' આમ બોલીને એ ફટાફટ જતા રહ્યા .કોઈ સિનિયોરિટીના દાવા નહીં, કોઈ સ્ટારને પટાવવાની વાત નહીં, કોઈ પ્રેશર નહીં. એક સ્ટારની તકલીફ બીજો સ્ટાર સમજી લે એટલી સહજતા એટલે દેવ...

૨૦૦૩માં હું સંગીતકાર જતીન-લલિતને મળવા એમના ગીતનાં રેકોર્ડિંગમાં ગયો હતો. જતીન-લલિત હજી આવ્યા નહોતા. નોર્મલી સંગીતકારના આસિસ્ટન્ટ્સ મ્યુઝિશિયન પાસે રિહર્સલ કરાવે, વાજિંત્રો ટ્યૂન થાય અને પછી સંગીતકાર આવે, ગાયકો ગાય અને ત્યાર પછી નિર્માતા-નિર્દેશક મોડે મોડે આવીને ગીત સાંભળે પણ સવારે ૭ વાગ્યાની શિફ્ટમાં દેવ આનંદ, કોઈનાંયે આવ્યા પહેલાં રેકોર્ડિંગમાં પહોંચી ગયેલા ને ખૂણામાં બુક વાંચતા હતા.

સંગીતકાર જતીને આવતાંની સાથે માફી માગી કેઃ

'અરે, દેવસા'બ, આપ ઈતને જલ્દી આ ગયે? અભી તો રેકોર્ડિંગ મે કાફી ટાઈમ લગેગા. આપને અભી સે ક્યું તકલીફ કી?'

ત્યારે લગભગ ૮૦ વર્ષના દેવ આનંદે હસીને કહ્યુંઃ ઇટ્સ ઓલરાઈટ, મૈં યહાં બૈઠુંગા, તૈયારીયાં દેખૂંગા, મ્યુઝિક સુનુંગા, સ્ટુડિયો કી હવામેં સાંસ લૂંગા, સિનેમા મહેસૂસ કરુંગા. ઘર પર બૈઠને સે યહાં મુઝે જ્યાદા મઝા આતા હૈ.

ધીસ ઇઝ લાઈફ! જે ઉંમરે સામાન્ય લોકો મંદિરે માંડ જઇ શકે છે એ ઉંમરે સવારે ૮ વાગ્યે દેવસાહેબ સિનેમાને મહેસૂસ કરવા ટટ્ટાર શરીરે પહોંચી જતા.

રણધીર કપૂરે મને એક શૂટિંગમાં દેવ આનંદની લાઈફની ફિલોસોફી અને બીજા સ્ટાર્સની ફિલોસોફીને પાસેપાસે મૂકીને કમાલનો કિસ્સો કહેલો છે.

રાજકપૂરના સૌથી નાના દીકરા રાજીવ કપૂરનાં લગ્ન હતાં. એક સવારે રણધીર અને રિશી કપૂર દિલીપકુમારના ઘરે કંકોત્રી આપવા પહોંચ્યા. દિલીપકુમારે પોતાની મધ્યમ સૂરાવલિમાં વાતો માંડી. મોઘલ સલ્તનતથી માંડીને ભારતના ભાગલા, શેકસપિયર અને મિર્ઝા ગાલિબ સુધીની ગોઠડી માંડી. બોલ્યા. ઉર્દૂ-હિન્દી શબ્દોમાં અલંકારો રેડીરેડીને કલાકો સુધી જૂની વાતોનો દોર ચાલ્યો. કાર્ડ આપી માંડ માંડ એ લોકો નીકળ્યા.

ત્યાંથી સીધા જુહૂ પર દેવ આનંદને ત્યાં કપૂર બંધુઓ કાર્ડ આપવા એન્ટર થયા. દેવ આનંદે ટાઈ પહેરતાં-પહેરતાં કહ્યુંઃ

બ્રધર્સ, યુ આર લેઈટ.. બોલો ક્યા બાત હૈ?

રણધીરે રાજીવના લગ્નનું કાર્ડ આપ્યું. દેવ આનંદે વાંચીને કહ્યુંઃ

ઓફકોર્સ આઈ વીલ કમ, રાજીવ ઈઝ માય કલીગ, દોસ્ત હૈ, હમ સાથ કામ કરતે હૈંએક હી ઈન્ડસ્ટ્રી મેં...- અને જૂતાં પહેરીને તરત જ નીકળતા-નીકળતા પોતાની નવી ફિલ્મની વાત કરતા કહ્યું, ચલો આપકો ઔર ભી કાર્ડ દેને જાના હોગા...ડોન્ટ વેસ્ટ ટાઈમ. ચીમ્પૂ કો બોલના ઓલ ધ બેસ્ટબાય..- માત્ર ૫ જ મિનિટમાં વાત પતાવીને દેવ ગાડીમાં નીકળી ગયા. ક્યાં દિલીપકુમાર જેવા વિતેલા વરસોના સ્ટાર જે ગયાં વર્ષો, રહ્યાં વર્ષો'ના અતીતરાગમાં ઉલઝીને જીવતો હતો ને ક્યાં આ માણસ જે પૌત્રની ઉંમરના રાજીવ કે ચીંપુને 'કલીગ' કહી શકે છે !

દેવ આનંદે હંમેશાં આવનારા સમયમાં આંખ મિલાવીને જીવન જીવ્યું. નિર્દેશક ગુરુદત્ત કે રાજ ખોસલાથી માંડીને ઝીનત અમાન કે જેકી શ્રોફ જેવા અનેકોને પહેલો ચાન્સ આપનાર નિર્માતા-નિર્દેશક-અભિનેતા... દેવ આનંદ ખરા અર્થમાં અમર છે. ભારતીય સિનેમામાં સૌથી લાંબો સમય ૬૫ વરસ સ્ટાર-હીરો રહેનારા દેવનો મંત્ર હતો :

ભૂલ જાવ પુરાની બાતેં..! ■

હેન્રી શાસ્ત્રી


## ફ્લેશ બેક

# રાજેશ ખન્નાની પહેલી ફિલ્મ પણ ઓસ્કરમાં ગઈ હતી!

**અત્યાર સુધીમાં ઓસ્કરના ‘બેસ્ટ ઈન્ટરનેશનલ ફીચર ફિલ્મ’ વિભાગમાં મોકલવામાં આવેલી ૫૬ ભારતીય ફિલ્મોમાંથી ફક્ત ૩ નોમિનેટ થઈ છે.**

૧૯૨૭ - ૨૮માં રિલીઝ થયેલી ફિલ્મોને નવાજવા ૧૯૨૯માં પ્રથમ એકેડેમી ઍવૉર્ડ્સ (પ્રચલિત નામ ઓસ્કર ઍવૉર્ડ્સ)નું આયોજન થયું ત્યારે ‘ફોરેન લેંગ્વેજ ફિલ્મ’ - વિદેશી ભાષામાં બનેલી ફિલ્મને સન્માનવા માટે વિશેષ વ્યવસ્થા નહોતી. ૧૯૪૭થી ૧૯૫૫ દરમિયાન યુએસએમાં રિલીઝ કરવામાં આવી હોય એવી વિદેશી ફિલ્મને સ્પેશિયલ/ ઓનરરી ઍવૉર્ડ આપવામાં આવતા હતા. ૧૯૫૬થી દર વર્ષે અંગ્રેજી સિવાયની ભાષામાં બનેલી ફિલ્મને ‘બેસ્ટ ફોરેન લેંગ્વેજ ફિલ્મ એવોર્ડ’ એનાયત કરવાની પ્રથા શરૂ કરવામાં આવી હતી. સૌપ્રથમ ઍવૉર્ડ જર્મન ફિલ્મ The Captain from Kopenick ને મળ્યો હતો. આપણી પ્રથમ એન્ટ્રી હતી મેહબૂબ ખાનની ‘મધર ઈન્ડિયા’ (૧૯૫૭). ફિલ્મ નોમિનેટ સુધ્ધાં થઈ હતી, પણ માત્ર એક વોટના તફાવતથી ઈટાલિયન ફિલ્મમેકર ફેડરિકો ફેલિનીની Nights of Cabiria સામે પાછળ પડી ગઈ હતી. જોકે, મેહબૂબ ખાન જેમને ફિલ્મ મેકિંગમાં ગુરુ માનતા હતા એ અમેરિકન ફિલ્મમેકર સેસિલ બી. ડિમેલ (Samson and Delilah, The Ten Commandments)ને ‘મધર ઈન્ડિયા’ બેહદ પસંદ પડી હતી એને મેહબૂબ ખાન મોટો શિરપાવ માનતા હતા.

૧૯૫૭થી ૨૦૨૩ સુધીમાં ભારતે ૩૫ હિન્દી, ૧૦ તમિળ, ૪ મલયાલમ, ૩ મરાઠી, ગુજરાતી અને બંગાળી પ્રત્યેક બે બે અને આસામી અને તેલુગુ એક એક ફિલ્મ સહિત ૫૭ ફિલ્મ બેસ્ટ ફોરેન લેંગ્વેજ કેટેગરીમાં સ્પર્ધામાં મોકલી છે. આમાંથી માત્ર ૩ ફિલ્મ (મધર ઈન્ડિયા, સલામ બોમ્બે અને લગાન) નોમિનેટ થઈ છે. બાકીની કોઈ ફિલ્મનો ગજ નથી વાગ્યો. નોમિનેટ થયેલી ત્રણેય ફિલ્મ હિન્દી છે. મુખ્યત્વે બંગાળી ફિલ્મો બનાવી આંતરરાષ્ટ્રીય સ્તરે ખ્યાતિ મેળવનારા સત્યજિત રાય દિગ્દર્શિત ત્રણ ફિલ્મ મોકલવામાં આવી છે. કમલ હસન અને રઘુવીર યાદવ બે એવા અભિનેતા છે, જેમની સાત ફિલ્મ મોકલવામાં આવી છે. બેસ્ટ ફોરેન ફિલ્મ કેટેગરી માટે મોકલવામાં આવેલી ભારતીય ફિલ્મોમાં ‘આખરી ખત’ વિશિષ્ટ ઉદાહરણ એટલા માટે ગણાય છે કે રાજેશ ખન્ના હજી નવોસવો હતો અને એને સુપરસ્ટારનું સપનું પણ નહોતું આવતું એ દિવસોમાં એની આ ફિલ્મ ઓસ્કરમાં મોકલવામાં આવી હતી. ચેતન આનંદ દિગ્દર્શિત ‘આખરી ખત’ની કેટલીક મજેદાર વાતો પેશ છે, જેમકે...




‘આખરી ખત’માં રાજેશ ખન્ના અને ઈન્દ્રાણી મુખરજી અને ’હે રામ’માં કમલ હસન

* ઘણી વાર એક્ટર દ્વારા સાઈન કરવામાં આવેલી પહેલી ફિલ્મ અને રિલીઝ થયેલી પહેલી ફિલ્મ સમાન નથી હોતી. હિન્દી ફિલ્મઉદ્યોગના પ્રથમ સુપરસ્ટારનું બિરુદ મેળવનારા રાજેશ ખન્નાએ સાઈન કરેલી પહેલી ફિલ્મ હતી રવિન્દ્ર દવે દિગ્દર્શિત ‘રાઝ’ (હીરોઈન બબીતા), પણ રિલીઝ થયેલી પ્રથમ ફિલ્મ હતી ચેતન આનંદ દિગ્દર્શિત ‘આખરી ખત’ (ડિસેમ્બર ૧૯૬૬). ‘રાઝ’ મે, ૧૯૬૭માં રિલીઝ થઈ હતી.

* દેવ આનંદ - વિજય આનંદના જ્યેષ્ઠ બંધુ ચેતન આનંદની આ ફિલ્મની કથા સંવેદનશીલ હતી. સંઘર્ષ કરતો શિલ્પકાર ગોવિંદ (રાજેશ ખન્ના) અને ગામડાની ભોળી યુવતી લાજો (ઈન્દ્રાણી મુખરજી) વચ્ચે પાંગરેલા પ્રેમનું પ્રતીક બંટી ( બાળ કલાકાર બંટી બહલ) વચ્ચે આકાર લેતી કથામાં માતૃપ્રેમ ઝંખતા એક નિર્દોષ બાળકની સંવેદનહીન શહેરમાં કેવી હાલત થાય છે એનું હૃદયસ્પર્શી નિરુપણ ફિલ્મમાં જોવા મળે છે. ’આખરી ખત’ની રિમેક તમિળ, તેલુગુ અને તુર્કી ભાષામાં બની હતી.

* ચેતન આનંદે દોઢ વર્ષના બાળકને કેમેરા સામે ઊભો કરી શૂટિંગ કરવાને બદલે એને રમતો મૂકી નૈસર્ગિક હાવભાવ, વર્તનનું શૂટિંગ કર્યું હતું. પરિણામે પડદા પર બંટી માટે વહાલ અને અનુકંપા પણ જાગે છે. ફિલ્મ બોક્સ ઓફિસ પર નિષ્ફળ નીવડી હતી. મજાની વાત તો એ છે કે ત્યારે કોઈને કલ્પના પણ નહોતી કરી કે સીધો સાદો હીરો ત્રણેક વર્ષમાં (આરાધના - ૧૯૬૯) તો સિનેપ્રેમીઓના દિલ પર રાજ કરતો થઈ જશે. રાજેશ ખન્નાએ ‘આનંદ’નો રોલ ઓછા પૈસા લઈને સ્વીકાર્યો હતો જ્યારે ‘આખરી ખત’નું બજેટ મર્યાદિત હોવાથી રાજેશ ખન્નાને ઓછા પૈસા આપવામાં આવ્યા હતા.

* ફિલ્મના ગીતકાર હતા સશક્ત સર્જક કૈફી આઝમી અને સંગીતકાર હતા સમર્થ ખૈયામ. ફિલ્મના બે ગીત આજે પણ સ્મરણમાં છેઃ પહેલું છે લતા મંગેશકરના સ્વરમાં ‘બહારોં, મેરા જીવન ભી સંવારો’. કેટલાક ગીતની સ્વર રચના એવી અદ્ભુત હોય છે કે શબ્દો શરૂ થવા પહેલા જ સંગીત એવો અદ્ભુત માહોલ ખડો કરી દે કે તમે તરત જ લીન થઈ જવાય. જો શબ્દો પણ એટલા જ બળુકા હોય તો એ ગીત પૂરું જ ન થવું જોઈએ એવી લાગણી ભાવકને થયા વિના ન રહે. કૈફી આઝમી - ખૈયામ - લતાદીદીનું આ ગીત એ પંક્તિમાં બિરાજે છે.

* બીજું ભુપિન્દરે ગાયેલું અને પડદા પર પણ ગિટાર વગાડતો ભુપિન્દર જ નજરે પડે છે એ ’રુત જવાં જવાં, રાત મેહરબાં’. ગીતની શરૂઆત ગિટારના આહલાદક સૂરથી થાય છે. ભુપિન્દર એક કુશળ ગિટારિસ્ટ હતા અને આ ગીતના રેકોર્ડિંગમાં ગિટાર એમણે જ વગાડ્યું હતું.

* જોકે, ‘આખરી ખત’ શોર્ટલિસ્ટ થઈ, પણ અંતિમ તબક્કા માટે નોમિનેટ થવામાં નિષ્ફળ રહી હતી. ૧૯૬૭માં બેસ્ટ ફોરેન ફિલ્મનો ઓસ્કર ઍવૉર્ડ ફ્રેન્ચ રોમેન્ટિક ડ્રામા ફિલ્મ 'A man and a woman' ને મળ્યો હતો. પત્નીના અવસાન પછી એકલવાયું જીવન જીવતા પતિ અને પતિના મૃત્યુ પછી ગુમસુમ થયેલી પત્નીનો ભેટો અનાયાસે પોતપોતાના બાળકની બોર્ડિંગ સ્કૂલમાં થાય છે અને લવ સ્ટોરી આકાર લે છે. આ ફિલ્મને ૧૯૬૬માં કાન ફિલ્મ ફેસ્ટિવલ’માં પણ ઍવૉર્ડ મળ્યો હતો. ■




મહેશ નાણાવટી

# આ ગીત અનાયાસ કઈ રીતે સર્જાયાં?




રાજેશ –આશા પારેખઃ અચ્છા, તો હમ ચલતે હૈ..

અમુક ફિલ્મી ગાયન શી રીતે બન્યાં એની કહાણીઓ પણ કેવી મજેદાર હોય છે એ જાણીએ,જેમકે...

‘બોબી’ના એક ગીતની પાછળ સ્ટોરી એવી છે કે હજી રાજ કપૂરે આ ફિલ્મની કાચીપાકી સ્ટોરીલાઈન પણ વિચારી નહોતી, પરંતુ ‘મેરા નામ જોકર’ની નિષ્ફળતા પછી જોરદાર કમ-બેક માટે એમણે લક્ષ્મીકાંત- પ્યારેલાલની જોડીને અજમાવવાનું મન બનાવી લીધું હતું. એ દરમિયાન ગીતકાર આનંદ બક્ષી સાથે પણ મુલાકાત થઈ. બક્ષી સાહેબે પૂછ્યું :

‘યે બોબી અજીબ નામ હૈ... વો લડકી હૈ યા લડકા?’

રાજ સાહેબે કહ્યું : ‘અભી તય નહીં કિયા હૈ, મગર યે ટીનએજ લવસ્ટોરી હૈ.’ થોડી જ વારમાં આનંદ બક્ષીએ મુખડું સંભળાવ્યુંઃ

‘હમ તુમ એક કમરે મેં બંધ હો ઔર ચાબી ખો જાય, તેરે નૈનોં કી ભૂલભૂલૈયા મેં બોબી ખો જાય!’

આ મુખડું રાજ સાહેબને એટલું ગમી ગયું કે એના માટે ફિલ્મમાં ખાસ સિચ્યુએશન ઊભી કરવામાં આવી. આનંદ બક્ષી કેટલા સ્પોન્ટેનિયસ કવિ હતા તે ક્યારેક માન્યામાં ન આવે. એક કિસ્સો એવો છે કે બક્ષીજી લક્ષ્મી-પ્યારે સાથે એમના મ્યુઝિક રૂમમાં બેઠા હતા. ઘણાં ટાઈમ મથ્યા પછી કંઈ વાત જામી નહીં એટલે બક્ષીજી ઊભા થતાં બોલ્યાઃ

‘અચ્છા, તો હમ ચલતે હૈ’

લક્ષ્મીજીએ પૂછ્યું : ‘ફિર કબ મિલોગે?’

‘જબ તુમ કહોગે...’ બક્ષીજી ઉવાચ...ને એ સાંભળીને લક્ષ્મીકાંત બોલી ઊઠ્યા : ‘અરે, યે તો મુખડા બન ગયા!’ અને પછી તો જોતજોતામાં પ્રેમી- પ્રેમિકા સાવ સામાન્ય વાતચીત કરતાં હોય એવા અંદાજમાં ગીત બનવા માંડ્યું! આ ગીતમાં બક્ષી સાહેબની માસ્ટરી ત્યાં આવે છે કે સાવ મામૂલી વાતચીત લાગે એવા શબ્દો હોવા છતાં ગીતના બન્ને અંતરાના શબ્દો એક જ મીટરમાં (તર્જમાં) ફીટ થાય છે. આ ગીત પછી આપણને રાજેશ ખન્ના-આશા પારેખની ફિલ્મઃ ‘આન મિલો સજના’માં જોવાં -સાંભળવાં મળ્યું...

શંકર જયકિશન અને શૈલેન્દ્રનો એક કિસ્સો પણ અનોખો છે. વાત એમ બની કે શૈલેન્દ્ર કોઈ કારણસર શંકર-જયકિશનથી રીસાઈ ગયા હતા. (એમની ગેરહાજરીમાં રેકોર્ડિંગ વખતે કદાચ એકાદ શબ્દ બદલ્યો હશે) શૈલેન્દ્ર બહુ ગુસ્સામાં છે એવી ખબર પડતાં જ શંકર અને જયકિશન બન્ને એમને મળવાનું ટાળવા લાગ્યા. ત્યાં સુધી કે શૈલેન્દ્ર એમની સાથે ઝગડો કરવા માટે એમના મ્યુઝિક રૂમમાં આવે છે એવી ખબર પડે કે તરત બન્ને ક્યાંક છુપાઈ જતા અથવા ત્યાંથી રવાના થઈ જતા!

આવા જ એક પ્રસંગ વખતે શૈલેન્દ્રએ એક ચીઠ્ઠી મૂકી એમાં લખ્યુંઃ ‘છોટી સી યે દુનિયા, પહેચાને રાસ્તે હૈ, તુમ કહીં તો મિલોગે...’

પછી તો જ્યારે બન્ને વચ્ચે સમાધાન થયું તે વખતે ‘રંગોલી’ ફિલ્મ માટે જે ગીત માટે એ ત્રણેય મળ્યા ત્યારે શંકરે પેલી ચીઠ્ઠી આપીને કહ્યું :

‘કવિરાજ, મુખડા તો લિખા હુઆ હૈ, અબ આગે લિખા જાય!’ (આ ‘કવિરાજ’ નામ રાજ કપૂરે પાડ્યું હતું.)

બીજી તરફ, કવિ ગુલઝાર આમ તો અટપટા શબ્દો લખવા માટે ખાસ્સા જાણીતા છે, પણ એમનું પહેલું ગીત અટપટા શબ્દોની પ્રેરણાથી જ લખાયું હતું. ફિલ્મ બંદિની’ માટે એસ. ડી. બર્મને એમને મુખડાની ધૂન સંભળાવતા ગાયું હતુંઃ ‘દ દ દાદ દાદ દઈ દઈ... લ લ લાલ લાલ લઈ લઈ...’ મુંબઈની માયાનગરીમાં નવાનવા આવેલા ગુલઝાર છેક મોડી રાત સુધી આ શબ્દો ગણગણતા રહ્યા. છેવટે એમણે એ જ એબસર્ડ શબ્દોની બગલઘોડી બનાવીને બે શબ્દો પકડી લીધા... ‘લઈ લઈ’ અને ‘દઈ દઈ’! જેમાંથી ગીત બન્યુંઃ ‘મોરા ગોરા અંગ લઈ લે, મોહે શ્યામ રંગ દઈ દે, છૂપ જાઉંગી રાત હી મેં, મોહે પી કા સંગ દઈ દે!’

જાવેદ અખતરે પણ ‘તેજાબ’ માટે લક્ષ્મીકાંત- પ્યારેલાલે જે ડમી શબ્દો ધૂનમાં વાપર્યા હતા એનું જ આખું ‘કેલેન્ડર’ બનાવી દીધું! ડમી શબ્દો હતાઃ ‘એક દો તીન... ચાર પાંચ છે સાત આઠ નૌ, દસ ગ્યારા, બારા તેરા...’! ને તેજાબ’નું એ ગીત ને નવી નવી મધુરી બન્ને સુપર હીટ સાબિત થઈ ગયા !

આવું જ કંઈક બન્યું ઉષા ખન્ના સાથે. એક ગીત હતું ૧૯૬૬માં આવેલી દારાસિંહની ફિલ્મ ‘ઈન્સાફ’નું. ગીતની ધૂન બનાવવા બેઠેલાં ઉષાજીએ કંઈક વિચિત્ર ડમી શબ્દો કહ્યા હતા. જે થોડીવાર પછી ગીતકાર અસદ ભોપાલીના મનમાંથી નીકળી ગયા. એમણે પૂછ્યુંઃ ‘યે તુમ ને ક્યા કહાં?’ ઉષાજીએ હળવાશથી કહ્યું : ‘કહા હોગા...’ અસદ ભોપાલીએ પૂછ્યું ‘તો મૈં ને ક્યા સુના?’ ઉષાજી ફરી હસીને બોલ્યાંઃ ‘સુના હોગા?’ અને લો... અસદ ભોપાલીએ કહ્યું : ‘બન ગયા મુખડા!’ એ મુખડાને રોમેન્ટિક ટચ આપવા માટે ત્રીજો જુમલો જોડવો પડ્યોઃ ‘અરે યે દિલ ગયા... ગયા હોગા!’

એ જ રીતે ‘આપ કી કસમ’ના મશહૂર ગીતની સ્ટોરી પણ એવી છે કે જેમાં ગીત બનાવવાની મથામણ વચ્ચે આરડી બર્મને આનંદ બક્ષીને પૂછ્યું : ‘અરે સુનો’ ..બક્ષી બોલ્યા : ‘હાં કહો?’ આરડી પૂછે છે : ‘કુછ હુઆ ક્યા?’ બક્ષી જવાબમાં કહે છે : ‘અભી તો નહીં, કુછ ભી નહીં’

-અને લો , આરડી બર્મને એ જ ઘડીએ એની ધૂન બનાવી દીધી!

આ ગીતના રેકોર્ડિંગ વખતે જે થયું તે તો આપણને ખડખડાટ હસાવી મૂકે તેવું છે. લતા મંગેશકરે આ કિસ્સો શેર કરતાં કહ્યું કે ‘જ્યારે પણ કિશોર’દા સાથે રેકોર્ડિંગ હોય ત્યારે ગીત રેકોર્ડ થતાં પહેલાં હું (અને આશાજી પણ) એમની સાથે બહુ વાતો કરવાનું ટાળીએ કેમ કે એ અમને એટલું બધું હસાવી નાખે કે ગાતી વખતે આપણું ગળું સૂર ચૂકી જાય!’


આ ‘સુનો’-‘કહો’ વાળા ગીત વખતે કિશોર કુમારે ખૂબ આગ્રહ કર્યો કે ના, મારી વાત સાંભળો જ સાંભળો! જુઓ, ગીતના શબ્દો શું છે? હવે કલ્પના કરો... એક જ ઘરમાં બે ટોઈલેટ છે, એકમાં તમે બેઠાં છો અને બીજામાં હું છું... અને આપણી વચ્ચે આ સંવાદ ચાલી રહ્યો છે, જેમાં હું પૂછું છુંઃ ‘કુછ હુઆ ક્યા?’ અને તમે કહો છોઃ ‘અભી તો નહીં... કુછ ભી નહીં!’

આ સાંભળીને લતાજી તો હસી હસીને બેવડ વળી ગયા. કિશોરકુમાર ત્યાં ન અટક્યા. એ કહે છે : ‘હજી છેલ્લા શબ્દો વાંચો... શું લખ્યું છે?’. ‘જરા સા કુછ હુઆ તો હૈ!’■

## ક્લેપ એન્ડ કટ..!

સિદ્ધાર્થ છાયા

# વિવાદ ‘લાપતા’ નહીં- હાજરાહજૂર!




ખબર નહીં પણ કેમ, આપણે ત્યાં કોઈપણ સારા સમાચારની આગળ કે પાછળ વિવાદ જોડાયેલા જ હોય છે. હવે, ફિલ્મ ‘લાપતા લેડીઝ’ની જ વાત કરીએ. હજી તો આખો દેશ આ સુંદર-સુઘડ ફિલ્મને ભારત સરકાર તરફથી ઓસ્કર્સની ઓફિશિયલ એન્ટ્રી તરીકે મોકલવાના સમાચારનો આનંદ માણી જ રહ્યો હતો ત્યાં વિવાદનું ભૂત ધૂણવા માંડ્યું !

આઘાત પમાડે એવી વાત તો એવી છે કે આ ફિલ્મને ઓસ્કર્સમાં મોકલનારી સંસ્થા એટલે કે ‘ધ ફિલ્મ ફેડરેશન ઓફ ઇન્ડિયા’ને (FFI) લીધે જ આ વિવાદ ખડો થઇ ગયો છે. વાત જાણે કે એવી છે કે જ્યારે પણ કોઈ દેશ ઓસ્કર્સમાં પોતાની ઓફિશિયલ એન્ટ્રી મોકલે તો તેની સાથે એ ફિલ્મ વિષે એક ટૂંકી નોંધ’ પણ મોકલે છે, જેને Citation (પ્રશસ્તિ નોંધ) કહેવામાં આવે છે.

‘લાપતા...’ની એન્ટ્રી સાથે પોતાની નોંધ મોકલનારી FFI એ તેની પહેલી જ લીટીમાં લખ્યું છે કે ભારતની સ્ત્રીઓ એ આધિનતા અને પ્રભુત્વનું અજબ મિશ્રણ છે!’

પત્યું... ભારતીય સ્ત્રીઓ વિષે આ પ્રકારની ટિપ્પણીએ અનેક ફિલ્મ ચાહકો, ફિલ્મ ઉદ્યોગ સાથે જોડાયેલા લોકો તેમજ સોશિયલ મીડિયામાં રોષ જગાડ્યો છે. મોટાભાગના વિરોધકર્તાઓ એમ કહે છે કે ભારતીય સ્ત્રીઓ માટે આ એક વાક્ય અપમાનજનક છે. હવે જ્યારે આ પ્રકારના વિરોધ થાય ત્યારે જવાબદાર એવી જે-તે વ્યક્તિ અથવા તો સંસ્થા તેનો ખુલાસો કરતી હોય છે. FFI તરફથી ખુલાસો થાય કે ન થાય, સોશિયલ મીડિયામાં તો તેની વિરુદ્ધ રોષની ધૂણી ધગવા જ લાગી છે. જોઈએ, લાગતાવળગતા હવે આ વિરોધને ‘લાપત્તા’ કરવા શું કરે છે?!

## ‘વાસુ’, આ શું...?



‘બડે મિયાં છોટે મિયાં’ ખૂબ ખરાબ રીતે પીટાઈ ગઈ.અરે, પેલી અમિતાભ અને ગોવિંદાવાળી નહીં, આ વર્ષે રજૂ થયેલી અક્ષય અને ટાઈગરવાળી. હવે તેના ડાયરેક્ટર અલી અબ્બાસ ઝફરને પ્રોડ્યુસર વાસુ ભગનાનીએ ફી તરીકે નક્કી કરેલા ૭.૫ કરોડ રૂપિયા નથી આપ્યા એવી વાત મીડિયામાં પ્રસરી ગઈ છે. અત્યાર સુધી ધરબાયેલી રહેલી આ વાત જેવી જાહેરમાં આવી કે વાસુ અને એમના પુત્ર જેકી ભગનાની પહોંચી ગયા પોલીસ સ્ટેશને અને અલી વિરુદ્ધ ફિલ્મ બનાવવાના બજેટનો દુરુપયોગ કરવાનો અને ફિલ્મને ઓવર બજેટ કરી નાખવાની ફરિયાદ નોંધાવવાનો પ્રયાસ કરી દીધો.

જોકે, સમાચાર એવા છે કે પોલીસે હજી સુધી અલી વિરુદ્ધ કોઈ ફરિયાદ નોંધી નથી. એક રસપ્રદ માહિતી એવી પણ મળી છે કે મીડિયાને આ ફી ન ચૂકવવાની વાત ‘ડાયરેક્ટર્સ એસોસિયેશન’ માં અલી અબ્બાસ ઝફરે નોંધાવેલી લેખિત ફરિયાદમાંથી મળી છે. મજા તો ત્યારે આવી જ્યારે મીડિયાને એ જાણવા મળ્યું કે અલી આ વાત જાહેર ન થાય તેના પ્રયાસોમાં હતો, કારણકે જો એવું થાય તો ‘ભગનાનીઓ’ સાથે ચુકવણાની વાતચીત બંધ થઇ જાય અને એની ફીની વાત અદ્ધર લટકી જાય.

જો કે, વાસુજી પોતાના ડાયરેક્ટર્સને ફી નથી ચૂકવતા એવી આ પહેલી ઘટના નથી. ‘મિશન રાનીગંજ’ના ડાયરેક્ટર ટીનૂ દેસાઈને પણ એમનાં કામના ૨૭ લાખ ચૂકવવામાં નથી આવ્યા. ‘બડે મિયાં છોટે મિયાં’ના ક્રૂ મેમ્બર્સના બાકી ૬૫ લાખ વાસુને ત્યારે ચૂકવવા પડ્યા જ્યારે ‘સિને એમ્પ્લોઇ એસોશિયેશન’ વચ્ચે પડ્યું.

---

## ‘લાડુ’ ને લીધે પડ્યું આડું...

તિરુપતિ મંદિરના લાડુ પ્રસાદને લઈને જાગેલા વિવાદમાં સાઉથના બે મોટા એક્ટર્સ આમને-સામને આવી ગયા છે. સાઉથના મોટો સ્ટાર કાર્થી થોડા દિવસ અગાઉ હૈદરાબાદમાં એક ફંક્શનમાં ગયો હતો, જ્યાં એને લાડુના એક ‘મિમ’ (ચિત્ર-રેખાંક્ન દ્વારા હળવી મજાક -રમૂજ) વિશે પૂછવામાં આવ્યું. જવાબમાં કાર્થીએ હસતાં હસતાં કહ્યું કે ‘આપણે લાડુ વિષે વાત ન કરવી જોઈએ, આજકાલ આ અત્યંત સંવેદનશીલ મુદ્દો છે.’

પેલું મિમ કાર્થીની આવનારી એક ફિલ્મના ડાયલોગ પર આધારિત હતું, જેમાં લાડુનો ઉલ્લેખ હતો. કાર્થીની આ ટિપ્પણીથી આંધ્ર પ્રદેશના ઉપમુખ્યમંત્રી અને સુપરસ્ટાર પવન કલ્યાણ ગુસ્સે થયા. એણે કાર્થીને સ્પષ્ટ શબ્દોમાં ફટકાર્યું કે કોઈ કલાકારે લાડુ વિષે બની રહેલા જોક્સમાં ભાગ લઈને ધાર્મિક લાગણીઓ દુભાવવી ન જોઈએ... પ્રજા આવા લોકોને ક્યારેય માફ નહીં કરે !

---

### ‘કટ’ એન્ડ ઓકે...

*દીપિકા પદુકોણે બાંદ્રા બેન્ડસ્ટેન્ડ વિસ્તારમાં પતિ રણવીર સિંહના ફ્લેટને સાવ અડીને આવેલો પ્રીમિયમ ફ્લેટ ૧૭.૧૮ કરોડ રૂપિયામાં ખરીદીને પતિની પાડોશી પણ બની ગઈ, લો, બોલો!* ■





પ્રકરણ ૭૨

# વેર-વિખેર

■ કિરણ રાયવડેરા

હવે જગમોહનને ડર લાગતો હતો.

ગઈ કાલે મોડી રાતના કોઈએ ફોન કર્યો હતો :

'જગમોહન શેઠ, હવે બહુ જીવી લીધું. હવે તમારા હાથમાં બે દિવસ જ બચ્યા છે... બે દિવસ એટલે ૪૮ કલાક... કેટલી મિનિટ્સ અને કેટલી સેકન્ડ્સ એનો હિસાબ હવ તમે માંડજો... આવજો ! .

પેલાને આ ધમકીનો જગમોહનને એક એક શબ્દ યાદ હતો. સવારના જ એણે ગાયત્રીને ફોન વિશે વાત કરી હતી.

ગાયત્રીએ બે સૂચન કર્યાં. એક :

પોલીસ સટેશન જઈને તરત જ ડાયરી કરી દેવી જોઈએ, જેથી ઘરની આસપાસ પોલીસ બંદોબસ્ત બેસાડી શકાય. બીજું : ઘરના સર્વેને ગઈકાલના ફોન વિશે જાણ કરી દેવી જોઈએ....

જગમોહને પોલીસ કમિશનર રવિ શ્રીવાસ્તવને ફોન કરીને એમને હત્યાની ધમકી મળતી હોવાની વાત વિશે જાણ કરી.

'કોઈ જૂની અદાવત, વેરઝેર... કોઈના પર શક?' કમિશનરે પોલીસ ઢબે પૂછી લીધું હતું.

'રવિ સાહેબ, કદાચ કોઈની સાથે દોસ્તી ભુલાઈ જાય, પણ દુશ્મની તો હંમેશાં યાદ રહી જાય. મારે કોઈની સાથે દુશ્મનાવટ થઈ શકે તેવું માન્યામાં નથી આવતું...' જગમોહને જવાબ આપ્યો હતો.

એના પ્રત્યુત્તરમાં કમિશનરે ફિલસૂફના અંદાજથી કહ્યું હતું :

'માફ કરજો, જગમોહન શેઠ, તમે કબીરના મિત્ર છો અને મારા પણ એક અચ્છા દોસ્ત રહ્યા છો એટલે તમને કહી શકાય. કોઈની સાથે મારે દુશ્મનાવટ નથી' એવું કહેવામાં પણ અહંકારભાવ જ પ્રગટ થાય છે. આવું કહેવા પાછળનો માણસનો આશય એવો હોય છે કે હું એટલો સારો છું કે મારે કોઈની સાથે વેરઝેર થઈ જ ન શકે. બટ સોરી, જગમોહન શેઠ, પણ સફળ થવાનો માર્ગ જ એવો છે કે બહુ ઓછા માણસો બીજાના ખભાનો સહારો લીધા વિના ઉપર ચડી શક્યા હોય... બીજાનો ખભો માથું મૂકીને રડવા માટે હોય છે કે પછી એના પર પગ મૂકીને ઉપર ચડવા માટે.... શક્ય છે કે ક્યાંક જાણે-અજાણે તમારાથી કોઈની સાથે અન્યાય થઈ ગયો હોય... મિત્રભાવે કહેવાની મારી ફરજ હતી એટલે....'

જગમોહન અવાચક થઈ ગયો હતો.

કમિશનરની વાત એને પહેલી નજરે રુચી નહીં, પણ પછી વિચારતાં લાગ્યું હતું કે એમાં સચ્ચાઈ તો હતી જ.... જો કે ઘણો વિચાર કર્યા બાદ પણ એને એવું કોઈ યાદ નહોતું આવતું જેને એના કારણે કે એના વ્યવહારથી કોઈને અન્યાય થયો હોય.

કમિશનરે એને સ્થાનિક થાણામાં જઈને ફરિયાદ નોંધાવી લેવાની સલાહ આપી હતી.

'હું તમારી સિક્યોરિટીની વ્યવસ્થા કરાવું છું, પણ તમારે થાણામાં જઈને ફરિયાદ નોંધાવવાની ઔપચારિકતા પૂરી કરવી પડે... તમારા વિસ્તારના ઓ.સી. નિરુપમ સન્યાલને હું ફોન કરીને કહી દઉં છું. આમેય તમે ઈન્સ્પેક્ટર પ્રમાણિકને તો ઓળખો જ છો.'

જગમોહનને ત્યારે આશ્ચર્ય થયું હતું. કમિશનરને કેવી રીતે ખબર પડી કે એ ઈન્સ્પેક્ટર પ્રમાણિકને ઓળખે છે?

'તમારે આશ્ચર્ય પામવાની જરુર નથી જગમોહન શેઠ, તમારા જેવા મોટા માણસને ત્યાં પોલીસને જવું પડે ત્યારે એમણે પહેલાં મારી પરવાનગી લેવી પડે...' કમિશનરે જગમોહનની શંકાનું સમાધાન કર્યું હતું.

'રવિસાહેબ, કબીર કાલ સાંજની ફ્લાઈટથી આવે છે...' જગમોહને ગઈ કાલે રાતે કબીર સાથેની વાતચીતથી કમિશનરને વાકેફ કર્યા.

'યસ, આઈ નો... આજે સવારના મને પણ ફોન આવ્યો હતો. તમે બે મિત્ર ઘણા સમય બાદ મળો છો એટલે ત્રીજી વ્યક્તિ તો આવકાર્ય નહીં હોય, પણ જો સમય મળે અને ઈચ્છા થાય તો એક વાર આપણે ત્રણેય ક્લબમાં મળી શકીએ...' રવિ શ્રીવાસ્તવે મિત્રભાવે આમંત્રણ આપ્યું હતું.

'ઓહ, શ્યોર, આપણે જરુર મળશું... મને-અમને આનંદ થશે...'

કમિશનર સાથેની વાતચીત બાદ જગમોહને ઘરના સર્વેને એક કલાક બાદ એના બેડરુમમાં મળવાની સૂચના આપી હતી. રેવતી અને જમાઈબાબુને પણ મીટિંગમાં સામેલ થવા ટેલિફોન દ્વારા કહેણ મોકલાવાઈ ચૂક્યું હતું. ગાયત્રીએ ફોન કરી દીધો હતો.

મીટિંગ પહેલાં જગમોહન અને ગાયત્રી અલીપુર પોલીસ સ્ટેશને જઈને ઑફિસર ઈન્ચાર્જ નિરુપમ સન્યાલને મળી આવ્યાં હતાં.

'હા, મને કમિશનર સાહેબનો ફોન આવી ગયો છે.' સન્યાલ સાહેબે હસીને બંનેને આવકાર્યાં હતાં. ફરિયાદની નોંધણી દસ મિનિટમાં પૂરી થઈ ગઈ હતી. ઈન્સ્પેક્ટર પ્રમાણિક એક વાર આવીને બંનેને હેલો કરી ગયો હતો, પણ એણે વાતચીત કરવાનું ટાળ્યું હતું.

પોલીસ સ્ટેશનની ઔપચારિક્તા પતાવ્યા બાદ જગમોહન અને ગાયત્રી પાછાં ફર્યાં ત્યારે ઘરના સર્વે એના બેડરુમમાં ભેગાં થઈ ગયાં હતાં.

'લખુકાકા, તમે બધા માટે ચા મૂકો ત્યાં સુધી દીકરી-જમાઈ પણ આવી જશે.'

બન્યું પણ એમ જ. ચા આવી એ વખતે રેવતી અને જતીનકુમારની પધરામણી થઈ.

'હું તો આવવાનો નહોતો, પણ આ તો ગાયત્રીએ ફોન પર બહુ આગ્રહ કર્યો એટલે ના ન પાડી શક્યો. શું વાત છે? સવાર સવારના અમને યાદ કર્યાં?'

જતીનકુમારની કોમેન્ટથી ગાયત્રીને હસવું આવ્યું, પણ એ ગંભીર વદને બેઠી રહી.

પ્રભા વિચારતી હતી... આજે શું વાત છે? જગમોહને દીકરી-જમાઈને સામેથી યાદ કર્યાં ? નક્કી કોઈ ગંભીર વાત છે.વિક્રમ - પૂજા ચૂપચાપ ચા પી રહ્યાં હતાં....કરણ વિચારતો હતો કે પપ્પાએ કદાચ રુપા વિશે વાત કરવા મીટિંગ બોલાવી હશે. કદાચ વીલ માટે પણ હોઈ શકે.

લખુકાકા ચાના કપ ઉપાડીને જતા હતા ત્યારે જગમોહને એમને રોક્યાઃ 'તમારું કામ જલદી પતાવીને તમે પણ આવી જાઓ, કાકા...'

ત્યારે બધાંને આશ્ચર્ય થયું હતું.

ઘરની અંગત બેઠકમાં લખુકાકાનું શું કામ? લખુકાકા બહારની વ્યક્તિ નહોતા, પણ આજ પહેલાં કોઈ દિવસ ઘરની અંગત બાબતમાં એમને સામેલ કરવામાં આવ્યા નહોતા.

થોડી પળો બાદ જગમોહને દરેકને સંબોધીને વાતની શરુઆત કરી :

'હું જાણું છું કે તમને બધાંને આશ્ચર્ય થતું હશે કે આજે મેં ચાલુ દિવસે સવારના શા માટે મીટિંગ બોલાવી છે. થોડી વાર પહેલાં જ હું અને ગાયત્રી પોલીસ સ્ટેશને જઈને ફરિયાદ નોંધાવી આવ્યાં છીએ.'

'કેવી ફરિયાદ, પપ્પા?' કરણથી રહેવાયું નહીં.

'ગઈ કાલે મોડી રાતના કોઈએ મને મારી નાખવાની ધમકી આપી હતી.' જગમોહને મોડી રાતના આવેલા ફોન પર થયેલી વાતચીત વિસ્તારથી કહી સંભળાવી.

'પપ્પા, પોલીસનું શું કહે છે? પૂજાએ પૂછ્યું.

'પોલીસ કમિશનરે કહ્યું કે તમે ભલે ન માનો, પણ તમારો કોઈ જૂનો દુશ્મન જાગ્યો છે. એમનું કહેવું છે કે જાણે -અજાણે મેં કોઈની સાથે અન્યાય કર્યો છે...'

'તારા બાપે અજાણ્યા થઈને નહીં, જાણી જોઈને જ અન્યાય કર્યો હશે...' જતીનકુમાર ગણગણ્યા. રેવતીએ આંખ કાઢીને એમને ચૂપ રહેવા કહ્યું.

'પપ્પા, તમને કોઈના પર શક છે?' કરણે પૂછ્યું.

'વિક્રમભાઈ, તમને એવું કોઈ યાદ આવે છે કે જે પપ્પા સામે વેર લેવા માગતો હોય?' કરણે ક્યારના મૌન રહેલા વિક્રમને વાતચીતમાં સામેલ કરવાનો પ્રયાસ કર્યો.

જવાબમાં વિક્રમે ખભા ઉલાળ્યા. ગાયત્રીને લાગ્યું કે વિક્રમ હજી નારાજ છે. બાપને કોઈએ હત્યાની ધમકી આપવા છતાંય એના ચહેરાના ભાવ બદલાયા નહોતા.

જગમોહને પોતાના બન્ને પુત્ર વિક્રમ અને કરણ સામે વારાફરતી જોયું.

'પોલીસે પણ મને આ જ પ્રશ્ન કર્યો હતો. સાચું પૂછો તો મને કોઈના પર શક નથી. જ્યારે ઈન્ડિયન મ્યુઝિયમ'ની બહાર મારું અને ગાયત્રીનું અપહરણ થયું ત્યારે પણ મને આઘાતની સાથે આશ્ચર્યની લાગણી થઈ હતી.' જગમોહને થોડી ક્ષણ અટકીને ફરી વાતનો દોર સાધ્યો :

'જો કે ઘણી વાર આપણને ખબર પણ ન પડે કે એ લોકો આપણાથી ઘવાયા છે. આપણાં અંગત સ્વજનો પણ આપણાથી નારાજ હોય , પણ આપણને એનું કારણ પણ ખબર ન હોય...'


જગમોહનનો ઈશારો વિક્રમ તરફ હતો એનો ખ્યાલ દરેકને આવી ગયો. જોકે, વિક્રમ કંઈ બોલ્યો નહીં. એ ફક્ત અન્યમનસ્ક ભાવે દરેકને જોતો રહ્યો. એવું લાગતું હતું જાણે એ મીટિંગમાં થતી વાતચીતને સાંભળતો નહોતો. વિક્રમને કોણી મારીને પૂજાએ ઢંઢોળ્યો. વિક્રમે એક તીખી નજર પત્ની તરફ ફેંકીને નોર્મલ થવાની કોશિશ કરી.

'મને કંઈ કહ્યું?' વિક્રમે પૂછ્યું.

'સાળાબાબુ, તમારી તબિયત ઠીક નથી કે શું?' જતીનકુમારે સાળાના ખબરઅંતર પૂછ્યા પણ વિક્રમે એમને જવાબ ન આપ્યો.

'હવે શું કરવાનો વિચાર છે પપ્પા, આઈ મીન આપણે કોઈ રસ્તો કાઢી ન શકીએ?' કરણ ચિંતાતુર લાગતો હતો.

'પોલીસે મકાનની આસપાસ સિક્યુરિટીની વ્યવસ્થા કરવાની ખાતરી આપી છે. ઉપરાંત કાલે સાંજની ફ્લાઈટથી કબીર અંકલ આવે છે...'




જગમોહનની વાત સાંભળીને દરેકના ચહેરા પર રાહતની લાગણી ફરી વળી.

'થેન્ક ગોડ, કબીર અંકલ આવે પછી કોઈની તાકાત નથી કે આપણો વાળ પણ વાંકો કરી શકે... પપ્પા, કબીર અંકલને લેવા હું એરપોર્ટ જઈશ...' કરણ ખુશખુશાલ લાગતો હતો.

'હા, બેટા તું પણ આવજે. વિક્રમ તારે આવવું હોય તો તું પણ આવી શકે છે...' જગમોહને મોટા દીકરાને પ્રેમપૂર્વક કહ્યું.

'હા, કબીર અંકલનો તો મારા પર ઉપકાર છે. હું જરુર આવીશ.' વિક્રમે નીચે જોઈને જવાબ આપ્યો.

વિક્રમના સ્વરમાં કટાક્ષ હતો... જગમોહન કળી ન શક્યો.

'મારે એક વાત કહેવી છે...'

ગાયત્રીએ વાતચીતમાં ઝંપલાવ્યું, કબીર અંકલ આવતીકાલે સાંજના આવે છે. મારું માનવું છું કે જેણે કાકુને ગઈ કાલે રાતે ધમકીનો ફોન કર્યો એને પણ કબીર અંકલની વિઝિટ વિશે ખબર હશે એટલે મારી સલાહ છે કે કાલ સાંજે સુધી આપણે ચેતીને ચાલવું જોઈએ. કાકુ, આ બે દિવસ તમે ઑફિસ ન જાઓ તો કેવું? બોલતાં બોલતાં ગાયત્રી અચકાતી હતી.

'વ્હોટ નોનસેન્સ... તો તો હત્યારો એવું સમજી બેસે કે હું એની ધમકીથી ડરી ગયો...' જગમોહને વિરોધ કર્યો.

'લ્યો સાંભળો,' જમાઈથી રહેવાયું નહીં :

'અરે, ખૂનની ધમકીથી માણસ ડરી જ જાય ને... કંઈ રાસડા ન લેવા માંડે...'

'વાત એટલી સરળ નથી, જમાઈબાબુ' જગમોહને ઉત્તેજિત થયા વિના કહ્યું :

'એમ કોઈ પણ હાલીમવાલી આપણને ધમકી આપે અને આપણે ડરી જઈએ એ કેમ ચાલે?'

'કાકુ, વાત સાવચેત રહેવાની છે. કાલે સાંજના કબીર અંકલ આવે ત્યાં સુધી તો વાત છે પછી તમે જ્યાં જવું હોય ત્યાં જજોને!' ગાયત્રીએ સૂચન કર્યું.

'ગાયત્રીની સલાહ ખોટી નથી.' પ્રભાએ સૂર પુરાવ્યો.

'હા, ભાઈ, નાના મોઢે મોટી વાત... પણ તમે મને બેસાડ્યો એટલે હું બોલું છું. બે દિવસ ઑફિસે ન જાઓ તો સારું.' લખુકાકા પહેલી વાર બોલ્યા. લખુકાકાને આટલું લાંબું વાક્ય બોલતાં ઘણાંએ પહેલી વાર સાંભળ્યા હતા.

'પણ ભાઈ, એક વાત ન સમજાઈ... તમે કોનું નુકસાન પહોંચાડ્યું હોય કે બીજો કોઈ તમારું ખૂન કરવા તત્પર થઈ જાય?'

'કાકા, એ વાતનો જવાબ મારા કરતાં મારાં પરિવારજનો વધુ સારી રીતે આપી શકશે. તમે આ પ્રશ્ન મારા કુટુંબીજનોને પૂછો તો વધુ સારું...'

રુમમાં વજનદાર મૌન પથરાઈ ગયું.

'અચ્છા, હું તમને એક પ્રશ્ન કરું...' જગમોહને વિચારીને ફરી શરુ કર્યું :

'તમારામાંથી કોણ એવું માને છે કે મેં કોઈનું નુકસાન કર્યું હોય... કે પછી મેં કોઈને અન્યાય કર્યો હોય...'

રુમનું મૌન યથાવત રહ્યું કોઈ બોલતું નહોતું. ગાયત્રી વિચારતી હતી કે ઘરના સર્વે એમ માને છે કે જગમોહન બીજાને અન્યાય કરી શકે છે. સાચું પૂછો તો ઘરની દરેક વ્યક્તિ એક યા બીજા કારણે જગમોહનના વ્યવહારથી દાઝી હતી : પ્રભા, વિક્રમ, પૂજા, કરણ, રેવતી, જમાઈબાબુ, બધાં જ. લખુકાકા સિવાય બધાંને જગમોહન સામે એક યા બીજા કારણસર ફરિયાદ હતી. દરેકને લાગતું હતું કે જગમોહન બીજાને અન્યાય કરી શકે છે.

એટલે જ બધાં ચૂપ હતાં.

'મને જવાબ મળી ગયો.' જગમોહન ઉદાસ સ્વરે બોલ્યો :

ખરેખર, મને ખબર નહોતી કે મારા ઘરના જ મારી વિરુદ્ધ છે. સારું થયું મને ખબર પડી ગઈ. નાના-મોટા મતભેદો તો હોય, પણ તમે લોકો એવું માનો છો કે હું કોઈની સાથે એટલો મોટો અન્યાય કરી શકું કે કોઈ મારું ખૂન કરવા ઉશ્કેરાય ...' જગમોહનનું ગળું ભરાઈ આવ્યું.

ના, પપ્પા એવું નથી...' પૂજાને સૂઝ્યું નહીં આગળ શું કહેવું. એણે વિક્રમને ફરી કોણી મારી પણ વિક્રમ કંઈ બોલ્યો નહીં. ફરી વજનદાર ખામોશી છવાઈ ગઈ.

ગાયત્રીને લાગ્યું કે દરેકે એના જીવનમાં વહેલા- મોડા અમુક સત્યની ઘડીનો સામનો કરવાની જરુર પડે છે. જગમોહન માટે આ સત્યની ઘડી હતી, આઘાતજનક, કડવી ક્રૂર વાસ્તવિકતા...


(ક્રમશઃ)■

શો-શરાબા

દિવ્યકાંત પંડ્યા

# એસ. એસ. રાજામૌલી શું છે એમની સાથે જોડાયેલી વિચિત્ર માન્યતા?

## શું ખરેખર રાજામૌલી સાથે કામ કરનારા દરેક અભિનેતાની પછીની ફિલ્મ નિષ્ફળ જાય છે?



જુનિયર એનટીઆર અને એસ. એસ. રાજામૌલી



રામચરણ અને પ્રભાસ

આજે અભિનેતા જુનિયર એનટીઆરની 'દેવરા' ફિલ્મ રિલીઝ થવા જઈ રહી છે. દેવરા' અત્યંત સફળ ફિલ્મ 'આરઆરઆર' પછીની જુનિયર એનટીઆરની પહેલી ફિલ્મ છે. જાણીતા દિગ્દર્શક એસ. એસ. રાજામૌલીની 'આરઆરઆર' પછી આવી રહેલી આ ફિલ્મ માટે દર્શકો અને સ્વાભાવિકપણે જ જુનિયર એનટીઆરને પણ ખૂબ જ આશા છે. પરંતુ એક બહુ મોટો દર્શકવર્ગ એવો પણ છે કે જે એક રસપ્રદ માન્યતાના આધારે એવું માને છે કે આ ફિલ્મ ફ્લોપ જવાની બહુ મોટી શક્યતા છે. શું છે એ માન્યતા?

એ માન્યતા એવી છે કે જે કોઈ એક્ટર રાજામૌલી સાથે કામ કરે છે એની જે-તે ફિલ્મ તો સફળ થાય જ છે, પરંતુ તેના તરત પછીની બીજા દિગ્દર્શક સાથેની ફિલ્મ હંમેશા નિષ્ફળ જ જાય છે...!

આમ તો આ વાત સાવ તો કંઈ નવી નથી, ૨૦૦૧થી રાજામૌલી સાથે એ સંકળાયેલી છે. જોકે, આમાં તથ્ય કે સત્ય કેટલું છે એ ચકાસવા આપણે અમુક ઉદાહરણો જોઈએ.

૨૦૦૧માં આવેલી ફિલ્મ 'સ્ટુડન્ટ નંબર વન' થકી રાજામૌલિની સિનેમા કારકિર્દીની શરૂઆત થઈ હતી. 'સ્ટુડન્ટ નંબર વન'માં પણ જુનિયર એનટીઆર જ અભિનેતા હતો. એ ફિલ્મ તો તેલુગુ સિનેમાની અત્યંત સફળ ફિલ્મમાંની એક ગણાઈ, પરંતુ તેના પછીની જુનિયર એનટીઆરની રુદ્રરાજુ સુરેશ વર્માની ફિલ્મ 'સુબ્બુ' (૨૦૦૧) બોક્સ ઓફિસ પર પટકાઈ ગઈ. એ પછીની રાજામૌલીની પિતા વિજયેન્દ્ર પ્રસાદ લિખિત બીજી ફિલ્મ 'સિહાંદ્રી' (૨૦૦૩) કે જેમાં પણ જુનિયર એનટીઆર જ અભિનેતા હતો, એ સફળતાને વરી હતી, પરંતુ ફરી વખત ૨૦૦૪માં આવેલી જુનિયર એનટીઆરની પુરી જગન્નાથ દિગ્દર્શિત 'આંધ્રવાલા' નિષ્ફળ નીવડી ...

સારી કાસ્ટ, પાછલી ફિલ્મની સફળતા અને અત્યંત હાઇપ હોવા છતાં જુનિયર એનટીઆરની રાજામૌલી સિવાયની આ ફિલ્મ પણ ફ્લોપ થઈ તો ઉપરોક્ત લખેલી પેલી માન્યતા વધુ પ્રચલિત થવા લાગી.

રાજામૌલીની એ પછીની ફિલ્મ 'સાય' (૨૦૦૪) સ્પોર્ટ્સ એક્શન ફિલ્મ હતી. તેમાં કામ કરનાર અભિનેતા નીતિનને ફિલ્મ ફળી. એ અત્યંત સફળતા પામી, પરંતુ પેલી માન્યતાને વધુ સાચી ઠરતી હોય એમ એ પછીની નીતિનની 'અલ્લારી બુલોડુ' ફ્લોપ !

ફિલ્મ 'સાય' પછી રાજામૌલીએ ૨૦૦૫માં બનાવી 'છત્રપતિ'. એ ફિલ્મનો અભિનેતા હતો પ્રભાસ. હા, 'બાહુબલી'ની આ જોડી છેક ૨૦૦૫માં અત્યંત સફળ ફિલ્મ 'છત્રપતિ' આપી ચૂકી છે, પરંતુ પ્રભાસ સાથે પણ અગાઉ બનેલી ઘટનાનું જ પુનરાવર્તન થયું. 'છત્રપતિ' પછીની પ્રભાસની પ્રભુદેવા દિગ્દર્શિત ફિલ્મ પોર્ણમી' નિષ્ફળ નીવડી.

એસ. એસ. રાજામૌલીએ અનેક અભિનેતા સાથે કામ કર્યું છે. અને દુર્ભાગ્યે એમની સાથેનો આ સિલસિલો પણ એટલો જ લાંબો ચાલ્યો છે. ૨૦૦૬માં આવેલી રાજામૌલી દિગ્દર્શિત 'વિક્રમારકુડુ'ના અભિનેતા રવિ તેજાની એ પછીની અમ્મા રાજશેખર દિગ્દર્શિત 'ખતરનાક' પણ ફ્લોપ ગઈ હતી. એ પછી રાજામૌલી સાથે 'યમડોંગા' (૨૦૦૭)માં ત્રીજી વખત જુનિયર એનટીઆરે કામ કર્યું, પણ એનું નસીબ ન જ બદલ્યું. એ પછીની જુનિયર એનટીઆરની 'કાંતરી' ફિલ્મ ફ્લોપ ગઈ હતી.

૨૦૦૯માં 'આરઆરઆર'ના બીજા અભિનેતા રામચરણ સાથે પણ રાજામૌલીએ એક બોક્સઓફિસ હિટ ફિલ્મમાં કામ કર્યું છે. એ ફિલ્મ એટલે 'મગધીરા', પરંતુ રાબેતા મુજબ એ પછીની રામચરણની ફિલ્મ ઓરેન્જ' બોક્સ ઓફિસ પર રસકશ વગરની સાબિત થઈ.

એક્ટર સુનિલ સાથે પણ 'મર્યાદા રામન્ના' (૨૦૧૦) નામની સફળ ફિલ્મ દિગ્દર્શક એસ. એસ. રાજામૌલીએ આપી છે, પણ એ પછીની સુનીલની ફિલ્મ સાથે ફરી પેલી કમ્બખ્ત કહાણીનું પુનરાવર્તન થયું.

ભારતીય સિનેમાની સફળતમ ફિલ્મ, 'બાહુબલી' (૨૦૧૫) આપ્યા પછીની રાજામૌલી સિવાયની પ્રભાસની ફિલ્મ્સ 'સાહો' 'આદિપુરુષ' કે 'રાધેશ્યામ'ના શું હાલ થયા એ આપણને ખબર જ છે. 'આરઆરઆર' પછી રામચરણની પણ ફિલ્મ 'આચાર્ય' (૨૦૨૨) ફ્લોપ સાબિત થઈ ચૂકી છે એટલે દિગ્દર્શક એસ. એસ. રાજામૌલી વગર એમના હીરોની તરત પછીની ફિલ્મ ફ્લોપ જાય છે એ વાત આટલાં દ્રષ્ટાંતો પછી માનવી જ પડે.

જોકે, આટલાં દ્રષ્ટાંતોમાં એક સુખદ દ્રષ્ટાંત પણ છે. રાજામૌલી દિગ્દર્શિત ૨૦૧૨માં રિલીઝ થયેલી 'ઇગ્ગા' (મખ્ખી)માં કામ કરી ચૂકેલા અભિનેતા નાનીની એ પછીની ફિલ્મ 'યેતો વેલ્લીપોયીન્ધી માનાસુ' સફળ રહી હતી. જોકે પેલી માન્યતાને સાચી ઠરાવવા માટે દર્શકો તો આજના સમયમાં ઇન્ટરનેટ પર એવી મજાક પણ કરે છે કે 'મખ્ખી'માં તો મુખ્ય હીરો મખ્ખી જ હતો ને.! અને સૌને ખબર છે કે મખ્ખીને આજ સુધી ફ્લોપ તો શું એકેય ફિલ્મ પણ નથી મળી.

ખેર, આ માન્યતા કે તેની ચર્ચાનો અર્થ એ બિલકુલ નથી થતો કે રાજામૌલી સિવાયના બીજા દિગ્દર્શકોમાં ઓછી આવડત છે. રાજામૌલી સાથે જોડાયેલી આ શાપિત માન્યતા વિશે બચાવમાં ફક્ત એટલું જ કહી શકાય કે રાજામૌલીની ફિલ્મ્સના સફળતાના દર અને લોકપ્રિયતાથી જે-તે અભિનેતા પાસેથી દર્શકોની આશા જ એટલી બંધાઈ જાય છે કે અગાઉની ફિલ્મ સાથે સરખામણી થયા વગર રહેતી નથી. અને અભિનેતાની પછીની ફિલ્મ એ ગુણવત્તા આપવામાં સહેજ પણ કાચી રહે તો પણ લોકો એ પસંદ કરી શકતા નથી.

જોકે આ માન્યતામાં એવું કશું જ શ્રાપિત ન હોય અને એ માત્ર એક અત્યંત લાંબો યોગાનુયોગ જ હોય એમ માનીએ...

### લાસ્ટ શોટ

*જોગાનુજોગ 'આરઆરઆર' પછીની રામચરણ અને જુનિયર એનટીઆર બંનેની ફિલ્મ્સ અનુક્રમે 'આચાર્ય' અને 'દેવરા'ના દિગ્દર્શક પણ કોરતલા સિવા જ છે.* ■

# ક્વિક ફિલ્મી ક્વિઝ

નીલા સુનીલ મહેતા

## ક્વિઝ (અ) વ્યવસાય

હીરો અને હીરોઈન બન્ને એક જ વ્યવસાયમાં હોય તેવી ફિલ્મોનાં નામ આપો...

૧) શાહરુખ ખાન અને જુહી ચાવલા... ( ટીવી રિપોર્ટર )

૨) શ્રદ્ધા કપૂર અને આદિત્ય રાય કપૂર... (પ્લેબેક સિંગર)

૩) ધર્મેન્દ્ર અને હેમા માલિની... (શિક્ષક)

૪) પ્રિયા રાજવંશ અને રાજેશ ખન્ના... (વકીલ)

૫) અજય દેવગન અને જુહી ચાવલા... (પોલીસ)

૬) અનિલ કપૂર અને માધુરી દીક્ષિત... (ઠગ )

૭) સુનિલ દત્ત અને સ્મિતા પાટીલ... (ડોક્ટર)

## ક્વિઝ (બ) વેશપલટો

આ હિરોઈનોની એવી એક ફિલ્મનું નામ આપો, જેમાં એમણે પુરુષવેશ ધારણ કર્યો હોય...

૧) હેમા માલિની

૨) શ્રીદેવી

૩) ડિમ્પલ કાપડિયા

૪) આશા પારેખ

૫) તનુજા

૬) સાયરાબાનું

૭) જયા ભાદુરી





જવાબ માટે જુઓ 'ફન વર્લ્ડ'

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ભારત કાનપુરમાં રમ્યા વગર જ સિરીઝ જીતી શકે, જાણો કેવી રીતે...



કાનપુરઃ ભારતે બાંગ્લાદેશને ટેસ્ટ શ્રેણીના પ્રથમ મુકાબલામાં આસાનીથી હરાવી દીધું અને હવે બીજા મુકાબલામાં પણ હરાવીને સિરીઝ ૨-૦થી જીતી શકે એમ છે, પરંતુ કાનપુરમાં વરસાદ એટલો બધો પડી રહ્યો છે કે આ મૅચ રમાશે કે કેમ એમાં જ શંકા છે. ગ્રીન પાર્કની પિચને અને આઉટફીલ્ડને કવરથી ઢાંકી દેવામાં આવ્યા છે. જો આ મૅચ નહીં રમાય તો ભારતે ૧-૦થી સિરીઝ જીતી લીધી કહેવાશે.

સમયપત્રક મુજબ કાનપુરમાં આજે સવારે ૯.૩૦ વાગ્યે ટેસ્ટ શરૂ કરવામાં આવશે, પરંતુ વેધશાળાના અહેવાલ મુજબ શુક્રવાર અને શનિવાર (ટેસ્ટના પ્રથમ બે દિવસે) મુશળધાર વરસાદ પડવાની આગાહી છે. ગુરુવારે આકાશમાં કાળાં વાદળો છવાયાં કે તરત જ ગ્રાઉન્ડ સ્ટાફ મેદાનને કવરથી ઢાંકી દેવા દોડ્યા હતા.

હાલત એવી છે કે દિલ્હી ઍન્ડ ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ અસોસિયેશન (ડીડીસીએ) પાસેથી વધુ કવર મગાવવામાં પડ્યા હતા.

આજે ટેસ્ટના પહેલા દિવસે વરસાદ પડવાની ૯૩ ટકા, બીજા દિવસે ૮૦ ટકા સંભાવના બતાવવામાં આવી હતી. ખાસ કરીને ચોથા તથા પાંચમા દિવસે આકાશ સાફ રહેશે એવું પણ અનુમાન છે. જોકે ત્રીજા દિવસે પણ વરસાદ પડવાની શક્યતા હોવાથી મેદાનને સાફ બનાવવું ગ્રાઉન્ડ્સમેન માટે મોટી કસોટી બની જશે.

કાનપુરમાં ભારત કુલ ૨૩ ટેસ્ટ રમ્યું છે જેમાંથી સાત જીત્યું છે, ત્રણ હાર્યું છે અને બાકીની ૧૩ ટેસ્ટ ડ્રૉમાં પરિણમી છે. ■

# ભારત સતત ૧૮મા સિરીઝ-વિજયની તલાશમાં, મેઘરાજા વિઘ્નકર્તા બની શકે

## આજથી બાંગ્લાદેશ સામે છેલ્લી ટેસ્ટ, રોહિત-વિરાટ પર સૌની નજર

કાનપુરઃ ભારતે બાંગ્લાદેશ સામે બે મૅચવાળી ટેસ્ટ-સિરીઝનો પ્રથમ મુકાબલો ૨૮૦ રનના તોતિંગ તફાવતથી જીતી લીધો ત્યાર બાદ હવે બન્ને દેશ વચ્ચે આજે (સવારે ૯.૩૦ વાગ્યાથી) બીજી અને છેલ્લી ટેસ્ટ શરૂ થશે જે જીતીને ભારત લાગલગાટ ૧૮મો સિરીઝ-વિજય મેળવીને પોતાનો રેકૉર્ડ વધુ લંબાવવા કોઈ કસર બાકી નહીં રાખે. જોકે કાનપુરમાં વરસાદ અને ખરાબ હવામાનની આગાહી હોવાથી ભારતના રંગમાં ભંગ પડે તો નવાઈ નહીં.

ચેન્નઈની પ્રથમ ટેસ્ટમાં રવિચન્દ્રન અશ્વિને ચાર ચાંદ લગાડી દીધા હતા. તેના લડાયક સેન્ચુરી અને બીજા દાવની છ વિકેટવાળા ઑલરાઉન્ડ પર્ફોર્મન્સ ઉપરાંત રવીન્દ્ર જાડેજાના સપોર્ટિંગ રોલ, શુભમન ગિલની સમયસરની સદી, જસપ્રીત બુમરાહની કુલ પાંચ વિકેટ તેમ જ ખાસ કરીને રિષભ પંતની કમબૅકની સેન્ચુરીએ ભારતને સિરીઝમાં ૧-૦થી સરસાઈ અપાવી હતી.

જોકે હવે બીજી ટેસ્ટ જિતાડવાની જવાબદારી કૅપ્ટન રોહિત શર્મા અને મુખ્ય બૅટર વિરાટ કોહલીની છે.

સિરીઝના પ્રથમ દિવસે ૩૪ રનમાં ત્રણ વિકેટ ગુમાવ્યા પછી ટીમ ઇન્ડિયાએ જે કમબૅક કર્યું એ અવિસ્મરણીય હતું. અશ્વિન-જાડેજાની ૧૯૯ રનની ભાગીદારીએ જ ભારતને આ વિજય અપાવ્યો હતો.

હવે બીજી ટેસ્ટ કાનપુરના ગ્રીન પાર્કમાં રમાવાની છે જ્યાંની પિચ પરંપરાગત રીતે સ્પિનર્સને વધુ માફક આવે એવી હોય છે. આ પિચ પર બૉલ નીચો રહી જતો હોય છે. ઉનાઓની કાળી માટીથી બનેલી આ પિચ પર શરૂઆતમાં પેસ બોલર્સને ફાયદો થશે, પરંતુ સમય જતાં પિચ વધુ સ્લો થતાં સ્પિનર્સ વધુ લાભ મેળવી શકશે.

કાનપુરમાં છેલ્લે ૨૦૨૧માં ન્યૂ ઝીલૅન્ડ સામે રમાયેલી ટેસ્ટમાં ભારતે ત્રણ સ્પિનર્સ (અશ્વિન, જાડેજા, અક્ષર)ને રમાડ્યા હતા. જોકે એ રોમાંચક મૅચ ડ્રૉમાં પરિણમી હતી.

ભારત આ મૅચ પણ જીતીને બાંગ્લાદેશનો ૨-૦થી વ્હાઇટ-વૉશ કરી શકે એમ છે, કારણકે જો ફરી એકવાર ભારત ત્રણ સ્પિનરને રમાડશે તો બાંગ્લાદેશની ટીમે કાનપુરની પિચ પર ટકી રહેવું મુશ્કેલ બની જશે. ખાસ કરીને સ્પિનર અક્ષર પટેલના બૉલમાં જે પેસ હોય છે અને સ્ટમ્પ્સને લક્ષ્યાંક બનાવવાની તેનામાં જે કાબેલિયત છે એના પર સૌની નજર રહેશે.

કુલદીપ યાદવ પણ ટીમ ઇન્ડિયાની સ્ક્વૉડમાં છે અને કાનપુર તેનું હોમ-ગ્રાઉન્ડ છે. જો અક્ષરને કે કુલદીપને રમાડવાનો નિર્ણય લેવાશે તો કદાચ પેસ બોલર મોહમ્મદ સિરાજને અથવા આકાશ દીપને ડ્રૉપ કરવામાં આવશે. ભારતની લાંબી બૅટિંગ લાઇન-અપ પણ ટીમને વધુ એક વિજય અપાવી શકે. ■

કાનપુરમાં ગઈ કાલે ભારતીય ખેલાડીઓ સાથે હેડ કોચ ગૌતમ ગંભીર (પીટીઆઈ)



### બન્ને દેશની સંભવિત ઈલેવનઃ

**ભારતઃ** રોહિત શર્મા (કૅપ્ટન), યશસ્વી જયસ્વાલ, શુભમન ગિલ, વિરાટ કોહલી, રિષભ પંત (વિકેટકીપર), કે. એલ. રાહુલ, રવિચન્દ્રન અશ્વિન, રવીન્દ્ર જાડેજા, અક્ષર પટેલ/કુલદીપ યાદવ, જસપ્રીત બુમરાહ, મોહમ્મદ સિરાજ/આકાશ દીપ.

**બાંગ્લાદેશઃ** નજમુલ શૅન્ટો (કૅપ્ટન), શદમાન ઇસ્લામ, ઝાકિર હસન, મોમિનુલ હક, મુશ્ફીકુર રહીમ, શાકિબ-અલ-હસન, લિટન દાસ (વિકેટકીપર), મેહદી હસન મિરાઝ, તૈજુલ ઇસ્લામ, હસન મહમૂદ, તાસ્કિન અહમદ. ■

# યુવીના મતે રૂટ એક રીતે કોહલીથી ચડિયાતો

નવી દિલ્હીઃ ઍડમ ગિલક્રિસ્ટ અને માઇકલ વૉન ઘણી વાર જે પૉડકાસ્ટ પર વર્તમાન ક્રિકેટ અને ફૉર્મ ધરાવતા ખેલાડીઓ પર ચર્ચા કરતા હોય છે એમાં આ વખતે યુવરાજ સિંહ પણ જોડાયો હતો જેમાં યુવીને ખૂબ જ જટિલ સવાલ પૂછાતાં તેણે સૌને આશ્ચર્યમાં મૂકી દે એવો જવાબ આપ્યો હતો.

વિરાટ કોહલી અને જૉ રૂટ ટેસ્ટ-ક્રિકેટમાં રનનો ઢગલો કરી ચૂક્યા છે, પરંતુ આ બેમાંથી કોણ ચડિયાતું? એવું પૂછાતાં યુવીએ મોટું નિવેદન આપ્યું હતું. યુવીએ અનોખા નિવેદનમાં કહ્યું, ‘તમે જો મને ફૉર્મને આધારે સવાલ પૂછો છો તો હું જૉ રૂટનું નામ લઈશ, કારણકે હાલમાં તે બહુ સારા ફૉર્મમાં છે. જોકે તે કયા દેશ સામે અને કયા સ્થળે સારું રમ્યો એ બાબતને પણ હું ધ્યાનમાં લઈશ. જો તે ઇંગ્લૅન્ડમાં રમતો હોય તો હું તેને મારી વર્લ્ડ ઇલેવનમાં જરૂર સામેલ કરીશ. બીજા સ્થળોની બાબતમાં હું વિરાટ કોહલી પર પસંદગી ઉતારીશ. રૂટ ટેસ્ટ-ક્રિકેટમાં કોઈના પણ કાબૂમાં નથી અને દરેક ટીમ સામે રન બનાવી રહ્યો છે. હા, તે ટેસ્ટ-ક્રિકેટમાં સારો છે, પરંતુ તમામ ફૉર્મેટની વાત કરશો તો હું વિરાટને સર્વશ્રેષ્ઠ માનું છું.’

કોહલીએ ૨૦૦૮માં અને રૂટે ૨૦૧૨માં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ડેબ્યૂ કર્યું હતું. ત્રણેય ફૉર્મેટમાં બનાવેલા રનની વાત કરીએ તો રૂટ કરતાં કોહલી ઘણો આગળ છે. કોહલી અત્યાર સુધીમાં ત્રણેય ફૉર્મેટમાં કુલ ૨૬,૯૬૫ રન બનાવી ચૂક્યો છે. બીજી બાજુ, રૂટના નામે હજી ૧૯,૮૧૭ રન છે. કોહલીની કુલ ૮૦ સેન્ચુરી સામે રૂટની માંડ ૫૦ સદી છે.

હા, ટેસ્ટ-ક્રિકેટમાં કોહલીથી રૂટ આગળ છે. કોહલીના ૮,૮૭૧ રન સામે રૂટ ૧૨,૦૦૦ના આંકડાને પાર કરી ચૂક્યો છે. ટેસ્ટમાં સચિન તેન્ડુલકરના હાઈએસ્ટ ૧૫,૯૨૧ રન સામે રૂટ ૧૨,૪૦૨ રન સાથે હજી સચિનથી ઘણો પાછળ છે, પરંતુ કહેવાય છે કે ૩૩ વર્ષનો રૂટ હજી થોડા વર્ષ સારું રમશે તો સચિનને પાર કરી શકશે. ■

# લેવાન્ડૉવ્સ્કીના સાતમા ગોલની મદદથી બાર્સેલોનાએ મેળવ્યો સાતમો વિજય



મૅડ્રિડઃ બાર્સેલોનાએ ફૂટબોલર રોબર્ટ લેવાન્ડૉવ્સ્કીના ગોલની મદદથી સ્પૅનિશ લીગ સીઝનમાં ફરી એકવાર વિજયી આરંભ કર્યો હતો. બુધવારે બાર્સેલોનાએ ગેટાફી નામની ક્લબની ટીમને ૧-૦થી પરાજિત કરી હતી. પોલૅન્ડના લેવાન્ડૉવ્સ્કીએ મૅચની ૧૯મી મિનિટમાં આ ગોલ કર્યો હતો.

લેવાન્ડૉવ્સ્કીએ સાતમી મૅચમાં સાતમો ગોલ કર્યો હતો, જ્યારે બાર્સેલોનાની આ સતત સાતમી જીત હતી.

લેવાન્ડૉવ્સ્કીએ રવિવારે વિલારિયલ સામેની મૅચમાં બાર્સેલોનાને વિજય અપાવ્યો હતો. એમાં તેણે બે ગોલ કર્યા હતા અને બાર્સેલોનાનો ૫-૨થી વિજય થયો હતો.

બાર્સેલોના ક્લબે આપેલા આંકડા મુજબ બુધવારે લેવાન્ડૉવ્સ્કીએ જે ગોલ કર્યો એ બાર્સેલોનાનો ૩,૦૩૫મી મૅચમાં ૬,૫૦૦મો ગોલ હતો.

બાર્સેલોના ડિફેન્ડિંગ ચૅમ્પિયન રિયલ મૅડ્રિડથી ચાર પૉઇન્ટ આગળ છે. ■

# અંધેરીના ગુજરાતી ખેલાડી પ્રકાશ રાઠોડની કૅપ્ટન્સીમાં ભારતીય ટીમનો વર્લ્ડ ઇન્ડોર ક્રિકેટમાં પડકાર

## આજથી શ્રીલંકામાં રોમાંચક ટૂર્નામેન્ટઃ ટીમમાં બધા જ ઑલરાઉન્ડર, બૅટર્સ જોડીમાં રમશે ચાર-ચાર ઓવર

(અજય મોતીવાલા)

મુંબઈઃ ભારત આઉટડોર ક્રિકેટમાં (વન-ડે તથા ટી-૨૦માં) વર્લ્ડ ચૅમ્પિયન બની ચૂક્યું છે, પરંતુ ભારતમાં ખૂબ જ ઓછી જાણીતી છતાં ઘણા દેશોમાં લોકપ્રિય ઇન્ડોર ક્રિકેટમાં ભારતને ચૅમ્પિયન બનવાની દૃઢતા સાથે મુંબઈ સહિત દેશના ઘણા ભાગોમાંથી ખેલાડીઓ શ્રીલંકા પહોંચી ગયા છે જ્યાં તેઓ આજે શરૂ થનારી ‘ઇન્ડોર ક્રિકેટ માસ્ટર્સ વર્લ્ડ સિરીઝ-૨૦૨૪’માં ઇન્ડોર ક્રિકેટના મોટા દેશો સામે પડકાર ફેંકશે. આ ટૂર્નામેન્ટમાં ઉંમર પર આધારિત વિવિધ કૅટેગરીમાં મૅચો રમાશે અને એમાં મુંબઈનો પ્રકાશ તેજાલાલ રાઠોડ નામનો ખેલાડી ૩૫-પ્લસ કૅટેગરીની ભારતીય ટીમની કૅપ્ટન્સી સંભાળી રહ્યો છે.

પ્રકાશ રાઠોડે ‘મુંબઈ સમાચાર’ને આ ટૂર્નામેન્ટ વિશે વિગતવાર માહિતી આપવાની સાથે ભારતીય ખેલાડીઓ પર પ્રકાશ પાડતાં કહ્યું હતું કે ‘ઑસ્ટ્રેલિયા, ઇંગ્લૅન્ડ, ન્યૂ ઝીલૅન્ડ સહિત કેટલાક દેશોમાં ઇન્ડોર ક્રિકેટ ખૂબ જ પૉપ્યુલર છે. ત્યાંના ક્રિકેટ બોર્ડ તેમ જ ત્યાંની સરકાર આ પ્રકારની ક્રિકેટના ફેલાવા માટે પર્સનલી ધ્યાન આપે છે જેને કારણે ત્યાં ઇન્ડોર ક્રિકેટ માટે વર્ષોથી ઘણી માળખાકીય સગવડો ઊભી કરાઈ છે. આપણે ત્યાં બેન્ગલૂરુમાં એ સુવિધા છે એટલે અમે કોલંબો જતાં પહેલાં ત્યાં પ્રૅક્ટિસ કરી હતી. ઑસ્ટ્રેલિયા છેલ્લા ૧૧ વર્ષથી ચૅમ્પિયન બને છે. આપણા દેશમાં ઇન્ડોર ક્રિકેટ બાબતમાં જોઈએ એવી જાગૃતિ નથી, પણ અમે ભારતને ચૅમ્પિયન બનાવવાના ઇરાદા સાથે શ્રીલંકા આવ્યા છીએ.’

દુબઈમાં એક મોબાઈલ કંપનીમાં નોકરી કરતો મૂળ શિહોરનો પ્રકાશ રાઠોડ મેઘવાળ સમાજનો છે અને મુંબઈમાં અંધેરીમાં રહે છે. તેને નાનપણથી ક્રિકેટ રમવાનો શોખ હતો અને મુંબઈમાં અભ્યાસ પૂરો કર્યા બાદ તે થોડા વર્ષો પહેલાં નોકરી માટે દુબઈ ગયો ત્યારે મિત્રએ તેને ઇન્ડોર ક્રિકેટ રમતા શીખવ્યું હતું. આ પ્રકારની ક્રિકેટમાં તે સારું રમવા લાગ્યો એટલે નાની-મોટી સ્પર્ધાઓમાં ભાગ લેવા લાગ્યો હતો અને હવે ભારતની ૩૫-પ્લસ કૅટેગરીની ટીમનો કૅપ્ટન બની ગયો છે. પ્રકાશે ‘મુંબઈ સમાચાર’ને કહ્યું, ‘મેન્સ ૩૫-પ્લસ કૅટેગરીમાં કોલકાતાનો વિપુલ શાહ નામનો બીજો ગુજરાતી ખેલાડી પણ છે, જ્યારે અન્ય કેટલીક કૅટેગરીમાં પણ ગુજરાતી પ્લેયર્સ છે.’

પ્રકાશ રાઠોડ કહે છે, ‘સામાન્ય રીતે ઇન્ડોર ક્રિકેટ માટેની ટીમમાં બધા ઑલરાઉન્ડર્સ હોય. બધાએ અસરદાર બૅટિંગ અને બોલિંગ કરવાની હોય. ભારતની ટીમ સ્ટ્રૉન્ગ છે અને ચૅમ્પિયન બનવા માટે પ્રબળ દાવેદાર છે.’

‘ઇન્ડોર ક્રિકેટ માસ્ટર્સ વર્લ્ડ સિરીઝ-૨૦૨૪’ની અન્ય કેટલીક કૅટેગરીમાંના ગુજરાતી ખેલાડીઓની વિગત આ મુજબ છેઃ હીરેન પ્રજાપતિ (૪૦-પ્લસ, મુંબઈ), સમીર શાહ (૪૦-પ્લસ, મુંબઈ), પ્રશાંત કારિયા (૪૦-પ્લસ, મુંબઈ), પારસ શેઠ (૪૫-પ્લસ, કોલકાતા).

ભારતીય મહિલાઓની ટીમ પણ આ સ્પર્ધામાં ભાગ લઈ રહી છે અને એમાં ૩૦-પ્લસ કૅટેગરીની ટીમમાં અમદાવાદની દિશા પટેલ મહિલા ટીમની કૅપ્ટન છે. ■






ઇન્ડોર ક્રિકેટ સ્પર્ધા માટેના ભારતીય ખેલાડીઓ. અંધેરીનો પ્રકાશ રાઠોડ (જમણે) ૩૫-પ્લસ કૅટેગરીની ટીમનું નેતૃત્વ સંભાળશે.

### ટૂર્નામેન્ટ પર એક નજર, ફૉર્મેટ કેવું છે?

૨૭ સપ્ટેમ્બરથી ૫ ઑક્ટોબર સુધી ચાલનારી ૧૦ દિવસની ‘ઇન્ડોર ક્રિકેટ માસ્ટર્સ વર્લ્ડ સિરીઝ-૨૦૨૪’માં ઉંમર પર આધારિત કુલ છ વર્ગમાં સ્પર્ધા રમાશે. ભારત સહિત નવ દેશની કુલ ૪૨ ટીમો ભાગ લઈ રહી છે. કુલ મળીને ૫૦૦ ખેલાડીઓ પોતાની ટૅલન્ટ અને ક્ષમતા આ સ્પર્ધામાં બતાવશે.

સામાન્ય રીતે સીઝન બૉલથી આઉટડોર ક્રિકેટ રમાતી હોય છે. જોકે ઇન્ડોર ક્રિકેટમાં વપરાતો બૉલ થોડો સૉફ્ટ, પરંતુ સ્પેશિયલ હોય છે. ૧૬-૧૬ ઓવરની પ્રત્યેક મૅચ હોય છે જે ૪૫-૪૫ મિનિટમાં રમવાની હોય છે. ટીમમાં આઠ-આઠ ખેલાડી હોય છે. બે ખેલાડીની જોડી બૅટિંગ કરવા આવે છે અને તેમણે કુલ ચાર ઓવર રમવાની હોય છે. બૅટર આઉટ થતાં બહાર ન આવી જાય, પરંતુ વિકેટ પડવા બદલ ટીમના રનમાંથી બાદબાકી થાય છે.

પ્રકાશ રાઠોડે કહ્યું હતું કે ‘૩૫-પ્લસ કૅટેગરીની જ વાત કરું તો અમારા વર્ગમાં કુલ ૧૦ ટીમ છે એટલે અમે કુલ ૯ મૅચ રમીશું. ટોચની ચાર ટીમ એલીટ ડિવિઝનમાં જશે અને પછી નૉકઆઉટ તબક્કો શરૂ થશે. પાંચ-આઠ નંબરની ટીમ પ્લેટ ડિવિઝનમાં રમશે. અમારી (મેન્સ ૩૫-પ્લસ કૅટેગરીની) પ્રથમ મૅચ શુક્રવાર, ૨૭મી સપ્ટેમ્બરે સવારે ૧૦.૪૫ વાગ્યાથી ઇંગ્લૅન્ડ સામે રમાશે. ત્યાર બાદ એ જ દિવસે સાંજે ૭.૩૦ વાગ્યાથી અમે યુએઇ સામે રમીશું. ભારતના ત્યાર પછીના મુકાબલા ડિફેન્ડિંગ ચૅમ્પિયન ઑસ્ટ્રેલિયા, યુએસએ, ન્યૂ ઝીલૅન્ડ, શ્રીલંકા, સાઉથ આફ્રિકા અને સિંગાપોર સામે થશે.’ ■

# ભારતના જુનિયર ક્રિકેટર્સે ચૅમ્પિયન ઑસ્ટ્રેલિયાનો વ્હાઇટ-વૉશ કર્યો

## બૅટિંગમાં રુદ્ર પટેલ, બોલિંગમાં હાર્દિક રાજ ચમક્યો

પુડુચેરીઃ ભારતની અન્ડર-૧૯ ટીમે અહીં ગુરુવારે મોહમ્મદ અમ્માનના નેતૃત્વમાં ડિફેન્ડિંગ ચૅમ્પિયન ઑસ્ટ્રેલિયાની અન્ડર-૧૯ ટીમને સતત ત્રીજી વન-ડેમાં પણ હરાવીને શ્રેણીમાં ૩-૦થી ક્લીન સ્વીપ કરી હતી. ગુજરાતનો રુદ્ર પટેલ (૭૭ રન, ૮૧ બૉલ, ત્રણ સિક્સર, આઠ ફોર) ભારતીય ટીમની બૅટિંગ લાઇન-અપનો સર્વશ્રેષ્ઠ બૅટર બન્યો હતો. બોલિંગમાં હાર્દિક રાજે પંચાવન રનમાં ત્રણ વિકેટ લઈને ઑસ્ટ્રેલિયન ટીમને વિજયથી વંચિત રાખી હતી. ભારતીય ટીમે પહેલી બે વન-ડેમાં અનુક્રમે સાત વિકેટે અને નવ વિકેટે જીત મેળવી હતી. ૩-૦થી શ્રેણી જીતીને ભારતે ફેબ્રુઆરી, ૨૦૨૪ના વર્લ્ડ કપની ફાઇનલમાં થયેલી હારનો ઑસ્ટ્રેલિયા સામે બદલો લઈ લીધો છે.

ગુરુવારે ભારતીય ટીમે રુદ્ર પટેલના ૭૭ રન ઉપરાંત કૅપ્ટન અમ્માનના ૭૧ રનની મદદથી ૫૦ ઓવરમાં આઠ વિકેટે ૩૨૪ રન બનાવ્યા હતા. ઑસ્ટ્રેલિયાની ટીમ કૅપ્ટન ઑલિવર પીક (૧૧૧ રન) અને સ્ટીવન હૉગન (૧૦૪ રન)ની સદી છતાં ૫૦ ઓવરમાં સાત વિકેટે ૩૧૭ રન બનાવી શકી હતી અને ભારતનો સાત રનના નજીવા તફાવત સાથે રોમાંચક વિજય થયો હતો. ભારતના યુધજીત ગુહા અને કિરણ કોર્માલેએ બે-બે વિકેટ લીધી હતી. ઑસ્ટ્રેલિયા હાર્યું, પરંતુ ઑલિવરને લડાયક ઇનિંગ્સ બદલ મૅન ઑફ ધ મૅચનો પુરસ્કાર અપાયો હતો. ■

# શાકિબની ટી-૨૦માંથી નિવૃત્તિ, ટેસ્ટને પણ ગુડબાય કરશે

કાનપુરઃ બાંગ્લાદેશના પીઢ ઑલરાઉન્ડર અને ભૂતપૂર્વ કૅપ્ટન શાકિબ-અલ-હસને ટી-૨૦ ઇન્ટરનૅશનલ્સમાંથી નિવૃત્તિ જાહેર કરી દીધી છે અને તેણે કહ્યું છે કે ઑક્ટોબરમાં ઢાકામાં સાઉથ આફ્રિકા સામે રમાનારી ટેસ્ટ તેની અંતિમ ટેસ્ટ બનશે. જોકે બાંગ્લાદેશમાં અરાજકતા અને અશાંતિના માહોલમાં સાઉથ આફ્રિકા સામેની સિરીઝ નહીં રમાય તો આજે કાનપુરમાં ભારત સામે શરૂ થતી ટેસ્ટ શાકિબની આખરી ટેસ્ટ બની જશે. એ પછી તે ફક્ત વન-ડે ક્રિકેટમાં રમતો જોવા મળશે.

શાકિબ અવામી લીગ પાર્ટીનો સાંસદ હતો. જોકે એ સરકારનું બાંગ્લાદેશમાં પતન થયું છે અને શાકિબ સહિત દોઢસો લોકો સામે આક્ષેપ મૂકવામાં આવ્યો છે કે તેઓ આંદોલન દરમ્યાન થયેલા મૃત્યુઓ માટે જવાબદાર છે. એ રીતે, શાકિબ સહિત દોઢસો લોકો પર હત્યાનો આરોપ છે અને શાકિબ ઘણા અઠવાડિયાથી બાંગ્લાદેશમાં ગયો જ નથી.

૩૭ વર્ષના શાકિબે ૭૦ ટેસ્ટમાં ૪,૬૦૦ રન બનાવ્યા છે તેમ જ ૨૪૨ વિકેટ લીધી છે. ૨૩૭ વન-ડેમાં તેના નામે ૭,૫૭૦ રન અને ૩૧૭ વિકેટ છે, જ્યારે બાંગ્લાદેશ વતી ૧૨૯ ટી-૨૦માં તેણે ૨,૫૫૧ રન બનાવવા ઉપરાંત ૧૪૯ વિકેટ લીધી છે. ■

## દેશ-વિદેશ

# ભયાનક વંટોળ હેલેન ફ્લોરિડાના તટે ત્રાટકવાની તૈયારીમાં

તલ્લાહસીઃ અમેરિકાનાં આગાહીકારોએ જણાવ્યું હતું કે ઝડપથી આગળ વધી રહેલું વંટોળ હેલેન ગુરુવારે મેક્સિકોના અખાતમાંથી ફ્લોરિડા તરફ આગળ વધી રહ્યું હતું, જે રાજ્યના ઉત્તરપશ્ચિમ ભાગોમાં વાવાઝોડાની સાથે સાથે સેંકડો માઈલ અંતરિયાળ વિસ્તારોમાં નુકસાનકારક પવન, વરસાદ અને અચાનક પૂરની સંભાવના દર્શાવે છે. ગુરુવારે સાંજે ફ્લોરિડાના ઉત્તર પશ્ચિમ કિનારે લેન્ડફોલ કરતી વખતે હેલેન એક મોટું અને ભયાનક વાવાઝોડું બનવાની ધારણા છે.

ગુરુવારની સવારે, વાવાઝોડાની ચેતવણીઓ અને પૂરની ચેતવણીઓ દરિયાકાંઠાની બહાર દક્ષિણ-મધ્ય જ્યોર્જિયા સુધી વિસ્તરી હતી. ફ્લોરિડા, જ્યોર્જિયા અને કેરોલિનાસના ગવર્નરોએ તેમના રાજ્યોમાં કટોકટી જાહેર કરી છે.

તલ્લાહસીમાં નેશનલ વેધર સર્વિસ ઑફિસે ૨૦ ફૂટ (૬ મીટર) સુધીના વાવાઝોડાની આગાહી કરી છે અને ચેતવણી આપી છે કે તેઓ ફ્લોરિડાની અપાલાચી ખાડીમાં ખાસ કરીને ‘‘આપત્તિજનક અને બચી ન શકાય તેવું’’ હોઈ શકે છે. તેમાં ઉમેર્યું હતું કે ભારે પવન અને ભારે વરસાદને કારણે પણ જોખમ ઊભું થયું છે. લોકોને ઘર ખાલી કરવાનાં આદેશ સાથે ઑફિસે વિનંતી કરતા જણાવ્યું હતું કે, ‘‘આ આગાહી, જો સમજાય તો, અપલાચી ખાડી માટે એક દુઃસ્વપ્ન બનશે માટે કૃપા કરીને ઘર ખાલી કરાવવાના કોઈપણ ઓર્ડરને ગંભીરતાથી લો!‘‘

જોકે, ક્રોફર્ડવિલેમાં, દૂરના અંતરિયાળ અને અપલાચી ખાડીના ઉત્તર-પશ્ચિમમાં લગભગ ૪૦ કિલોમીટર, ક્રિસ્ટીન નાઝવર્થે વોલમાર્ટમાં બોટલ્ડ વોટર, બેકડ સામાન અને અગાઉથી બનાવેલા ભોજનનો સંગ્રહ કર્યો હતો. ■

# ફિલ્મ લોચા-લાપસી



અરે! રે! લોચા પડી ગયા... આ શબ્દો ગુજરાતમાં અને ખાસ કરીને અમદાવાદમાં તો વારંવાર બોલાય છે. ત્યારે હવે લોચા-લાપસી નામની ફિલ્મ પણ બહુ જ જલદી આવી રહી છે. આ ફિલ્મ માટે મલ્હાર ઠાકરના ફેન્સ ઘણા સમયથી રાહ જોઈ રહ્યા છે. આ ફિલ્મમાં મલ્હાર ઠાકર, દિવંગત અભિનેત્રી વૈભવી ઉપાધ્યાય, ચિરાગ વોરા અને ચેતન ધાનાણી જોવા મળશે. ચેતન ધાનાણી આ પહેલા નેશનલ એવૉર્ડ વિજેતા ફિલ્મ રેવામાં જોવા મળ્યા હતા. તો ચિરાગ વોરા હમણાં આવેલી હિન્દી વેબ સિરીઝ સ્કેમ ૧૯૯૨માં જોવા મળ્યા હતા. આ ફિલ્મના ડિરેક્ટર છે સચિન બ્રહ્મભટ્ટ, જેમણે આના પહેલા ફેમેલી સરકસમાં આસીસ્ટન્ટ ડિરેક્ટર રહ્યા હતા. મલ્હારના પ્રોડક્શન હાઉઝ ટિકિટ એન્ટરટેનમેન્ટ હેઠળ આ ફિલ્મ બની રહી છે. આ ફિલ્મ વિષે આગળ વાત કરતા પહેલા એક વાત જણાવી દઈએ કે આ ફિલ્મની અભિનેત્રી વૈભવી ઉપાધ્યાય હવે આપણી વચ્ચે નથી.

# ઘરેલુ હિંસાનો કાયદો તમામ ધર્મની મહિલા પર લાગુ થાય, સુપ્રીમ કોર્ટની મહત્ત્વની ટિપ્પણી

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટે ડોમેસ્ટિક વાયોલન્સ એક્ટ (ઘરેલુ હિંસા અધિનિયમ) પર ઐતિહાસિક ચુકાદો આપતા કહ્યું કે ઘરેલુ હિંસા એક્ટ ૨૦૦૫ સ્ત્રીના ધાર્મિક અને સામાજિક પૃષ્ઠભૂમિને ધ્યાનમાં લીધા વિના તમામ મહિલાને લાગુ પડે છે. જસ્ટિસ બીવી નાગરત્ના અને એન કોટિસ્વરની ખંડપીઠે કહ્યું હતું કે ૨૦૦૫માં બનેલો કાયદો તમામ મહિલાના અધિકારોનું રક્ષણ કરે છે.

ભરણપોષણ અને વળતર આપવા સંબંધિત મામલામાં કર્ણાટક હાઈકોર્ટના એક આદેશને પડકારતી મહિલા દ્વારા દાખલ કરાયેલી અપીલ પર સર્વોચ્ચ અદાલતે આ ચુકાદો આપ્યો હતો. મહિલાએ એક્ટની કલમ ૧૨ હેઠળ અરજી કરી હતી. અગાઉ એક મેજિસ્ટ્રેટે ફેબ્રુઆરી ૨૦૧૫માં મહિલાને માસિક ૧૨,૦૦૦ રૂપિયા અને એક લાખ રૂપિયાનું વળતર આપવાના તેના પતિને નિર્દેશ આપ્યા હતા.

સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે મહિલાના પતિએ ૨૦૧૫ના આદેશ સામે અપીલ દાખલ કરી હતી. મહિલાના પતિએ મેજિસ્ટ્રેટને એક્ટની કલમ ૨૫ હેઠળ આદેશ બદલવાની અપીલ કરી હતી, પરંતુ અપીલ ફગાવી દેવામાં આવી હતી. આ પછી મહિલાના પતિએ એપેલેટ કોર્ટ સમક્ષ પોતાની માગ રજૂ કરી હતી. આ સ્વીકારીને એપેલેટ કોર્ટે બંને પક્ષકારોને તેમના પુરાવા લાવવા અને મેજિસ્ટ્રેટ સમક્ષ હાજર થવા જણાવ્યું હતું.

આ પછી મહિલાએ હાઈકોર્ટનો સંપર્ક કર્યો હતો. હાઈકોર્ટે તેની અરજી ફગાવી દીધી હતી અને મેજિસ્ટ્રેટને પતિ દ્વારા દાખલ કરાયેલી અરજી પર વિચાર કરવાનો નિર્દેશ આપ્યો હતો.

સુપ્રીમ કોર્ટે કહ્યું કે તે સ્પષ્ટ છે કે પીડિત વ્યક્તિ એક્ટની જોગવાઈઓ હેઠળ આપવામાં આવેલા આદેશમાં ફેરફાર, સંશોધન અથવા રદ કરવાની માગ કરી શકે છે, પરંતુ આ ત્યારે જ શક્ય છે જ્યારે સંજોગોમાં ફેરફાર થયા હોય. આ કિસ્સામાં મેજિસ્ટ્રેટ ફક્ત ત્યારે જ રદ અથવા ફેરફારનો આદેશ આપી શકે છે જ્યારે તે માને છે કે સંજોગોમાં ફેરફાર થયો છે અને ઓર્ડરમાં ફેરફારની જરૂર છે.

પોતાના ચુકાદામાં સુપ્રીમ કોર્ટે કલમ ૨૫નો ઉલ્લેખ કર્યો અને કહ્યું કે તે સ્પષ્ટ છે કે પીડિત અથવા પ્રતિવાદી કાયદા હેઠળ વ્યાખ્યાયિત કર્યા મુજબ જો સંજોગોમાં ફેરફાર થાય તો કાયદાની જોગવાઈઓ હેઠળ પ્રદાન કરવામાં આવેલ રક્ષણ મેળવવા માટે હકદાર છે. કલમ ૨૫ ની પેટા-કલમ (૨) મુજબ ઓર્ડરમાં ફેરફારો, સુધારાની વિનંતી કરી શકે છે.

ખંડપીઠે જણાવ્યું હતું કે કાયદાની કલમ ૨૫(૨) હેઠળ વિવેકબુદ્ધિનો ઉપયોગ કરતી વખતે મેજિસ્ટ્રેટે સંતુષ્ટ થવું પડશે કે સંજોગોમાં ફેરફાર થયો છે જેમાં ફેરફાર અથવા સંશોધનનો આદેશ પસાર કરવો જરૂરી છે. ■

# છઠ્ઠા દિવસની આગેકૂચમાં સેન્સેક્સ ૬૬૬ પોઈન્ટ ઊછળ્યો, બંને બેન્ચમાર્ક નવી ઊંચી સપાટીએ પહોંચ્યા

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ એશિયાઇ બજારોની તેજી પાછળ સતત છઠ્ઠા દિવસની આગેકૂચમાં સેન્સેક્સે ૬૬૬ પોઇન્ટનો ઉછાળો નોંધાવ્યો હતો અને નિફ્ટી ૨૧૧ પોઇન્ટ ઊછળ્યો હતો. આમ વૈશ્વિક બજારોમાં ઉછાળા વચ્ચે ઓટો અને બેન્કિંગ શેરોની આગેવાનીએ નીકળેલી લેવાલીને પગલે ગુરૂવારના સત્રમાં પણ બંને બેન્ચમાર્ક નવી વિક્રમી ઊંચી સપાટીએ પહોંચ્યા હતા.

ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં માસિક એક્સપાયરી વચ્ચે બીએસઇ સેન્સેક્સ ૬૬૬.૨૫ પોઈન્ટ અથવા ૦.૭૮ ટકા વધીને ૮૫,૮૩૬.૧૨ પોઈન્ટની વિક્રમી સપાટીએ સ્થિર થયો હતો. સેન્સેક્સના ૨૮ જેટલા શેરો વધ્યા અને બે ઘટ્યા હતા. દિવસ દરમિયાન, તે ૭૬૦.૫૬ પોઈન્ટ અથવા ૦.૮૯ ટકાના ઉછાળા સાથે ૮૫,૯૩૦.૪૩ પોઈન્ટની વિક્રમી ઈન્ટ્રા-ડે ટોચે પહોંચ્યો હતો. બેન્ચમાર્ક ૮૬,૦૦૦ના શિખરથી માત્ર ૬૯.૫૭ પોઈન્ટ દૂર છે. એ જ રીતે, એનએસઇનો નિફ્ટી ૨૧૧.૯૦ પોઈન્ટ અથવા ૦.૮૧ ટકા વધીને ૨૬,૨૧૬.૦૫ પોઈન્ટની વિક્રમી સપાટીએ બંધ રહ્યો હતો. દિવસ દરમિયાન, તે ૨૪૬.૭૫ પોઈન્ટ અથવા ૦.૯૪ ટકા વધીને ૨૬,૨૫૦.૯૦ પોઈન્ટની નવી ઈન્ટ્રા-ડે લાઈફ ટાઈમ ટોચે પહોંચ્યો હતો. સેન્સેક્સની ૩૦ કંપનીઓમાંથી મારુતિમાં લગભગ પાંચ ટકાનો ઉછાળો આવ્યો હતો. ટાટા મોટર્સ, બજાજ ફિનસર્વ, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, ટાટા સ્ટીલ, જેએસડબ્લ્યુ સ્ટીલ, અલ્ટ્રાટેક સિમેન્ટ, બજાજ ફાઇનાન્સ અને નેસ્લે અન્ય ટોપ ગેઇનર્સ હતા. માત્ર લાર્સન એન્ડ ટુબ્રો અને એનટીપીસી ટોપ લુઝર્સ હતા.

પ્રાઇમરી માર્કેટમાં આગામી સમયમાં રૂ. ૫૫,૦૦૦ કરોડના ઇશ્યૂ આવી રહ્યાં છે. હ્યુન્ડાઇ મોટર ઇન્ડિયાને જાહેર ભરણા માટે સેબીની મંજૂરી મળી ગઇ છે. સ્વીગીને આઇપીઓ મારફત માટે સેબીની મંજૂરી મળી છે. એરટેલે સ્પેમ કોલનો ખાતમો બોલાવવા એઓઆઇ આધારિત નેટવર્ક ટેકનોલોજી અપનાવવાની જાહેરાત કરી છે. એનટીપીસી




ગ્રીન અને એનએસઇને પણ માર્કેટ રેગ્યુલેટરે આપિીઓ માટે મંજૂરી આપી દીધી છે.

ઓલા ઇલેક્ટ્રિક વર્ષના અંત સુધીમાં વિસ્તરણ હેઠળ ૧૦,૦૦૦ સેલ્સ અને સર્વિસ આઉટલેટની યોજના ધરાવે છે. ફ્રાન્સની મોનીન ઇન્ડિયાએ વિસ્તરણ યોજના હેઠળ ભારતમાં ત્રીજો એક્સપરિમેન્ટલ સ્ટુડિયો શરૂ કર્યો છે, જે હોસ્પિટલીટી ઉદ્યોગને સીરપ અને ફ્લેવર્સ સોલ્યુશન પૂરા પાડશે. કંપની ભારતમાં ૧૮૦ ડીલર્સ ધરાવે છે અને ફ્રાન્સ ઉપરાંત અમેરિકા, જાપાન અને રશિયામાં પણ હાજરી ધરાવે છે. ઇન્ડોગલ્ફ ક્રોપસાયન્સે રૂ. ૨૦૦ કરોડના ફ્રેશ ઇશ્યૂ માટે સેબી પાસે પેપર્સ ફાઇલ કરાવ્યાં છે.

રિલાયન્સ ઇન્ડસ્ટ્રી અને ગ્લોબલ એનર્જી જાયન્ટ બીપીના જોઇન્ટ વેન્ચર જીઓ-બીપીએ ૫૦૦મા ઇવી ચાર્જિંગ સ્ટેશન શરૂ કર્યું છે. ગોદરેજ એન્ટરપ્રાઇસ ગ્રુપની કંપની ગોદરેજ એન્ડ બોય્ઝ સિક્યોરિટી સોલ્યુશન્સે સિક્યોરિટી અને આનંદને લગતું સર્વેક્ષણ હાથ ધર્યું હતું. કંપનીના આ ખુશીયો કે રખવાલે કમ્પેઇન અંતર્ગતના સર્વેમાં ૬૭ ટકા લોકોએ આનંદની માત્રા વધારવા માટે હોમ સિક્યોરિટી વધારવાનું વલણ વ્યક્ત કર્યુ હતું. કંપની હોમલોકર સેગમેન્ટમાં ૮૦ ટકા બજાર હિસ્સો અને ૨૦ ટકાના રેવેન્યૂ ગ્રોથનો અંદાજ ધરાવે છે.

બજારના નિષ્ણાતો અનુસાર માર્કેટમાં ઝડપી કડાકો કે ઉછાળો લાવી શકે એવા પરિબળો હાલ મોજૂદ નથી અને પ્રવાહિતાના દમ પર બજાર ચાલી રહ્યું છે. જોકે, આ સંદર્ભે એફઆઇઆઇનું વલણ મહત્ત્વનું રહેશે. એક ઇક્વિટી એનાલિસ્ટે એવી ચેતવણી પણ આપી છે કે, વિદેશી સંસ્થાકીય રોકાણકારોના પ્રવાહમાં ઘટાડો અને સસ્તા વેલ્યુએશનને કારણે અન્ય ઊભરતાં બજારોમાં એફઆઇઆઇ ભંડોળના સ્થાનાંતરણને કારણે સ્થાનિક બજારને ટૂંકા ગાળાના પડકારોનો સામનો કરવો પડી શકે છે. ચીને નાણાકીય નીતિમાં કરેલા ફેરફાર બાદ નીચા વેલ્યુએશન્સને જોતાં વિદેશી ફંડો ચીન અને હોંગકોંગ જેવા બજારો તરફ ફંટાઇ શકે છે.

# ડૉલર સામે રૂપિયો છ પૈસા નરમ




મુંબઈઃ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં વેચવાલીનું દબાણ જળવાઈ રહેવાની સાથે માસાન્તને કારણે ડૉલરમાં આયાતકારોની લેવાલી રહેતાં આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો છ પૈસા નબળો પડીને ૮૩.૬૪ના મથાળે બંધ રહ્યો હતો. જોકે, બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં તથા ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ રહ્યું હોવાથી રૂપિયામાં ઘટાડો મર્યાદિત રહ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૩.૫૮ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૮૩.૬૬ના મથાળેખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૩.૭૧ અને ઉપરમાં ૮૩.૬૪ની રેન્જમાં અથડાઈને અંતે છ પૈસાના ઘટાડા સાથે ૮૩.૬૪ની સપાટીએ બંધ રહ્યો હતો.

પ્રાપ્ત અહેવાલ અનુસાર આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૧૪ ટકા ઘટીને ૧૦૦.૪૮ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૧.૫૧ ટકા ઘટીને બેરલદીઠ ૭૨.૩૫ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યો હતો. તેમ જ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટી અનુક્રમે ૬૬૬.૨૫ પૉઈન્ટ અને ૨૧૧.૯૦ પૉઈન્ટ વધીને બંધ રહ્યો હોવા છતાં ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૯૭૩.૯૪ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાના અહેવાલ અને આયાતકારોની ડૉલરમાં વ્યાપાક લેવાલી રહી હોવાથી રૂપિયો દબાણ હેઠળ આવ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# વિશ્વ બજાર પાછળ ચાંદી ₹ ૧૭૯૨ ઉછળીને ₹ ૯૨,૦૦૦ની પાર, સોનું ₹ ૫૦૨ ઝળક્યું

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકી ફેડરલ રિઝર્વના અધ્યક્ષ જૅરૉમ પૉવેલના વક્તવ્ય પૂર્વે આજે લંડન ખાતે સત્રના આરંભે સોનાના હાજર તેમ જ વાયદના ભાવમાં તેજી આગળ ધપી હતી, જ્યારે ચાંદીમાં લગભગ અઢી ટકા જેટલો ઉછાળો આવી ગયો હતો. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ ઉપરાંત સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં વધુ છ પૈસાની નરમાઈ જોવા મળી હોવાના નિર્દેશો સાથે આયાત પડતરો વધવાથી સ્થાનિક ઝવેરી બજારમાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૫૦૦થી ૫૦૨ની તેજી આગળ ધપી હતા, જ્યારે ચાંદીમાં વિશ્વ બજાર પાછળ કિલોદીઠ રૂ. ૧૭૯૨નો ઝડપી ઉછાળો આવ્યો હતો અને ભાવ રૂ. ૯૨,૦૦૦ની સપાટી પાર કરી ગયા હતા. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં .૯૯૯ ટચ ચાંદીમાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે ભાવ કિલોદીઠ રૂ. ૧૭૯૨ની તેજી સાથે રૂ. ૯૨,૫૨૨ના મથાળે રહ્યા હતા. જોકે, આજના ઝડપી ઉછાળાને પગલે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને ઔદ્યોગિક વપરાશકારો તથા




જ્વેલરી ઉત્પાદકોની લેવાલી પણ પાંખી રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. વધુમાં આજે વિશ્વ બજાર પાછળ સોનામાં પણ તેજીનો કરંટ જળવાઈ રહેતાં ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૫૦૦ વધીને રૂ. ૭૫,૪૪૭ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૫૦૨ વધીને રૂ. ૭૫,૭૫૦ના મથાળે રહ્યા હતા. જોકે, સોનામાં પણ સ્ટોકિસ્ટો અને રોકાણકારોની નવી લેવાલી નિરસ રહેવાની સાથે જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ શુષ્ક રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

દરમિયાન આજે લંડન ખાતે અમેરિકાના આર્થિક ડેટાઓની જાહેરાત તેમ જ આવતીકાલના ફેડરલ રિઝર્વનાં અધ્યક્ષના વક્તવ્ય પૂર્વે હાજરમાં સોનાના ભાવમાં તેજીનો કરંટ જળવાઈ રહેતાં ભાવ ૧.૦૭ ટકા વધીને ઔંસદીઠ ૨૬૮૫.૭૦ ડૉલર અને વાયદામાં ભાવ ૦.૪ ટકા વધીને ૨૬૯૪.૪૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૨.૫૯ ટકા વધીને ઔંસદીઠ ૩૨.૬૭ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

એકંદરે ફેડરલ રિઝર્વના અધ્યક્ષ તેમના વક્તવ્યમાં હળવી નાણાનીતિના નિર્દેશો આપશે તેવા આશાવાદે આજે સોનાની તેજીને ટેકો મળી રહ્યો છે. વધુમાં રોકાણકારોની નજર અમેરિકાના બીજા ત્રિમાસિકગાળાના જીડીપીના સુધારીત ડેટા અને પર્સનલ કન્ઝમ્પશન એક્સ્પેન્ડિચર ડેટાની જાહેરાત પર સ્થિર થઈ હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. જોકે, બૅન્ક ઑફ અમેરિકાના વિશ્લેષકે એક નોટ્સમાં તેના ક્લાયન્ટોને જણાવ્યું હતું કે ફેડરલ રિઝર્વનાં ૫૦ બેસિસ પૉઈન્ટના રેટ કટ પશ્ચાત્ સોનામાં આક્રમક તેજી જોવા મળી છે અને હાલ ભાવ ૨૦૦ દિવસની દૈનિક સરેરાશ સપાટી કરતાં ઉપર પ્રવર્તી રહ્યા છે અને બજાર ઓવરબોટ પોઝિશન જણાય છે. સોનાના રોકાણકારોએ ૫૦ બેસિસ પૉઈન્ટના કાપ સામે ૧૫૦થી ૨૦૦ બેસિસ પૉઈન્ટનો કાપ ડિસ્કાઉન્ટ કરી નાખ્યો છે અને જો ફેડરલ રિઝર્વ અપેક્ષા કરતાં વ્યાજદરમાં કપાતની ગતિ ધીમી કરશે તો સોનમાં સુધારો પણ મંદ પડી જશે.

# સ્વાસ્થ્ય, જીવન વીમાના પ્રીમિયમ પર જીએસટીના મુદ્દે ગ્રૂપ ઑફ મિનિસ્ટરની બેઠક ૧૯મી ઑક્ટોબરે

નવી દિલ્હીઃ સ્વાસ્થ્ય અને જીવન વીમા પરના પ્રીમિયમ પરના જીએસટી દરમાં ઘટાડો કરવાના મુદ્દે પ્રધાનમંડળીય પેનલની પહેલી બેઠક આગામી ૧૯મી ઑક્ટોબરના રોજ યોજાશે, એમ એક અધિકારીએ જણાવ્યું હતું.

નોંધનીય બાબત એ છે કે હાલમાં વીમાના પ્રીમિયમ પર જીએસટીના દર ૧૮ ટકા છે અને તેને જીએસટીમાંથી મુક્ત કરવા અથવા તો દરમાં ઘટાડો કરવાની માગણી થઈ રહી છે. અગાઉ આ મહિનાના આરંભે જીએસટી કાઉન્સિલની બેઠકમાં સ્વાસ્થ્ય અને જીવન વીમા પરનાં પ્રીમિયમ પર જીએસટી અંગે નિર્ણય લેવા માટે ગ્રૂપ ઑફ મિનિસ્ટર્સનાં ૧૩ સભ્યોની પેનલ સ્થાપવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. બિહારનાં નાયબ મુખ્યપ્રધાન સમ્રાટ ચૌધરી ગ્રૂપ ઑફ મિનિસ્ટર્સનાં કન્વિનર છે. તેમ જ પેનલમાં ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, પશ્ચિમ બંગાળ, કર્ણાટક, કેરળ, આંધ્ર પ્રદેશ, ગોવા, ગુજરાત, મેઘાલય, પંજાબ, તમિળનાડુ અને તેલંગણાના પ્રધાનોનો સમાવેશ થાય છે. વધુમાં પેનલને ઑક્ટોબર અંત સુધીમાં અહેવાલ સુપરત કરવા માટે જણાવવામાં આવ્યુ છે. જોકે, કાઉન્સિલ દ્વારા ગ્રૂપ ઑફ મિનિસ્ટર્સના અહેવાલના આધારે આ અંગે અંતિમ નિર્ણય આગામી નવેમ્બર મહિનાની બેઠકમાં લેવામાં આવશે.

અધિકારીના જણાવ્યાનુસાર આગામી ૧૯મી ઑક્ટોબરે દિલ્હી ખાતે વીમા પરના ગ્રૂપ ઑફ મિનિસ્ટર્સની બેઠક મળશે. પેનલની બેઠકનાં ટર્મ્સ ઑફ રેફરન્સ (ટીઓઆર)માં વ્યક્તિગત, જૂથ, ફેમિલી ફ્લોટર અને અન્ય વિવિધ કેટેગરીઝનાં મેડિકલ ઈન્સ્યોરન્સ જેમ કે વરિષ્ઠ નાગરિકો, મધ્યમ વર્ગની વ્યક્તિઓ અને માનસિક બીમારી સહિતના સ્વાસ્થ્ય/મેડિકલ ઈન્સ્યોરન્સ પરનાં વેરાના દરની ભલામણનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ટીઓઆરમાં ટર્મ ઈન્સ્યોરન્સ, વ્યક્તિગત અથવા તો જૂથના રોકાણ યોજના સાથેના જીવન વીમાજીવન વીમા અને રિઈન્સ્યોરન્સ સહિતનાં વીમાના પ્રીમિયમ પરના દરની ભલામણનો સમાવેશ કરવામાં આવ્યો છે.

જોકે, અમુક વિરોધ પક્ષની સરકાર ધરાવતા રાજ્યો જેમ પશ્ચિમ બંગાળે સ્વાસ્થ્ય અને જીવન વીમા પરનાં પ્રીમિયમ પર જીએસટીમાંથી સંપૂર્ણ માફીની માગણી કરી રહ્યા છે, જ્યારે અન્ય રાજ્યો જીએસટીનો દર ઘટાડીને પાંચ ટકા કરવાની તરફેણ કરી રહ્યા છે. અત્રે નોંધનીય બાબત એ છે કે અગાઉ કેન્દ્રીય ટ્રાન્સપોર્ટ ખાતાના પ્રધાન નીતિન ગડકરીએ પણ નાણાં પ્રધાન નિર્મલા સીતારમણને પત્ર લખીને જીવન વીમાના પ્રીમિયમ પર જીએસટીને જીવનની અનિશ્ચિતતાઓ સામેના વેરા તરીકે લેખાવ્યો હતો.

# આગામી વર્ષોમાં સીધા વિદેશી રોકાણ વધીને વર્ષે ૧૦૦ અબજ ડૉલર થવાનો આશાવાદઃ ડીપીઆઈઆઈટી

નવી દિલ્હીઃ હાલ દેશમાં સીધા વિદેશી રોકાણ વર્ષે અંદાજે ૭૦થી ૮૦ અબજ ડૉલર આસપાસ થાય છે અને આગામી થોડાં વર્ષોમાં તે વધીને વર્ષે ૧૦૦ અબજ ડૉલરની સપાટી સુધી પહોંચે તેવી શક્યતા એક ટોચના સરકારી અધિકારીએ વ્યક્ત કરી હતી.


ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઑફ ઈન્ડ્સ્ટ્રી ઍન્ડ ઈન્ટરનલ ટ્રેડ (ડીપીઆઈઆઈટી)નાં સેક્રેટરી અમરદીપ સિંઘ ભાટીયાએ જણાવ્યું હતું કે ડિપાર્ટમેન્ટ સીધા વિદેશી રોકાણ માટેની અરજીઓની મંજૂરીની પ્રક્રિયા સુવ્યવસ્થિત કરી રહ્યું છે. સરકારે દેશમાં સીધા વિદેશી રોકાણને પ્રોત્સાહન આપવા શ્રેણીબદ્ધ પગલાંઓ લીધા છે, જેમાં સંરક્ષણ, રેલવેઝ, વીમા અને ટેલિકોમ જેવાં ક્ષેત્રનાં ધોરણો હળવા કરવામાં આવ્યા છે.

હાલ દેશમાં સીધા વિદેશી રોકાણનો પ્રવાહ જે વર્ષે ૭૦થી ૮૦ અબજ ડૉલરનો છે તેની સામે ભવિષ્યનાં રોકાણના પ્રવાહના અંદાજમાં નોંધપાત્ર વધારો કર્યો છે અને આગામી વર્ષોમાં વધીને વર્ષે ૧૦૦ અબજનો થાય તેવો આશાવાદ સેવી રહ્યા છીએ, એમ તેમણે પત્રકાર વર્તુળોને જણાવતા ઉમેર્યું હતુ કે ઘણાં ક્ષેત્રોમાં સીધા વિદેશી રોકાણને ઑટોમેટિક રૂટ મારફતે મંજૂરી આપવામાં આવે છે, જ્યારે અમુક ક્ષેત્રો જ નિયંત્રિત હેઠળ વર્ગિકૃત કરવામાં આવ્યા છે.

પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર છેલ્લાં ૧૦ વર્ષમાં અર્થાત્ ૨૦૧૪-૨૦૨૪ દરમિયાન દરિયાપારથી આંતરપ્રવાહ જે વર્ષ ૨૦૦૪થી ૨૦૧૪ દરમિયાન ૩૦૪.૧૦ અબજ ડૉલરનો હતો તેની સામે વધીને ૬૬૭.૪ અબજ ડૉલરના સ્તરે રહ્યો છે. જેમાં ઉત્પાદન ક્ષેત્રમાં ઈક્વિટીમાં આંતરપ્રવાહ આગલા દાયકાના ૯૭.૭ અબજ ડૉલર સામે ૬૯ ટકા વધીને ૧૬૫.૧ અબજ ડૉલરના સ્તરે રહ્યો હતો. જોકે, આ સમયગાળામાં મુખ્યત્વે ઑટોમોબાઈલ, ટેલિકોમ્યુનિકેશન અને ફાર્માસ્યુટિકલ ક્ષેત્રમાં સૌથી સીધા વિદેશી રોકાણ આકર્ષાયા હતા.

વધુમાં ડીપીઆઈઆઈટીના અતિરિક્ત સચિવ હિમાની પાંડેએ જણાવ્યું હતું કે વર્તમાન નાણાકીય વર્ષનાં પહેલા ત્રિમાસિકગાળામાં દેશમાં સીધા વિદેશી રોકાણ ગત સાલના સમાનગાળાના ૧૭.૫૬ અબજ ડૉલર સામે વધીને ૨૨.૪૯ અબજ ડૉલરના સ્તરે રહ્યા છે અને હળવી સીધા વિદેશી રોકાણની નીતિના સતત થઈ રહેલા પ્રયાસોને ધ્યાનમાં લેતા આંતરપ્રવાહમાં વધારો થવાનો ઘણો અવકાશ છે.

# ટીન અને નિકલ સિવાયની ધાતુઓમાં આગેકૂચ



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ લંડન મેટલ એક્સચેન્જ ખાતે આજે કોપરમાં બે મહિનાની ઊંચી સપાટીએથી સાધારણ ઘટાડો આવ્યો હોવાના અહેવાલ છતાં સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં કોપર અને બ્રાસની વેરાઈટીઓ, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને ઝિન્ક સ્લેબમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. એકથી ૧૧ની આગેકૂચ જોવા મળી હતી. જોકે, આજે માત્ર ટીન અને નિકલમાં સ્ટોકિસ્ટોની વેચવાલીના દબાણ ઉપરાંત ખપપૂરતી માગ રહેતાં ભાવમાં અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૦ અને રૂ. ત્રણનો ઘટાડો આવ્યો હતો, જ્યારે એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ તથા લીડ ઈન્ગોટ્સમાં પાંખાં કામકાજે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

ચીનના સ્ટિમ્યુલસ પેકેજને પગલે તાજેતરમાં વિવિધ ધાતુઓના ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યા બાદ આજે લંડન ખાતે સત્રના આરંભે કોપરના એક મહિને ડિલિવરી શરતે ભાવ ગઈકાલના બંધ સામે સાધારણ ૦.૧ ટકા ઘટીને ટનદીઠ ૯૮૦૦.૫૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. દરમિયાન આજે સ્થાનિકમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગ અને સ્થાનિક ડીલરોની માગને ટેકે કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ૧૧ વધીને રૂ. ૮૭૯, કોપર કેબલ સ્ક્રેપ અને બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને અનુક્રમે રૂ. ૮૧૬ અને રૂ. ૫૩૩, કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. ચાર વધીને રૂ. ૭૯૪, ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને રૂ. ૨૮૦, કોપર સ્ક્રેપ હેવી, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ અને બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને અનુક્રમે રૂ. ૮૦૬, રૂ. ૭૪૨ અને રૂ. ૫૭૨ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને રૂ. ૨૩૯ના મથાળે રહ્યા હતા. જોકે, આજે માત્ર ટીનમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ અને ખપપૂરતી માગે ભાવ કિલોદીઠ રૂ. ૧૦ ઘટીને રૂ. ૨૭૬૬ અને નિરસ માગે નિકલના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ ઘટીને રૂ. ૧૪૧૨ના મથાળે રહ્યા હતા, જ્યારે એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સમાં ખપપૂરતી માગે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૯૪ અને રૂ. ૧૯૧ના મથાળે ટકેલા રહ્યા હતા.

# ખાંડમાં ખપપૂરતા કામકાજે ટકેલું વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડમાં સ્થાનિક તથા દેશાવરોની માગ જળવાઈ રહેતાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૫૮૦થી ૩૬૩૦માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા. તેમ જ આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં ગઈકાલની રજા બાદ આવકોમાં વધારો થવાની સાથે સાથે સાર્વત્રિક સ્તરેથી માગ જળવાઈ રહેતાં હાજરમાં તેમ જ નાકા ડિલિવરી ધોરણે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. આજે સ્થાનિકમાં અંદાજે ૩૫થી ૩૬ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ ઉપરાંત રિટેલ સ્તરની માગ પણ છૂટીછવાઈ ખપપૂરતી રહેતાં ઉપાડ લગભગ ૩૪થી ૩૫ ટ્રકનો રહ્યો હતો તેમ જ હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૧૨થી ૩૭૭૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૦૨થી ૩૯૨૬માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તેમ જ સ્થાનિક ડીલરોની એકંદરે માગ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૬૬૦થી ૩૬૯૫માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૪૫થી ૩૭૯૫માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું.

# ઈથેનોલ અને ખાંડના લઘુતમ વેચાણ ભાવ વધારવા સરકારની વિચારણા

નવી દિલ્હીઃ વર્ષ ૨૦૨૪-૨૫ની મોસમ માટે સરકાર ઈથેનોલના ભાવ અને ખાંડના લઘુતમ વેચાણ ભાવમાં વધારો કરવા અંગે સરકાર વિચારણા કરી રહી હોવાનું અનાજ ખાતાના પ્રધાન પ્રલ્હાદ જોશીએ આજે જણાવ્યું હતું. તેમણે આજે કહ્યું હતું કે હાલમાં ઈથેનોલના ભાવમાં વધારો કરવાનો પ્રસ્તાવ વિચારણા હેઠળ છે અને પેટ્રોલિયમ મંત્રાલય આ બાબતે વિચારણા કરી રહ્યું છે. વધુમાં તેમણે અત્રે યોજાયેલા એક પ્રસંગ પશ્ચાત્ પત્રકાર વર્તુળોને જણાવ્યું હતું કે આ ઉપરાંત સરકાર ખાંડના લઘુતમ વેચાણ ભાવ જે ફેબ્રુઆરી, ૨૦૧૯થી કિલોદીઠ રૂ. ૩૧ની સપાટી પર યથાવત્ રહ્યા છે તેમાં પણ વધારો કરવાના પ્રસ્તાવ પર વિચારણા થઈ રહી છે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે આ વર્ષે એકંદરે વરસાદ સારો રહ્યો હોવાથી વર્ષ ૨૦૨૪-૨૫ (ઑક્ટોબર-સપ્ટેમ્બર)ની મોસમમાં ખાંડનું ઉત્પાદન સારું રહેવાનો અંદાજ છે. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે ઈથેનોલના ભાવ સરકાર નિર્ધારિત કરતી હોય છે અને ઈથેનોલ પુરવઠા વર્ષ (નવેમ્બર-ઑક્ટોબર) ૨૦૨૨-૨૩થી તેમાં કોઈ વધારો કરવામાં નથી આવ્યો. હાલમાં શેરડીના રસથી ઉત્પાદિત થયેલા ઈથેનોલના ભાવ લિટરદીઠ રૂ. ૬૫.૬૧ છે, જ્યારે બી-હેવી મોલાસીસ અને સી હેવી મોલાસીસમાંથી પ્રાપ્ત થતાં ઈથેનોલના ભાવ અનુક્રમે લિટરદીઠ રૂ. ૬૦.૭૩ અને રૂ. ૫૬.૨૮ની સપાટીએ રહ્યા છે.

# શિકાગો પાછળ સન તેલમાં સુધારો, અન્ય દેશી-આયાતી તેલમાં ટકેલું વલણ

મુંબઈઃ આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના ઑક્ટોબર, નવેમ્બર અને ડિસેમ્બર વાયદગામાં અનુક્રમે ૧૧૨ રિંગિટ, ૧૧૩ રિંગિટ અને ૧૦૯ રિંગિટનો સુધારો આવ્યો હતો. તેમ જ ગઈકાલે શિકાગો ખાતેના સોયાતેલના ડિસેમ્બર અને જાન્યુઆરી વાયદામાં અનુક્રમે ૮૧ સેન્ટ અને ૮૪ સેન્ટનો સુધારો આવ્યો હતો. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે વેપાર છૂટાછવાયા રહેતાં તમામ દેશી-આયાતી તેલ પૈકી માત્ર સન રિફાઈન્ડના ભાવમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૦નો સુધારો આવ્યો હતો, જ્યારે અન્યમાં ટકેલું વલણ રહ્યું હતું.

આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ગોલ્ડન એગ્રી અને એએનએના આરબીડી પામોલિનના ૧૦ કિલોદીઠ ભાવ રૂ. ૧૨૮૫, અલાનાના રૂ. ૧૨૬૫ અને રૂચીના સોયા તથા સન રિફાઈન્ડના રૂ. ૧૨૭૦ અને પામોલિનના રૂ. ૧૨૬૦ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો અભાવ હતો. આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૨૫૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૮૦, સન રિફાઈન્ડના રૂ. ૧૨૭૦, સિંગતેલના રૂ. ૧૫૪૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૨૯૦ અને સરસવના રૂ. ૧૪૧૦ના મથાળે રહ્યા હતા. આજે રાજસ્થાનનાં મથકો પર ૧.૩૫ લાખ ગૂણી સરસવની આવક સામે જયપુરની મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૬૯૭૫થી ૭૦૦૦માં, સરસવ એક્સપેલરના વેપાર ૧૦ કિલોદીઠ રૂ. ૧૪૪૦માં, કચ્ચી ઘાણીના રૂ. ૧૪૫૦માં અને સરસવ ખોળના ક્વિન્ટલે રૂ. ૨૬૪૦થી ૨૬૪૫માં થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# ભાવનગરમાં એક થી છ ઈંચ વરસાદઃ ઘોઘામાં છ ઈંચ, સિહોરમાં ચાર ઈંચ વરસાદ


(તસ્વીરઃ વિપુલ હિરાણી)

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ ગોહિલવાડ પંથકમાં છેલ્લા બે દિવસથી છવાયેલા વરસાદી મોહાલ વચ્ચે ગુરુવારની રાત સુધીમાં એક થી છ ઇંચ વરસાદ પડ્યો છે. ગાજવીજ સાથે સમગ્ર પંથકમાં વરસાદ તૂટી પડ્યો હતો. જિલ્લાના ઘોઘામાં છ ઇંચ, ભાવનગર શહેર અને શિહોરમાં સવા ચાર ઇંચ, મહુવામાં સાડા ત્રણ ઇંચ, તળાજામાં અઢી ઇંચ, પાલીતાણામાં બે ઇંચ, વલભીપુરમાં દોઢ ઇંચ, જેસર, ગારીયાધાર અને ઉમરાળામાં એક -એક વરસાદ પડ્યો છે. ભાવનગરના ઘોઘા પંથકમાં સારવદર ગામે રસ્તામાં આવેલ નાળાના વહનમાં એક કિશોરી તણાઈ ગઈ હતી જેમની મોડે સુધી શોધખોળ ચાલુ રહી હતી.

ભાવનગર જિલ્લામાં ગઈ મોડી રાતથી વરસાદ શરૂ થયો હતો. આજે દિવસે પણ ગાજવીજ સાથે સમગ્ર પંથકમાં વરસાદ પડ્યો છે. વીજળીના ભયંકર અવાજથી લોકોમાં ફફડાટ ફેલાયો હતો. જિલ્લાના ઘોઘામાં સૌથી વધુ ૬ ઇંચ વરસાદ નોંધાયો છે. ભાવનગર શહેરમાં આજે બપોરે ધોધમાર વરસાદને કારણે શહેરના કુંભારવાડા કૈલાશ વાડી વિસ્તારમાં લોકોના ઘરમાં પાણી ઘૂસી ગયા હતા. આ ઉપરાંત શહેરના નીચાણવાળા વિસ્તારમાં પણ પાણી ભરાયાં હતાં. લાંબા સમય બાદ ભાવનગરમાં વરસાદ તૂટી પડતા લોકોમાં આનંદની લાગણી ફેલાઈ હતી. ભારે વરસાદની આગાહીને પગલે તંત્ર એલર્ટ બન્યું છે.

આજે સાંજે ૬ વાગે પૂરા થતા છેલ્લા ૨૪ કલાક દરમિયાન વલભીપુરમાં ૩૫, ઉમરાળા ૨૩, ભાવનગર શહેર ૧૧૧, ઘોઘા ૧૪૫, સિહોર ૧૧૫, ગારીયાધાર ૨૫, પાલીતાણા ૫૩, તળાજા ૬૪, મહુવા ૮૫ અને જેસરમાં ૨૭ મી.મી .વરસાદ નોંધાયો છે. હજુ પણ વરસાદી માહોલ હોય વરસાદ પડવાની સંભાવના છે.

આજે ભાવનગર શહેરનું મહત્તમ તાપમાન ૩૦.૮ ડિગ્રી નોંધાયું હતું .જ્યારે લઘુત્તમ તાપમાન ૨૪.૨ ડિગ્રી રહેવા પામ્યું હતું. વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૯૮ રહ્યું હતું. જ્યારે પવનની ઝડપ ૧૪ કી.મી પ્રતિ કલાકની રહી હતી.

દરમિયાન ભાવનગર શહેર અને જિલ્લામાં ના સામાન્ય ચમકારાથી શરુ થયા બાદ થોડીજ વારમા ડરલાગે તેવા કડાકા ભડાકા સાથે વીજળીના લબકારા મારતી વીજળી સાથે આકાશમા ક્યારેક લીસોટા મારતી તો ક્યારેક ધરતી તરફ પડતી જોવા મળતી વીજળી એ ભયનું વાતાવરણ સર્જી દીધું હતું. વરસાદ અને પવનના કારણે બોડકી ગામના ખેડૂત ગીગાભાઈ પીઠાભાઈ ભાદરકાની વાડીએ પશુમાટે બનાવેલ ઢાળીયું ધરાશાયી થતા બે બળદ દટાઈ ને યમલોક પહોંચ્યા હતા.

બોરડા ગામ અને ઉપર વાસના અનરાધાર વરસાદ ને લઈ ગામ મધ્યેથી વહેતી નદીમાં ઘોડાપુર આવ્યા હતા. હબુકવડ ટીમાણાની ઉતાવળી નદીમાં પણ નવા નીર આવ્યા હતા. સરતાનપર બંદર ગામે એક મકાન પરના પતરા ઉડ્યાં હતાં.અલંગ મણાર સહિતના ગામોમાં રસ્તાપર પાણી ભરાયાં હતાં.

# મોટી બાલાચોડની શાળામાં બાળકોને મધ્યાન ભોજનમાં કીડા પડેલા અખાદ્ય ચણા અપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ:ભારત સરકાર દ્વારા ગરીબ પરિવારોમાંથી આવતાં બાળકોને શાળામાં પોષણયુક્ત આહાર મળી રહે તે માટે શરુ કરવામાં આવેલી મધ્યાહન યોજનામાં થઇ રહેલા વ્યાપક ભ્રસ્ટાચારને ઉજાગર કરતી ચોંકાવનારી ઘટના કચ્છમાંથી બહાર આવતાં ભારે ચકચાર પ્રસરી છે.ભેદી બીમારીના ભરડામાંથી બહાર આવવાનો પ્રયાસ કરી રહેલા અબડાસા તાલુકાના છેવાડાના મોટી બાલાચોડ ગામમાં આવેલી પ્રાથમિક શાળાના મધ્યાન ભોજનમાં બાળકોના સ્વાસ્થ્ય સાથે ગંભીર ચેડાં કરી, સડી ગયેલા અખાદ્ય ચણા જમવામાં અપાતા હોવાનું સામે આવ્યું છે!.

દેશભરમાં મધ્યાહન ભોજનમાં અખાદ્ય ખોરાક નીકળવાના બનાવો હવે સામાન્ય થઈ ગયા હોય તેમ પશ્ચિમ કચ્છના અબડાસા તાલુકાના મોટી બાલાચોડ ગામે આવેલી પ્રાથમિક શાળાના ભોજનમાં બાળકોને આપવામાં આવેલા ચણાનો જથ્થો અખાદ્ય હોવાનું અને તેમ જીવાતો જોવા મળતાં વાલીઓમાં રોષ ફેલાયો છે.

અત્યારે પ્રવર્તી રહેલી રોગચાળાની ઋતુમાં નાનાં ભૂલકાંઓને પીરસાતા આવા અખાદ્ય ખોરાકથી તેમનું સ્વાસ્થ્ય ખરાબ થઇ જાય તો જવાબદારી કોની ? તેવા વેધક સવાલો પુરવઠા વિભાગ સામે ઊઠવા પામ્યા છે.

અખાદ્ય ચણાના જથ્થા મામલે ભોજન સંચાલક અને સસ્તા અનાજના દુકાનદારે અનાજનો જથ્થો ઉપરથી જ ખરાબ આવતો હોવાનું રટણ ચાલુ રાખ્યું હતું, જોકે આ સમગ્ર મામલે કચ્છ જિલ્લા પુરવઠા વિભાગે તપાસના આદેશ આપ્યા છે, અને હાલ જથ્થો સીઝ કરી આગળની કાર્યવાહી કરવા મધ્યાન ભોજન વિભાગને તાકીદ કરી હોવાનું જાણવા મળી રહ્યું છે. કચ્છ સહિત રાજ્યભરની આવી શાળાઓમાં સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધરાય તેવી માગણી વાલીઓ કરી રહ્યા છે.

# અમરેલીના લીલીયામાં મેઘો મહેરબાન, ધોધમાર વરસાદથી બજારમાં પાણી ભરાયાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમરેલીના લીલીયામાં ધોધમાર વરસાદ વરસતા નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની સમસ્યા સર્જાઈ હતી. લીલીયામાં બજારમાં વરસાદી પાણી ભરાતા વેપારીઓ અને ગ્રાહકોને હાલાકી પડી હતી. વહેલી સવારથી વરસાદ વરસતા વેપારીઓ અને સ્થાનિકોને પાણી ભરાવાની સમસ્યાનો સામનો કરવો પડ્યો હતો. ઘૂંટણસમા પાણી ભરાતા લોકોને ઘરની બહાર નિકળવું મુશ્કેલ બન્યું હતું.

અમરેલીના લીલીયા મોટા સહિત આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં સતત બીજા દિવસે ધોધમાર વરસાદ વરસ્યો હતો. ગત રાત્રીના એક કલાકમાં સાડા ત્રણ ઇંચ વરસાદ નોંધાયો હતો અને આજે સવારથી મેઘો ફરી વરસતા ખેડૂતોમાં ખુશી છવાઇ હતી અને શહેરીજનો પાણી ભરાવાની સમસ્યાથી કંટાળી ગયા હતા. મુખ્ય બજારમાં નદીઓની માફક વરસાદી પાણી વહેતા વેપારીઓ અને ગ્રાહકોને હાલાકી પડી હતી. ખેડૂતોના પાકને જીવતદાન મળ્યું છે અને પાક ખીલી ઊઠયો છે. આસપાસના ગામડામાં પણ વરસાદ વરસ્યો હતો. વડીયા, બગસરા શહેર સહિત સાપર, મુંજયાસર, અરજણ સુખ, રામપુર, તોરી સહિતના ગામડામાં વીજળીના કડાકાભડાકા સાથે વરસાદ વરસ્યો હતો. સાવરકુંડલાના આંબરડી સહિતના ગામડામાં વરસાદ ખાબક્યો હતો. ચલાલા શહેરમાં ધોધમાર વરસાદ ખાબક્યો હતો. રાતે મોટાભાગના વિસ્તારમાં વરસાદી માહોલ જામ્યો હતો. વરસાદના કારણે નદીઓમાં નવા નીરની આવક થઈ અને ચેકડેમો છલકાઈ ગયા છે.

# પાટણ જિલ્લામાં ઇ-કેવાયસી માટે લાંબી લાઈનોઃ સર્વર ડાઉન હોવાથી લોકોને હાલાકી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પાટણ જિલ્લામાં ફરી એકવાર કોરોના કાળ જેવી સ્થિતિનું નિર્માણ થયું હોય એવી સ્થિતિ જોવા મળી રહી છે. જિલ્લાની તમામ મામલતદાર કચેરીઓમાં ઇ-કેવાયસી માટે ફરી એકવાર લોકો લાંબી લાઈનોમાં ઊભા રહેવા મજબૂર બન્યા છે.

પાટણ જિલ્લામાં આવેલી મામલતદાર કચેરીમાં ફરી એકવાર લોકોને ઇ-કેવાયસીની મજબૂરીએ લાઈનો લગાવવા માટે મજબુર કર્યા છે. ડિજિટલ ગુજરાતમાં સરકારના એક નિર્ણયએ ફરી લોકોને લાઈનોમાં ઊભા રહેવા મજબુર કર્યા છે. પાટણની તમામ સરકારી કચેરીઓમાં લોકો રેશન કાર્ડમાં ઇ-કેવાયસી, નામ કમી તેમજ ઉમેરવા માટે અને બાળકોને શાળામાંથી મળતી શિષ્યવૃતિ માટે આધાર કાર્ડ લીંક કરાવવા લાઈનો ઊભા રહેવા લાગ્યા છે.

છેલ્લા ચાર દિવસથી લોકો કામ ધંધો બંધ કરીને ઇ-કેવાયસી કરાવવા માટે ધક્કા ખાઈ રહ્યા છે, જેનું મુખ્ય કારણ છે કે મામલતદાર કચેરી ખાતે સર્વર ડાઉન હોવાથી લોકોને કલાકો ઊભા રહેવા છતાં નંબર ના આવતા ધક્કા ખાવા પડે છે. જેથી લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

આજે ફરી એકવાર રેશનકાર્ડમાં ઇ-કેવાયસી કરાવવા લોકો લાઈનોમાં લાગ્યા છે અને વારંવાર સર્વર ડાઉન હોવાથી લોકો સવારથી છેક સાંજ સુધી લાઈનોમાં ઉભા રહેવા મજબૂર બન્યા છે. પાટણ મામલતદાર કચેરીએ લાગેલી ભીડ માટે તંત્ર દ્વારા લોકો માટે વ્યવસ્થા ન કરતા લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે.

અહીંયા નથી પંખા કે પાણી પીવાની સગવડ, જેથી લોકોના હાથમાં રહેલા ડોક્યુમેન્ટ દ્વારા લોકો ગરમીથી રાહત મેળવવા માટે હાથ વડે પંખો નાખતા જોવા મળ્યા હતા. ઇ-કેવાયસીની મજબૂરીએ લોકોને કામ ધંધો છોડી ભાડા ખર્ચીને ધક્કો ખાવા મજબૂર કર્યા છે. ફરી એકવાર ઇ-કેવાયસીની સાથે રેશનકાર્ડમાં નામ સુધારા વધારા તેમજ શાળામાંથી મળતી શિષ્યવૃત્તિ માટે આધારકાર્ડ લીંક કરવા માટે નાનાથી લઈ મોટા લોકો લાઈનોમાં લાગ્યા છે. ક્તારોમાં કલાકો ઊભા રહેવા છતાં કોઈ કામ ન થતાં તેમજ સગવડના અભાવ સામે લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

# મોરબીના ૩૧ ગામડામાં નર્મદાના વીજ કનેકશનના ધાંધિયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મોરબી શહેરના ચાર વોર્ડ તેમજ ૩૧ ગામડાઓને જ્યાંથી નર્મદા યોજનાનું કનેક્શન આપવામાં આવ્યું છે તે ગેરકાયદેસર હોવાનું જણાવી આ કનેક્શનને કારણે જામનગર સુધી નર્મદાના પાણી ન પહોંચતા હોવાથી ગુજરાત રાજ્ય પાણી પુરવઠા વિભાગના જ જીડબ્લ્યુઆઇએલ વિભાગે મુખ્ય જોડાણ કાપવા તૈયારીઓ કરતા ટંકારાના ધારાસભ્ય સહિત આગેવાનો દોડી ગયા હતા અને પહેલા વૈકલ્પિક વ્યવસ્થા કરવા તાકીદ કરી હતી.

મોરબીના પંચાસર રોડ ઉપર જીડબ્લ્યુઆઇએલ એટલે કે ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડની જામનગર જતી મુખ્ય નર્મદા પાણી પુરવઠા યોજનાની લાઈનમાંથી મોરબી નગરપાલિકા તેમજ મોરબી અને માળીયા તાલુકાના ૩૧ ગામોને પાણી આપવામાં આવી રહ્યું હોવાથી જામનગરના ગામડાઓ સુધી પાણી ન પહોંચતું હોવાનું જણાવી જીડબ્લ્યુઆઇએલ દ્વારા કનેક્શન કાપવા માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ટંકારાના ધારાસભ્ય તેમજ નગરપાલિકાના આગેવાનો અને જિલ્લા પંચાયતના પદાધિકારીઓ બનાવ સ્થળે પહોંચી ગયા હતા અને મુખ્યપ્રધાનથી લઈ પાણી પુરવઠાપ્રધાનને રજૂઆત કરી કામગીરી અટકાવી હતી. વાલ્વ નંબર ૨૫માંથી મોરબી નગરપાલિકાના ચાર વોર્ડના ૨૫૦૦૦ નાગરિકો અને ૩૧ ગામના ૫૦ હજાર લોકો સહિત ૭૫ હજાર લોકોને પાણી આપવામાં આવી રહ્યું હોય જીડબ્લ્યુઆઇએલની અચાનક કાર્યવાહીથી આ તમામ વિસ્તારમાં મુશ્કેલી ઊભી થાય તેમ હોવાથી મુખ્ય પ્રધાન અને પાણી પુરવઠાપ્રધાનને રજુઆત કરી કામગીરી અટકાવી દેવામાં આવી હતી. આ વાલ્વમાંથી મોરબીના નાની વાવડી, બગથળા, જેપુર, ખીજડીયા વનાળીયા, માધાપરઓજી, તેમજ પીપળીયા ચાર રસ્તા સંપથી અન્ય ૧૮ ગામોને પાણી આપવામાં આવી રહ્યું છે જેથી આ મામલે ઉચ્ચકક્ષાએ રજૂઆત કરી કનેક્શન કાપવાની કામગીરી અટકાવવામાં આવી હતી.

# રાજકોટમાં નબીરાઓએ કાર સાથે જોખમી સ્ટંટ કરી રિલ્સ બનાવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટમાં કાયદાને ઘોળીને પી જતા નબીરાઓ સામે આવ્યા છે. જાહેરમાં જન્મદિવસે કેક કાપીને ફટાકડા ફોડ્યા હતા. નબીરાઓએ ફટાકડા ફોડી કાર પર કેક કાપી હતી. કેક કાપ્યા બાદ કાર સાથે જોખમી સ્ટંટ કરવામાં આવ્યા હતા અને સ્ટંટ કરી રીલ બનાવી ઇન્સ્ટાગ્રામ પર પોસ્ટ કરી હતી. પોલીસે કારના નંબર પ્લેટના આધારે તપાસ શરુ કરી છે. રાજકોટ શહેરમાં કાયદાને ઘોળીને પી જતા નબીરાઓ બેફામ બન્યા છે. નવા રિંગ રોડ પર મોંઘી કાર સાથે કેક કાપી અને કાર સાથે સ્ટંટ કર્યા હતા. નબીરાઓએ ફટાકડા ફોડી કાર પર કેક કાપી હતી. ત્યારબાદ આવાસ યોજના પાસે કાર ગોળ ફેરવીને સ્ટંટ કર્યા હતા. રસ્તા પોતાના હોય તેમ નબીરાઓએ રસ્તા ઉપર કાર રાખી જન્મદિવસની ઉજવણી કરી હતી. તેમજ સોશ્યલ મીડિયામાં આ રીલ્સ મૂકવામાં આવી છે. પોલીસે કારના નંબર પ્લેટના આધારે કાર્યવાહી શરૂ કરી છે.

અગાઉ સુરતમાં પોલીસ કમિશનર દ્વારા જાહેરમાં જન્મદિવસ સહિતની ઉજવણી પર પ્રતિબંધ મૂકતું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું હોવા છતાં ઘણા નબિરાઓ કાયદાના ધજાગરા ઉડાવતા હોય તેવા કિસ્સા બહાર આવ્યા હતા. થોડા દિવસો પહેલા લિંબાયત વિસ્તારમાં રોડ પર રાત્રિના સમયે કેક કાપીને જન્મદિવસની ઉજવણી કરવામાં આવી હતી. લિંબાયત મીઠીખાડી વિસ્તારમાં રસ્તા પર એકથી વધુ કેક કાપીને જન્મ દિવસ ઉજવ્યાનો વીડિયો વાયરલ થયો હતો. કેક કાપવાના સેલિબ્રેશન વખતે યુવક અને તેના મિત્રોએ ફીણવાળા ફુવારાથી એકમેકને રંગ્યા હતા. મસ્તી કરતાં યુવકોએ જાહેરમાં ફટાકડા પણ ફોડ્યા હતા. અગાઉ પણ આ રીતે જન્મદિવસ ઉજવનારા તત્વોની શાન ઠેકાણે લાવવામાં આવી હતી.

# અંજારના હેલ્થ ઑફિસરને હનીટ્રેપમાં ફસાવીને 30 લાખની માગણી કરાતા તબીબી આલમમાં ચકચાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના અંજારના તાલુકા હેલ્થ ઑફિસર તરીકે છેલ્લાં ૧૪ વર્ષથી કાર્યરત ૫૮ વર્ષિય ડો. રાજીવ એ. અંજારીયાને હની ટ્રેપમાં ફસાવી, તેમની અશ્લીલ વીડિયો ક્લિપ દ્વારા બ્લેકમેઈલ કરીને ૩૦ લાખ રૂપિયા પડાવવા પ્રયાસ થતાં કચ્છ સહિત રાજ્યભરના તબીબી આલમમાં ભારે ચકચાર મચી ગઈ છે.

ડો.રાજીવે પોલીસને જણાવ્યું હતું કે, ગત ૧૭મી ઑગસ્ટે અજાણ્યા નંબર પરથી તેમને વોટસએપ મેસેજ મળ્યો હતો. મેસેજ મોકલનારે પોતાનો ફોટો મોકલી નામ નર્મદા દિનેશ વાળંદ હોવાનું જણાવી તેને આશા વર્કર તરીકે મેઘપરમાં કામ કરવું હોવાનું જણાવ્યું હતું. ડો. અંજારીયાએ કોઈ પ્રત્યુત્તર ના વાળતાં નર્મદાએ તેમને ફોન કરીને ફરિયાદીની અંજાર ઑફિસે રૂબરૂ મળવા ઈચ્છતી હોવાનું જણાવી બપોરે ત્રણ વાગ્યે રૂબરૂ મળવા આવી હતી.

ત્યારબાદ નર્મદાએ ફરિયાદીને સવાર સાંજ પોતાના ફોટોગ્રાફ સાથે ગુડ મોર્નિંગ અને ગુડ નાઈટના મેસેજ મોકલવાનું શરુ કરીને પરિચય વધુ ઘનિષ્ઠ બનાવવાનું શરુ કરી દીધું હતી. એકવાર તે રુબરુ ઑફિસે પણ આવી હતી અને તેમની સાથે વોટસએપ કોલ પર પણ અવારનવાર વાતચીત કરતી હતી. નર્મદા ફરિયાદીને અવારનવાર ઘરે ચા-પાણી માટે બોલાવતી રહેતી હતી.

ગત શનિવાર ૨૧ સપ્ટેમ્બરે સવારે નર્મદાએ પોતે હાલ અંતરજાળ ખાતે રાજનગરમાં માતા પિતાને ઘેર રોકાવા આવી હોવાનું કહી માતા પિતા પણ મળવા ઈચ્છતાં હોવાનું જણાવી ફરિયાદીને ઘેર બોલાવ્યાં હતાં. ફરિયાદી ઘેર ગયાં ત્યારે તેના માતા પિતા હાજર નહોતાં. નર્મદાએ તેમને રુમમાં બેસાડીને ચા પાણી પીવડાવ્યાં હતાં અને પછી અચાનક તેના ઉપરનાં વસ્ત્રો કાઢી નાખ્યાં હતાં. એટલામાં દિનેશ નામનો નર્મદાનો કહેવાતો પતિ અચાનક ઘરમાં આવી ચઢ્યો હતો.

‘તેં મારી જિંદગી બરબાદ કરી નાખી’ કહીને દિનેશે ફરિયાદીને બે ત્રણ મુક્કા માર્યા હતા. ‘હવે તો તને નહીં છોડું’ કહીને ફરિયાદીનો શર્ટ ઉતારાવી, બાજુમાં નર્મદાને બોલાવી બંનેની વીડિયો ક્લિપ રેકોર્ડ કરી લીધી હતી. ત્યારબાદ દિનેશે વીડિયો ક્લિપ વાયરલ કરવાની અને બળાત્કારની ખોટી ફરિયાદ નોંધાવવાની ધમકી આપીને ફરિયાદી પાસે પતાવટ પેઠે ૩૦ લાખ રૂપિયાની માગણી કરી હતી. ફરિયાદીએ ઑફિસે જઈ તત્કાળ પચાસ હજાર રુપિયા આપવાનું અને બાકીના નાણાં વ્યવસ્થા કર્યા બાદ આપવાનું કહ્યું હતું.

ગુલામ હાજી ઊર્ફે દિલીપ વાળંદ ફરિયાદી અને નર્મદાને પોતાની સ્વિફ્ટ કારમાં બેસાડીને ફરિયાદીની ઑફિસે ગયો જ્યાં ફફડી ગયેલા તબીબે પોતાની પાસે રહેલી ચેકબૂકમાંથી પચાસ હજાર રૂપિયાનો બેરર ચેક લખીને પ્યૂનને બેન્કમાં જઈ નાણાં લઈ આવવા મોકલ્યો હતો. ગુલામે ફરિયાદી પાસેથી પાંચ પાંચ લાખ રુપિયાની રકમ લખાવી, સહી કરાવીને ૬ ચેક પડાવી લીધા હતા. એટલું જ નહીં અન્ય બે કોરાં ચેકમાં પણ સહી કરાવી પડાવી લઈ મંગળવાર સુધીમાં બેન્કમાં રુપિયાની વ્યવસ્થા કરાવી દેવાની ધમકી આપેલી. પ્યૂન બેન્કમાંથી નાણાં લઈને આવ્યો તે પચાસ હજાર રુપિયા લઈને ગુલામ નર્મદા સાથે નીકળી ગયો હતો.

મંગળવારે ગુલામે ફરિયાદીને વોટસએપ કોલ કરીને નાણાંની ઉઘરાણી કરી ત્યારે ભોગ બનનારને નાણાંની વ્યવસ્થા ના થઈ શકી હોવાનું જણાવતાં બુધવાર સુધીમાં રુપિયાની વ્યવસ્થા કરાવી દેવાની નહિતર બળાત્કારની ખોટી ફરિયાદમાં ફીટ કરાવી દેવાની ધમકી આપી હતી. બનાવ અંગે ફરિયાદીએ પોતાના બનેવીને સમગ્ર વાત કરી હતી અને બાદમાં ફરિયાદ લખાવવા મોડી રાત્રે આદિપુર પોલીસ મથકે પહોંચ્યા હતા.

ડો.અંજારીયાની ફરિયાદ પરથી આદિપુર પોલીસે અંતરજાળના રાજનગરમાં રહેતી નર્મદા દિનેશ વાળંદ અને તેના કથિત પતિ દિનેશ વાળંદ ઊર્ફે ગુલામ હાજી વિરુદ્ધ ગુનો નોંધી તપાસ શરુ કરી છે.

# રાજકોટમાં વસાહતીઓનો મનપા પર મોરચોઃ પીપીપી નામે બિલ્ડરને જમીન આપવાનો આક્ષેપ



(તસ્વીરઃ પ્રવિણ સેદાણી)

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટમાં ગઈકાલે બુધવારે મનપા દ્વારા ભવાનીનગરમાં કરવામાં આવેલા ડિમોલેશનના વિરોધમાં આજે સ્થાનિક વસાહતીઓએ મનપા કચેરી સામે મોરચો ખોલ્યો હતો. તેમજ કરોડોની જમીન સરકાર પીપીપી મોડેલના નામે બિલ્ડરને પધરાવી દેવાનો કારસો કરી રહી હોવાનો આક્ષેપ કર્યો હતો. રાજકોટના નાનામવા રોડ ઉપર આવેલા ભીમનગરના ૧૫૦૦ કરતાં વધુ દલિત સમાજના લોકોએ જય ભીમના નારા સાથે મનપા કચેરી સુધી કૂચ કરી હતી તેમજ કચેરીએ પહોંચતા કચેરીના બધા દરવાજા બંધ કરી ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. જોકે દલિત સમાજના લોકોનો રોષ યથાવત્ રહ્યો હતો. ભારે સૂત્રોચ્ચારને લીધે મનપા કચેરીમાં અફરાતફરી મચી ગઇ હતી બીજી બાજુ મ્યુનિ. કમિશનર ખૂદ બહાર આવ્યા હતા અને આગેવાનોને મળીને સમગ્ર મામલે સ્થાનિકોનાં હિતને ધ્યાનમાં રાખી યોગ્ય નિર્ણય લેવા ખાતરી આપતાં મામલો થાળે પડ્યો હતો.

ભીમનગર વિસ્તારની જમીન પીપીપી ધોરણે બિલ્ડરને સોંપવા માટે રાજકોટ મનપા દ્વારા પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે, જેમાં અંદાજિત રૂપિયા ૭૦૦ કરોડની જગ્યા બિલ્ડરને સોંપવા કવાયત્ શરૂ કરવામાં આવી છે. માત્ર રૂ. ૧૦૩ કરોડના પ્રીમિયમમાં જમીન આપવા લેન્ડ ડિસ્પોઝલ કમિટીને રિપોર્ટ કરાયો હોવાની જાણ થતાં મોટી સંખ્યામાં અનુસૂચિત જાતિના લોકોને લઈ પૂર્વ ધારાસભ્ય સિદ્ધાર્થ પરમાર કોર્પોરેશન કચેરીએ પહોંચ્યા હતા.

# કેશોદના યુવાનનું આફ્રિકામાં શંકાસ્પદ મોતઃ ૧૭ દિવસે મૃતદેહ વતનમાં લવાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જૂનાગઢ જિલ્લાના કેશોદના એક યુવાનું આફ્રિકામાં શંકાસ્પદ મોત થયું હતું. કેન્દ્રીય પ્રધાન મનસુખભાઈ માંડવીયા તેમજ મૂળ ભારતના આફ્રિકામાં વસતા આગેવાનોની મદદથી યુવાનના મૃતદેહને વતન લાવવામાં આવ્યો હતો.

કેશોદ જૂની બજાર સંઘી શાળા નજીક રહેતાં ૨૫ વર્ષિય મોહમ્મદ યુસુફ અલી હુસેન મલેક ૩૩ મહિના પહેલાં ૩ વર્ષના કરાર પર આફ્રિકાના કોંગોની રાજધાની કિનહાસા શહેરમાં ધંધા રોજગાર માટે ગયો હતો. ત્યાં તે એક હાર્ડવેરની શોપમાં કામ કરતો હતો. તેનો કોન્ટ્રાક્ટ પૂરો થતાં ભારત પરત ફરવાના માત્ર ૨ મહિના બાકી હતા. તે પહેલાં ૨ સપ્ટેમ્બર ૨૪ના રોજ તેમનું કિનહાસા શહેરમાં રહસ્યમય સંજોગોમાં મોત નિપજ્યું હતું. જેની જાણ થતાં પરિવારજનો શોકમગ્ન બન્યા હતા.

આથી યુવકનો મૃતદેહ કિનહાસાથી કેશોદ લાવવા જૂનાગઢ મુસ્લિમ એકતા મંચ અધ્યક્ષ અને આગેવાન ઇમ્તિયાઝ પઠાણ દ્વારા રાત - દિવસ પ્રયાસો હાથ ધરાયાં હતાં. જેમાં તેમણે સૌપ્રથમ આફ્રિકામાં ભારતીય દૂતાવાસના અધિકારી વિષ્ણુ દયાલનો સંપર્ક કરી તેમને સમગ્ર ઘટના અંગે વાકેફ કરાયા હતા.

અંતે ૧૭ દિવસની મહેનત બાદ મૃતક મોહમ્મદ યુસુફના પાર્થિવ શરીરને હવાઈ માર્ગે ઇથોપિયાથી મુંબઈ, રાજકોટ બાદ કેશોદ લાવવામાં આવતાં વાતાવરણમાં આક્રંદ છવાયું હતું.

મૃતક મોહમ્મદના પરિવારમાં તેનો નાનો ભાઈ અને તેની માતા એમ મળી કુલ ૩ સભ્યો હતાં. જયારે તેના પિતાનું ૧૧ વર્ષ પહેલાં અવસાન થયું હતું. આ આઘાતજનક ઘટનાથી પરિવાર પર આભ ફાટી પડ્યું હતું.

# ભાવનગરમાં આરોપી કોર્ટમાંથી ફરાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ શહેરના કુંભારવાડા વિસ્તારમાં રહેતા શખ્સ ઉપર બોરતળાવ પોલીસ મથકમાં નોંધાયેલ ફોજદારી ગુનાના કામનું પકડ વોરંટ નીકળેલ હોય આ વોરંટ રદ કરાવવા માટે વકીલ મારફત અરજી કરી જામીન કે મુચરકા આપ્યા વગર કોર્ટમાંથી નાસી છૂટ્યો હતો.

પ્રાપ્ત વિગત મુજબ ભાવનગરના ત્રીજા એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટમાં ગઈકાલે બોરતળાવ પોલીસ મથકમાં નોંધાયેલ કેસમાં આરોપી નરેશ ઉર્ફે નરીયો શામજીભાઈ સોલંકી (રહે. કુંભારવાડા સર્કલ, શેરી નં-૩, માઢીયા રોડ, રામદેવપીરના મંદિર પાછળ) આ કેસ સંદર્ભે તેની ઉપર પકડ વોરંટ ચાલતું હોય અને તેની મુદતે તેના વકીલ મારફત કોર્ટમાં હાજર થયો હતો અને વોરંટ રદ કરવા માટે અરજી આપી હતી. આ અરજી અન્વયે પ્રિસાઈન્ડીંગ ઓફિસરે આરોપીને રૂ.૫૦૦૦ રોકડા જામીન અને તેટલી જ રકમના જામીન તથા જાત મૂચરકા રજૂ કર્યેથી પકડ વોરંટ રદ કરવાનો હુકમ કરેલ અને આરોપીને જ્યાં સુધી જામીન તથા મૂચરકા ન આપે ત્યાં સુધી કોર્ટ રૂમમાં બેસવા જણાવ્યું હતું. દરમિયાન નરેશ સોલંકી જામીન, જાત મુચારકા કે કોર્ટની પરવાનગી મેળવ્યા વગર તેની ઉપર પકડ વોરંટ ચાલતું હોવા છતાં કોર્ટમાંથી નાસી ગયો હતો.